



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

પોષ વદ -૨ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૫-૧-૨૦૨૫ – બુધવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૧૨૩ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

લેડીઝ નર્સિંગ સ્ટાફ જોઈએ છે
હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર





## મકરસંક્રાતિના શાહીસ્નાનમાં ભકતોનો મહાસાગરઃતલવાર,ત્રિશુલ, ગદા સાથે સાધુ-સંતો સન્યાસીઓનો અલગ અંદાજઃ હર હર ગંગે-મહાદેવનો જયઘોષ

પ્રયાગરાજનાં મહાકુંભમાં મંગળવારે મકર સંક્રાતિનું પ્રથમ શાહીસ્નાન યોજાયુ હતું. શહેરના તમામ માર્ગો ગંગાઘાટ તરફ હોય તેમ સર્વત્ર હર...હર ગંગેના જયઘોષ હતા.સાડા ત્રણ કરોડથી વધુ ભકતોએ ગંગામાં પવિત્ર ડુબકી લગાવી હતી. સૌ પ્રથમ મહાનિર્વાણી તથા અટલ અખાડાના સાધુઓએ અમૃત સ્નાન કર્યું હતું અને તે સાથે જ હર-હર મહાદેવના ઉદઘોષથી અભૂતપૂર્વ માહોલ સર્જાયો હતો. સાધુ સંતો હાથમાં તલવાર, ગદા, ત્રિશુલ, જેવા જુદા જુદા શસ્ત્રો પહોંચ્યા હતા અને અલગ -અલગ અંદાજમાં જોવા મળ્યા હતા. નાગા સન્યાસીઓની સાથે વિદેશી શ્રધ્ધાળુઓએ પણ આકર્ષણ જમાવ્યુ હતું. મહાકુંભમાં સાડા ત્રણ કરોડથી વધુ ભાવિકોએ શાહીસ્નાન કર્યું હતું.મકર સંક્રાતિએ પરોઢથી રાત સુધી ભાવિકોનો પ્રવાહ યથાવત રહ્યો હતો અને અદભુત ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.હવે પછીનું શાહીસ્નાન ૨૯ જાન્યુઆરીએ થશે.

### મકર સંક્રાતિના અમૃત સ્નાનમાં અલૌકિક માહોલ

# મહાકુંભમાં ૩.૫૦ કરોડ ભાવિકોનું શાહીસ્નાનઃ ઠંડીથી છ લોકોના મોત

પ્રયાગરાજ તા.૧૫

પ્રયાગરાજ મહાકૂંભમાં મકર સંક્રાતિના મહા શાહીસ્નાનમાં કડકડતી ઠંડી વચ્ચે પણ શ્રધ્ધાનો સમંદર ઘુઘવ્યો હતો.સાડા ત્રણ કરોડથી વધુ ભાવિકોએ પવિત્ર ડુબકી લગાવી હતી અને સર્વત્ર હર હર ગંગે અને મહાદેવનાં જયઘોષ સાતે અલૌકીક માહોલ સર્જાયો હતો. કાતિલ ઠંડીથી હાર્ટએટેક જેવી ઘટનાઓમાં છ શ્રધ્ધાળુઓના મોત થયા હતા અને અનેકને આરોગ્ય સમસ્યા સર્જાતા સારવાર આપવામાં આવી હતી.

### એનસીપી નેતા, નાગા સન્યાસી સહીત ૬ના હાર્ટએટેકથી મોતઃ કડકડતી ઠંડીમાં ૩૦૦૦ લોકો બિમાર પડયાઃ ૫૭ ને હોસ્પીટલમાં ખસેડાયા

મહાકુંભમાં મકર સંક્રાતિના પ્રથમ શાહી સ્નાનમાં ગઈકાલે સુર્યોદય પૂર્વે જ સનાતન ધર્મનાં ધ્વજવાહન ૧૩ અખાડાઓનાં સાધુસંતો તથા નાગા સન્યાસીઓ અમૃત સ્નાન માટે પહોંચી ગયા હતા સૌ પ્રથમ મહાનિર્વાણી તથા અટલ અખાડાનાં સન્યાસીઓએ અમૃતસ્નાન કર્યું હતું અને ત્યારબાદ ક્રમવાર ૧૩ અખાડાનાં સાધુ સંતોએ ગંગામાં ડુબકી લગાવી હતી. ગંગાસ્નાન બાદ પરત ફરતા સન્યાસીઓની ચરણરજ

### નાગા સન્યાસીઓએ પ્રથમ શાહીસ્નાન કર્યા બાદ દિવ્ય શરૂઆત થઈઃ સુર્યોદયથી રાત સુધી શ્રદ્ધાળુઓનો સાગર ઘુઘવ્યોઃ હેલીકોપ્ટરમાંથી પુષ્પવર્ષા

(અનુસંધાન છઠ્ઠા પાને)

### કલ્પવાસમાં લોરેન પોવેલ જોબ્સ બિમાર પડી ગઈ

વિદેશી અબજોપતિ ઉદ્યોગપતિ સ્ટીવ જોબ્સના પત્નિ લોરેન પોવેલ જોબ્સ પણ મહાકુંભમાં કલ્પવાસ માટે આવ્યા છે પરંતુ બીજા દિવસે જ તે બિમાર પડી ગઈ હતી. નિરંજની અખાડાના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી કૈલાશાનંદગીરીએ કહ્યુંકે લોરેનના હાથ થીજી ગયા છે અને એટલે અમૃત સ્નાન કરી શકી નથી.

### મકરસંક્રાંતિ પર રાજકોટને ‘ઉડતાં પંજાબ’ બનાવે તે પહેલાં એસઓજી ત્રાટકી

# રાજકોટમાંથી ઈતિહાસમાં પ્રથમ વખત સૌથી મોટો રૂા.૧૮.૧૪ લાખનો હેરોઈનનો જથ્થો ઝડપાયો

### કુવાડવા રોડ પર ડી માર્ટ પાસે રાજસ્થાનથી સપ્લાય કરવા આવેલા ખેપીયા પાસેથી હેરોઈન રિસીવ કરતાં નોનવેજના ધંધાર્થી ફેજલ ચૌહાણને એસઓજીની ટીમે દબોચી લીધાંઃ ૩૬૨.૯૫ ગ્રામ ચરસ સહિત રૂ.૧૮.૨૯ લાખનો મુદામાલ જપ્તઃ ત્રણ માસમાં બીજી વખત ફેજલે હેરોઈન મંગાવ્યાની કબુલાત

રાજકોટ. તા.૧૫

મકરસંક્રાંતિ પર રાજકોટને ’ઉડતાં પંજાબ’ બનાવે તે પહેલાં એસઓજી ટીમે કુવાડવા રોડ પર ત્રાટકી રાજકોટમાંથી ઈતિહાસનું પ્રથમ વખત સૌથી મોટો રૂ.૧૮.૧૪ લાખનો હેરોઈનનો જથ્થો પકડી નોનવેજના ધંધાર્થી ફેજલ ચૌહાણ અને રાજસ્થાનથી સપ્લાય કરવા આવેલા ખેપીયાને દબોચી કુલ રૂ.૧૮.૨૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયાએ શહેઆ યુવાધન નશાના રવાડે ન ચડે અને નાર્કોટિક્સ પદાર્થોનું વેંચાણ અટકાવવા 'SAY NO TO DRUGS' મિશન અંતર્ગત હેઠળ માદક પદાર્થ વેંચતા શખ્સો સામે કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી એસઓજી ઈન્ચાર્જ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ

રવિરાજભાઈ કામળીયા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદીપસિંહ ચૌહાણ, કોન્સ્ટેબલ યોગેન્દ્રસિંગ ગોહિલને બાતમી મળેલ કે, ફેજલ યુસુફ ચૌહાણ નામનો શખ્સ અન્ય એક શખ્સ સાથે કુવાડવા રોડ ડી માર્ટ આગળ રોડ ઉપર ભેગા થવાના છે અને તેઓ માદક પદાર્થના જથ્થાની લેતી દેતી કરવાના છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે કુવાડવા રોડ ઉપર ડી માર્ટથી આગળ મેલડી માં ની મોજ ઓટો ગેરેજ પાસે પહોંચતા ફેજલ નામનો શખ્સ એક શખ્સ સાથે શંકાસ્પદ હાલતમાં ઉભેલ હોય

(અનુસંધાન છઠ્ઠા પાને)

### હેરોઈનની પડીકી બનાવી રૂ.૫૦૦ માં ફેજલ છૂટકમાં વેંચતો ’તો

રાજકોટ. તા.૧૫

રાજકોટના કુવાડવા રોડ પરથી રૂ.૧૮.૧૪ લાખના ચરસના જથ્થા સાથે પકડાયેલ ફેજલ ચૌહાણ નામના શખ્સે કબુલાત આપી હતી કે, તેને ત્રણ મહિનામાં બીજી વખત રાજસ્થાનથી હેરોઇન મંગાવ્યું છે અને તે અડધા ગ્રામની પડીકી બનાવી તે રૂ.૫૦૦ માં નશાખોરોને છૂટકમાં વેંચતો હતો.

### રાજસ્થાની પેડલરો ગુજરાત તરફ આવતાં શ્રમિકો મારફતે ડ્રગ્સ ઘુસાડતાં

રાજકોટ. તા.૧૩

એસઓજીની ટીમે પકડેલ સૌથી મોટા હેરોઈનના જથ્થા સાથે પકડાયેલ રાજસ્થાની શખ્સે ચોંકાવનારી કબુલાત આપી હતી કે, રાજસ્થાનમાં બેઠેલાં પેડલરો ગુજરાતમાં કામ કરવા આવતાં શ્રમિકો સાથે મુલાકાત કરી તેઓને રૂ.૩ થી ૫ હજારની લાલચ આપી ડ્રગ્સ રાજકોટ સહિત ગુજરાતમાં ઘુસાડવાની મોડ્સ ઓપરેન્ડી ધરાવે છે.

### ન્યુઝ ફલેશ

**વન-ડે ઈતિહાસનો સર્વોચ્ચ સ્કોર રાજકોટના મેદાન પર : ભારતીય મહિલા ટીમે ૪૩૫ રન ઝુડયા : બંને ઓપનરની સદી**





ગોઠણ -કમર -સાયટીકા -ડોક -ખંભા એડી તેમજ હાથ -પગનાં દુઃખાવા દવા -કસરત -ઓપરેશન વગર મટાડો
(૪ થી ૫ દિવસમાં રિઝલ્ટ)
H.G.M બોન સેટીંગ સેન્ટર
રૈયા રોડ, તુલસી સુપર માર્કેટ સામે, રાજકોટ. M. 90 8181 0190









# મહિલા કેટલી સલામત ? ગુજરાતમાં એક વર્ષમાં મહિલા હેલ્પલાઇનને ૧ લાખ કોલ

## ૨૦૧૮માં ઘરેલુ હિંસાના કોલ્સ પ૨૮૧૩ હતાં, જે ૨૦૨૪માં ૯૯૯૬૦ થયાં છે



અમદાવાદ : વેજલપુરમાં રહેતી ૨૪ વર્ષીય યુવતીએ લગભગ ત્રણ વર્ષ પહેલાં તેની સાથે કામ કરતાં વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતાં. સગર્ભાવસ્થાને પગલે યુવતીએ રાજીનામું આપ્યું ત્યાં સુધી એક વર્ષ સુધી બધું સારું હતું પછી નાણાકીય મુદ્દાઓએ દંપતી વચ્ચે ફાચર શરૂ કર્યું અને તેઓએ તેમનાં પ્રથમ સંતાનનાં જન્મ પછી છુટાછેડા લીધાં હતાં.

અભયમ ૧૮૧ સાથેનાં કાઉન્સેલરે જણાવ્યું હતું કે, ‘‘તેને તેનાં પરિવારની મરજી વિરૂધ્ધ પ્રેમ લગ્ન કર્યા હોવાથી. તે તેમની પાસે પાછા જવામાં અચકાતી હતી. તેનો પતિ તેની સાથે હિંસા કરતો હતો તે બધું સહન કરતી રહી. તેને જ્યારે તેનાં બાળકને જન્મ આપ્યો ત્યારે જ તે હેલ્પલાઇન પર આવી હતી. વુમેન્સ હેલ્પલાઈન પર ૨૦૨૪ માં એક લાખ જેટલી ઘરેલુ હિંસાની ફરીયાદો પ્રાપ્ત થઈ હતી, તે દર પાંચ મિનિટે એક કોલ જેટલી થાય છે.

**ઘરેલુ હિંસાના કોલનો હિસ્સો વધીને ૪૬ ટકા થયો**

આંકડાને જોઈએ તો, ૨૦૧૮માં ઘરેલુ હિંસાના પ૨૮૧૩ કોલ્સ નોંધાયાં હતાં. અભયમના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આનો અર્થ એ છે કે છ વર્ષમાં મદદ માટેના કોલ લગભગ બમણાં થઈ ગયાં છે. કુલ કોલ્સમાં ઘરેલું હિંસાનાં કેસોનો હિસ્સો ૨૦૧૮માં ૩૨ ટકા થી વધીને ૨૦૨૪ માં ૯૯૯૬૦ થયો જે ૪૬ ટકા જેટલો થાય છે.

અમદાવાદમાં હેલ્પલાઇનના સંયોજક ફાલ્ગુની પટેલે જણાવ્યું હતું કે લગભગ ૫૦ ટકા કોલ માટે ડિસ પેચિંગ વાહનોની જરૂર પડે છે. ‘‘બાકીના કોલર્સ પોલીસ સ્ટેશનો અથવા કાનૂની પ્રક્રિયાઓ વિશે માહિતી માંગે છે. અમે કોવિડ પછી ઘરેલુ હિંસાના વધતાં વલણને જોયા છે જે મહિલા જાગૃતિને કારણે થયો છે.

અભયમના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘરેલું ઝઘડાના કેટલાક કારણોમાં બાળકોની કસ્ટડી , કાયદા સાથેનાં વિવાદો , નાણાકીય સમસ્યાઓ અને દહેજની માંગનો સમાવેશ થાય છે. અડધોઅડધ ડિસ્ટ્રેસ કોલ પોલીસનાં હસ્તક્ષેપમાં પરિણમે છે, જ્યારે ૨૦ ટકા મહિલાઓ વન-સ્ટોપ સેન્ટર્સ પર આશ્રય લે છે અને ૧૦ ટકા સગાંઓના ઘરની પસંદગી કરે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓછા કેસોમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડે છે. જો કે , માત્ર ઓછા ટકા કેસો એફઆઈઆરએસમાં પરિણમે છે કારણ કે કોલ્સ ઘણીવાર સમસ્યાઓ ઉકેલવાના પ્રારંભિક પ્રયાસો હોય છે.

વર્ષ ૨૦૨૪ માં ૨૦૨૩ ની સરખામણીમાં ત્રણ વિશિષ્ટ કેટેગરીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે જેમાં નાણાકીય અથવા રોજગાર સમસ્યાઓમાં ૨૩ ટકા, પીછો કરવો ૧૯ ટકા, અને વાલીપણા સંબંધી સમસ્યાઓ ૧૩ ટકા. મહિલાઓ તરફથી તણાવ સંબંધિત ફરિયાદોમાં પણ ૧૨ ટકાનો વધારો થયો છે. મહિલાઓ સાથે કામ કરતી શહેર સ્થિત એનજીઓએ જણાવ્યું હતું કે તકલીફના કિસ્સાઓ નવાં નથી, મહિલાઓ વધુ અવાજ ઉઠાવી રહી છે અને ઉકેલો શોધી રહી છે.

**મહિલાઓએ ૧૮૧ પર કરેલી ફરિયાદો**

| ફરિયાદ | કરેલા ફોન | ટકા |
|---|---|---|
| ઘરેલુ હિંસા માટે | ૯૯.૯ | ૪૬ ટકા |
| સતામણી | ૩૦.૩ | ૧૪ ટકા |
| લગ્ન ઉપરાંત સંબંધ | ૧૦.૪ | ૫ ટકા |
| કાયદાકીય મામલે | ૭.૮ | ૩.૫ ટકા |
| બાળકોની કસ્ટડી | ૫.૫ | ૨.૫ ટકા |
| પીછો કરવો | ૫ | ૨ ટકા |
| **ટોટલ** | **૨૧૭** | **૧૦૦ ટકા** |

# હમાસ બંધકોને છોડવા તૈયાર! સમજુતીની નજીકઃ ટ્રમ્પનો સંકેત

## તા.૨૦ પુર્વે નહી છોડાય તો હમાસે કદી વિચાર્યુ નહી હોય તેવી સ્થિતિ સર્જાશેઃ ફરી ચેતવણી



વોશિંગ્ટનઃ પેલેસ્ટાઈનમાં હમાસની ‘કેદ’માં રહેવા ઈઝરાયેલ-વિદેશી નાગરિકોને તા.૨૦ પુર્વે મુકત કરવા અમેરિકાના ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને આપેલી ચેતવણી હવે કારગર નિવડી રહી હોવાના સંકેત છે અને ખુદ ટ્રમ્પે જાહેર કર્યુ છે કે અપહતોની મુક્તિની સમજુતી સાધવાની તૈયારી છે. શ્રી ટ્રમ્પ ચુંટાયા પછી જ જાહેર કર્યુ હતું કે જો અપહતોની સુખરૂપ મુક્તિ કરવામાં આવશે નહી તો તેમાં મધ્યપુર્વને ‘નર્ક’ જેવું બનાવી દેશે.

તેઓ તા.૨૦ના રોજ પ્રમુખપદના શપથ લઈ રહ્યા છે તે પુર્વે ગઈકાલે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું કે અપહતોની મુક્તિની સમજુતી હવે તબકકામાં છે અને હવે જો સમજુતી નહી થાય તો હમાસને એવી મુશ્કેલીનો સામનો કરવો પડશે જે કદી તેણે વિચાર્યુ પણ નહી હોય તે નિશ્ચિત છે. ટ્રમ્પે ઈરાનને નિશાન પર લેતા કહ્યું કે આ દેશ હવે ભાંગી પડયા છે તે હમાસ કે કોઈ સંગઠનોને નાણા આપી શકે તેમ નથી અને અપહતોનો મુદો છે તો આ સપ્તાહના અંત સુધીમાં તેમાં સારા સમાચાર મળી જશે.

# ભારતની આઈફોન નિકાસ ૧ લાખ કરોડને પાર

## ૨૦૨૪માં ભારતમાંથી આઈફોનની નિકાસમાં અગાઉનાં વર્ષ કરતાં ૪૨ ટકાનો વધારો થયો



નવી દિલ્હી : એપલે વર્ષ ૨૦૨૪ માં ભારતમાંથી આઈફોન નિકાસમાં ૧ લાખ કરોડનો આંકડો પાર કર્યો છે, તેની નિકાસ વાર્ષિક ધોરણે ૪૨ ટકા વધીને રેકોર્ડ ૧૨.૮ બિલિયન ડોલર એટલે કે લગભગ ૧.૦૮ લાખ કરોડને સ્પર્શી ગઈ છે.

સ્થાનિક મૂલ્યમાં આ વધારો થયો છે જે મોડલના આધારે ૧૫-૨૦ ટકા સુધી પહોંચી ગયો છે અને સ્થાનિક ઉત્પાદન લગભગ ૪૬ ટકા વધીને એક વર્ષ અગાઉ કરતાં ૧૭.૫ બિલિયન સુધી પહોંચ્યું છે.

સ્માર્ટફોન પ્રોડક્શન-લિંક્ડ ઇન્સેન્ટિવ સ્કીમની સફળતાને હાઇલાઇટ કરતી વખતે એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘ભારતમાંથી પ્રોડક્ટની નિકાસ માટે એપલની સિદ્ધિ એક વર્ષમાં સૌથી વધુ રહી છે.’’ જો સરકાર પીએલઆઇ યોજના હેઠળ લાભ ન આપે તો છૂટક કિંમતોમાં લગભગ ૬૦ ટકાનો વધારો થઈ શકે છે.

એક નિષ્ણાતો જણાવ્યું કે જો આ ગતિ જાળવી રાખવામાં આવે તો, એપલ આગામી થોડા વર્ષોમાં ૩૦ બિલિયનનું વાર્ષિક ઉત્પાદન હાંસલ કરી શકે છે, અને આઈફોન પ્રોડક્શનમાં ભારતનો હિસ્સો ૧૪ ટકા થી વધીને ૨૬ ટકા સુધી થઈ શકે છે.

એપલે વિશ્વનાં બીજા સૌથી મોટા સ્માર્ટફોન માર્કેટમાં રિટેલ વેચાણનાં પ્રયાસોને પણ વેગ આપ્યો છે જે પ્રીમિયમાઇઝેશનના માર્ગ પર છે. એપલ માટે ભારત હાલમાં પાંચમું સૌથી મોટું બજાર છે, જાપાન ત્રીજા ક્રમે છે અને યુકે ચોથા ક્રમે છે.

હવાઈ કંપનીના પુનરૂત્થાનને કારણે ચાઇના માર્કેટ શેરમાં ઘટાડાની અસરને સરભર કરવા માટે આઈફોન નિર્માતા અન્ય ઉભરતી અર્થવ્યવસ્થાઓ તરફ વળ્યાં હોવાથી સ્થાનિક સ્તરે વેચાયેલા આઈફોનના વોલ્યુમમાં આ વર્ષે પાંચમાં ભાગ સુધીનો વધારો થવાની ધારણા છે.

પ્રારંભિક ડેટા દર્શાવે છે કે ૧૨.૮ બિલિયનની નિકાસમાં એપલ કોન્ટ્રેક્ટ ફોક્સકોનનો હિસ્સો ૫૪ ટકા હતો, ત્યારબાદ ટાટા ઈલેકટ્રોનિકસનો ૨૯ ટકા , અને પેગાટ્રોનનો ૧૭ ટકા હતો.

૨૦૨૧ માં આ યોજનાની શરૂઆત થઈ ત્યારથી, એપલ દર વર્ષે ઉત્પાદન, નિકાસ અને રોજગાર સર્જન પરનાં તમામ અંદાજોને વટાવી ગઈ છે. તે ખાનગી ક્ષેત્રમાં ભારતની સૌથી મોટી અને સૌથી ઝડપથી વિકસતી, બ્લુ કોલર જોબ સર્જક બની છે, જેમાં લગભગ ૧૮૫૦૦૦ નવી નોકરીઓ છે.જેમાં ૭૦ ટકાથી વધુ મહિલાઓ છે. તમિલ નાયડુમાં આઇફોન ફેક્ટરીમાં ૪૨૦૦૦ કર્મચારીઓમાથી ૩૦૦૦૦ મહિલા કામદારો છે.

આઇફોન નિર્માતા કંપનીએ ભારતમાં વેલ્યુ એડિશન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તે સ્થાનિક કામગીરી માટે ભારતીય અને મોટાભાગે બિન-ચીની સપ્લાયર્સ સાથે મળી રહ્યું છે. એપલ ભારતમાં પણ કમ્પોનન્ટ્સ અને પેટા એસેમ્બલીનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું છે. સરકાર અને ઉદ્યોગનાં અધિકારીઓએ જણાવ્યું હતું કે તેનાં કેટલાક વિક્રેતાઓ ટૂંક સમયમાં જાહેર થનારી ઈલેકટ્રોનિકસ કમ્પોનન્ટ્સ ઈન્સેન્ટિવ સ્કીમમાં પણ ભાગ લે તેવી અપેક્ષા છે.

# સાઉદી અરેબિયાએ ટ્રાવેલ વિઝા નિયમ બદલ્યા : ‘મેનિન્જાઈટીસ’ની વેકસીન ફરજીયાત



નવી દિલ્હી તા : ૧૫ સાઉદીએ ઉમરાહ અને ટ્રાવેલ વિઝા સાથે દેશમાં આવતા પ્રવાસીઓ માટે એક નવો નિયમ જારી કર્યો છે. તેનો હેતુ દેશમાં કોઈપણ પ્રકારના ચેપી રોગના ફેલાવાનો રોકવાનો છે.

સામાન્ય રીતે દર વર્ષે લાખો ભારતીયો સાઉદી અરેબિયા જાય છે. વર્ષ ૨૦૨૨ માં લગભગ ૨.૫ મિલિયન ભારતીય નાગરિકોએ સાઉદી અરેબિયાની મુલાકાત લીધી હતી. આ આંકડો ૨૦૩૦ સુધીમાં વધીને ૭.૫ મિલિયન થવાની સંભાવના છે.

ત્યારે અહીંની સરકારે સાઉદી આવતા પ્રવાસીઓ માટે મેનિન્જાઇટિસની વેક્સિન લેવી ફરજિયાત કરી દીધી છે. એટલે તેનો અર્થ એ થયો કે, હવે અહીં આવતા પ્રવાસીઓએ મુસાફરીના ૧૦ દિવસ પહેલા મેનિન્જાઇટિસ વેક્સિન લીધી હોવાનું પ્રમાણપત્ર બતાવવું પડશે. જોકે, એક વર્ષથી ઓછી ઉંમરના બાળકોને આ નિયમમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

સાઉદી સિવિલ એવિએશન ઓથોરિટીએ એરલાઇન્સને આ નિયમનું પાલન સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. તે હેઠળ એરલાઇન્સે ચકાસવું પડશે કે, મુસાફરી કરી રહેલા તમામ મુસાફરો પાસે વેક્સિન લીધી હોવાનું પ્રમાણપત્ર છે. એટલું જ નહીં, પોલિયો રસીકરણ માટે માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવી છે.

### ટ્રાફિકજામમાંથી છૂટકારો મળશે!

# રાજકોટ સહિત ૯૪ શહેરો માટે ટ્રાફિક વ્યવસ્થાનો નવો પ્રોજેકટ

## દેશના ૧૦ લાખની વસતી ધરાવતા શહેરો માટે કેન્દ્ર સરકારનો પ્રોજેકટઃ નાણા મંત્રાલયની મંજુરી બાદ લાગુ થશે



નવી દિલ્હી : કેન્દ્ર સરકાર ટ્રાફિક જામથી પીડિત શહેરોમાં રસ્તાઓની ભીડ ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ યોજના પર કામ કરી રહી છે. રાજ્યના પાટનગરો સહિત ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા ૯૪ શહેરોમાં ટ્રાફિક જામની સમસ્યાને કાયમી ધોરણે ઉકેલવા માટે સરકારે રિંગ રોડ, બાયપાસ અને અન્ય પગલાં લેવાની યોજના બનાવી છે.તેની વિગતો નાણાં મંત્રાલયની મંજૂરી બાદ જાહેર કરવામાં આવશે. શહેરી પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ યોજનામાં રાજ્યો પણ મહત્વની ભૂમિકા ભજવશે. જમીન સંપાદનનો ખર્ચ ઉઠાવવા ઉપરાંત તેઓએ કેટલાક વધારાના પગલાં પણ ભરવા પડશે. આ પછી મંત્રાલય કોરિડોર આધારિત રોડ નિર્માણ તરફ આગળ વધશે.

આ યોજનામાં જે શહેરોની ઓળખ કરવામાં આવી છે તેમાં ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉ તેમજ વારાણસી, પ્રયાગરાજ, કાનપુર, આગ્રા, મુરાદાબાદ, ગાઝિયાબાદ, મેરઠ, બરેલી અને મધ્ય પ્રદેશમાં ભોપાલ તેમજ ઈન્દોર, જબલપુર, ગ્વાલિયર અને ઉજ્જૈનનો સમાવેશ થાય છે. છે.અધિકારીએ જણાવ્યું હતું કે ઘણી રાજ્ય સરકારો રોયલ્ટી માફ કરવા તેમજ GST માટે વળતર જેવા પગલાં માટે સંમત થઈ છે અને તેમના સકારાત્મક વલણ બાદ મંત્રાલયે તેનો પ્રસ્તાવ નાણા મંત્રાલયને મોકલ્યો છે. યોજના હેઠળ શહેરોમાં કામ અગ્રતાના ધોરણે થશે એટલે કે જ્યાં વધુ ભીડ હશે ત્યાં પહેલા કામ કરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં ત્રીસ શહેરો લેવામાં આવી શકે છે. શહેરોમાં ટ્રાફિક જામની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે રિંગ રોડ કે બાયપાસની જરૂર છે કે કેમ તે અંગેનું મૂલ્યાંકન ખુદ રાજ્યોએ કરવાનું છે. અધિકારીએ જણાવ્યું હતું કે હાઈવે એક્સપ્રેસ વે ઘણા શહેરો નજીકથી પસાર થાય છે અને તેમના સુધી પહોંચવું અનુકૂળ છે. જેના કારણે હાલના રસ્તાઓ પર દબાણો છે. તેથી, મંત્રાલય આ ૯૪ શહેરોમાં આ ઉણપને દૂર કરવા જઈ રહ્યું છે.

જામમાંથી છુટકારો મેળવવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું હશે, કારણ કે તેનાથી જૂના રસ્તાઓ પર દબાણ ઘટશે. સુરત, વડોદરા, રાજકોટ, ઔરંગાબાદ, પુણે, નાગપુર, થાણે, લુધિયાણા, અમૃતસર, નાસિક, ફરીદાબાદ, ગુરુગ્રામ, ધનબાદ, કોઈમ્બતુર, જોધપુર, કોટા અને મદુરાઈ પણ એવા શહેરોમાં સામેલ છે જ્યાં રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રી આ સમસ્યાના ઉકેલ માટે પ્રયાસો કરી રહી છે. અધિકારીએ કહ્યું કે આ યોજના હેઠળ પાઇલટ પ્રોજેક્ટ આ વર્ષે શરૂ થશે, પરંતુ તે પહેલા નાણાં મંત્રાલયના સહયોગથી નીતિને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ નીતિમાં પરિવહનની પદ્ધતિઓનું એકીકરણ પણ સામેલ છે.

# નો પાર્કીંગ સ્પેશ, નો કાર....વાહન ખરીદનારા માટે તૂર્તમાં જ નવો નિયમ

## મહારાષ્ટ્ર સરકારની પહેલઃ તીવ્ર પ્રત્યાઘાતો પડવાની શકયતા

મુંબઈ તા ૧૫ મહારાષ્ટ્ર સરકાર એક નવી નીતિ લાગુ કરવાની તૈયારી કરી રહી છે, જે હેઠળ લોકોએ કાર ખરીદતા પહેલા પાર્કિંગની જગ્યા વિશે જણાવવું ફરજિયાત રહેશે. પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈક આ પ્રસ્તાવની જાહેરાત કરી, જેનો હેતુ શહેરી વિસ્તારોમાં વધતી જતી ટ્રાફિક ભીડની સમસ્યાને નિયંત્રિત કરવાનો છે.

સરનાયકે જણાવ્યું હતું કે ગીચ વસ્તીવાળા શહેરોમાં વાહનોની વધતી સંખ્યા ટ્રાફિક જામનું મુખ્ય કારણ બની રહી છે. તેમણે કહ્યું કે લોન પર ખરીદેલા એક બેડરૂમના ફ્લેટમાં રહેતા લોકો જાહેર રસ્તાઓ પર પોતાની કાર પાર્ક કરી રહ્યા છે કારણ કે તેમની પાસે ખાનગી પાર્કિંગની સુવિધા નથી. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જાહેર સ્થળોએ વાહનોના અનિયંત્રિત પાર્કિંગથી ઘણી સમસ્યાઓ ઊભી થઈ રહી છે. તેમાં એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવી ઇમરજન્સી સેવાઓમાં અવરોધનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે ઘણી સોસાયટીઓમાં પાર્કિંગ માટે ખુલ્લી જગ્યાઓનો ઉપયોગ કરવામાં આવે છે, જે ઇમરજન્સી સેવાઓના સંચાલનમાં અવરોધ ઉભો કરે છે.

સરનાઈકે સ્પષ્ટતા કરી કે આ નીતિ આર્થિક રીતે નબળા વર્ગની વિરુદ્ધ નથી, જેમની પાસે ખાનગી પાર્કિંગ સુવિધા નથી તેઓ જાહેર પાર્કિંગ માટેના સ્થળ પર જગ્યા રિઝર્વ કરાવીને કાર ખરીદી શકે છે. અમે એવું નથી કહેતા કે ગરીબ લોકોએ કાર ન ખરીદવી જોઈએ, પરંતુ તેમણે પાર્કિંગની વ્યવસ્થા કરવી પડશે.

## આજનું ચિંતન



### પ્રભુ કૃપાનું ફળ ભુલાઇ જાય છે

ઇરાનમાં એક વખત હિંદુ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવા માટે એક મૂર્તિ લઇ જવાની હતી. મૂર્તિને ગધેડા ઉપર રાખીને વાજતે ગાજતે સરઘસરૂપે લઇ ગયા. ગધેડાને શણગારવામાં આવ્યો. રસ્તે જતા ચારેય તરફ લોકો પુષ્પવૃષ્ટિ કરતા અને મસ્તક ઝુકાવતા.

ગધેડાને થયું કે ઘણા વર્ષ પછી લોકોએ મારી સેવાની કદર કરી. તે માથું હલાવતો સૌના નમસ્કાર ઝીલતો ગયો. મંદિર પાસે પહોંચ્યા પછી તેની પીઠ પરથી મૂર્તિ ઉતારી લેવામાં આવી. ગધેડાના માલિકને મજૂરી ચુકવાઇ ગઇ કે તરત માલિકે ગધેડાને ડફણું માર્યુ. ગધેડાને આશ્ચર્ય થયું તેને એકાએક થયેલા આ પરિવર્તનનું રહસ્ય સમજાયું નહીં કે લોકોના નમસ્કાર મને નહીં પરંતુ મારા ઉપર બિરાજેલી મૂર્તિને હતા. એ સમજવાની અકકલ ગધેડામાં ન હતી કારણ કે એ પશુ ખરું ને ?

જગતમાં પણ આ પ્રકારના લોકોની કમી નથી. પ્રભુના નામે એમને માન-સન્માન મળે છે, પ્રસિધ્ધિ પ્રાપ્ત થાય છે. એમની કીર્તિ ચોમેર પ્રસરે છે. પરંતુ ત્યારબાદ જેને લીધે આ બધુંય પ્રાપ્ત થયું છે તે પ્રભુને ગૌણ કરાવી તે પોતાનું જ મહત્વ સ્થાપિત કરવા લાગે છે. ધજા ફરકાવવા માંડે છે તે સમયે તેમને ખ્યાલ રહેતો નથી કે ભગવાનનો સાથ છૂટયા પછી જગતમાં કોઇ તમારો ભાવેય પૂછવાનો નથી.

## સુવિચાર

**જીવનમાં એવું લાગવા લાગે કે મુસીબતોનો સમય ચાલી રહ્યો છે, તો એક વાત હંમેશા યાદ રાખજો કે તારાઓ અંધારા વગર ચમકતા નથી**

## અગણિત ગુણોથી સમ્પન્ન પિતાશ્રીનું જીવન

### મૂલ્યોની મહેક

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

તેઓ સ્ફૂર્ત હતા અને તેમણે પોતાના વ્યાખ્યાનો(મરલી જ્ઞાન પોઈંટ) માટે કોઈ અધ્યયન કરવાની કે તૈયારી કરવાની આવશ્યક્તા નહોતી રહેતી. તેઓ વિભિન્ન દાર્શનિક અને જટિલ વિષયોને સમજાવવા માટે ઉપાખ્યાન સંભળાવતા તથા વ્યવહારિક દ્રષ્ટાંતો આપતા હતા. આંખના પલકારે તેઓ સમસ્યાઓને સુલજાવતા હતા. પિતાશ્રી સ્પષ્ટવાદી, વિનોદપ્રિય અને નિર્ભિક હતા. તેમની તર્કશક્તિનો સ્પષ્ટ પ્રકાશ સંદેહ/શંકા અને દુર્ભાવનાઓને દુર કરી દેતા હતા. મીઠી મુસ્કુરાહટ, સારો વિનોદ અને દયાપૂર્ણ દ્રષ્ટિથી પણ તે અનેક લોકોને એવી રીતે આત્માનુભૂતિ કરાવી દેતા કે તેઓની શુધ્ધિ થઈ જતી. આમ દુનિયાદારીમાં સંયમ-નિયમ કે ભય દ્વારા જે શક્ય ન થઈ શક્તુ તે બ્રહ્માબાબા કરી બતાવતા હતા.

**એક આદર્શ ઈશ્વરીય વિદ્યાર્થી**

તેઓ ગહન, જ્ઞાનયુક્ત ઉપદેશ આપી શક્તા હતા જ્યારે કે તેમને કોઈ ખાસ સ્કૂલનું શિક્ષણ પ્રાપ્ત ન હતુ. તેની સ્પષ્ટતા અર્થે તેઓ કહેતા તે તેમના હિતમાં જ થયુ કારણ કે તેમનું મન કોઈ મતમતાંતરો અને ખોટા આડંબરોને સ્વીકાર કરતા ન હતા. તેમને ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત મનુષ્ય હોવાનો કે વિદ્વાન હોવાનો કોઈ અહંકાર ન હતો. તેઓ પોતાને એક વિદ્યાર્થી જ સમજતા હતા. તેઓ પ્રસન્નતાપૂર્વક કહેતા કે- ઈશ્વરીય વિદ્યાર્થી જીવન સર્વોત્તમ છે. ઈશ્વરના દરેક ઉપદેશોનું પાલન તેઓ પુરા હૃદયથી અને નિષ્ઠાથી કરતા હતા. આમ તેઓ એક આદર્શ વિદ્યાર્થી હતા. તેમને દૂર જંગલોમાં રહેવું અને ગેરૂ વસ્ત્ર ધારણ કરવામાં કોઈ વિશ્વાસ ન હતો. તેઓ હમેંશા કહેતા- સ્વાભાવિક બનો. આમ તેઓ એક વ્યવહારિક વિશ્વ શિક્ષક હતા. તેઓ જાણતા હતા કે મનુષ્યની મુક્તિથી સમસ્યાઓ હલ નહી થાય કારણ કે વર્તમાન આખુંયે વિશ્વ એક ‘સંકટમયી’ કગાર પર છે અને અતિ પીડાથી ચિલ્લાઈ રહેલ છે. આમ તેઓ એકલા પણ સર્વની શુધ્ધિ માટે કાર્ય કરતા રહ્યા.

**નિંદા હમારી જો કરે, સો મિત્ર હમારા હોઈ**

તેઓ આલોચકોને પોતાના મિત્ર માનતા હતા. પવિત્રતા અને ચિંતન, જ્ઞાન અને ધારણા તેમના જીવનને પ્રકાશિત કરતા હતા. સહિષ્ણુતા, અનુકંપા અને ક્ષમાશીલતાની સાકાર તેઓ મૂર્તિ હતા. તેમના વિરોધીઓએ તેમને બદનામ કરવાની પૂરી કોશિશ કરી પરંતુ તેમના હૃદયમાં તેઓ પ્રતિ કોઈ ઘૃણા ઉત્પન્ન ન થઈ. તેઓ સર્વનું ભલુ ઈચ્છતા હતા અને તેમની નિંદા કરનારને મિત્ર. તેમ સમજીને કે નિંદા કરનાર સ્વયંની અંદર રહેલ કમીઓ, કમજોરીઓ પર ધ્યાન ખેચાવે છેઅને તે રીતે ભલ ન થવા દેવા માટે આપણે સતર્ક રહીએ છીએ. આમ વિશ્વને સ્વયંના જીવનમાં ઉતારીને, ધારણામાં લાવીને ઉપદેશ આપતા હતા. જે તેમનો સર્વોત્તમ ગુણ હતો.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
પોષ વદ-૩, તા.૧૬/૧/૨૫, ગુરૂવાર

સૂર્યોદય : ૭-૩૦, સૂર્યાસ્ત : ૬-૨૨, જૈન નવકારશી : ૮.૧૮
રાશિ : કર્ક (ડ.હ.), ૧૧.૧૭થી સિંહ (મ.ટ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-તુલા, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-વૃશ્ચિક, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-ધન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** તમોએ કરેલી ભુલો સુધારવાની તક મળવાની, નોકરીમાં બદલીના ચાન્સ રહે, વિજાતીય સંબંધોમાં સાવધાની રાખવી.

**વૃષભ :** નિર્ણયો બાબત તમો ચોકકસ છો, તેવું જ માનતા કર્મચારી વર્ગને સમજવાની જરૂર છે, મિલ્કતના પ્રશ્નોમાં તક મળવાની.

**મિથુન :** તમો નકામુ ટેન્સન રાખો છો, સમયનો સાથ તમોને મળવાનો છે, તેમા શંકા નથી હરીફો પણ તમોને ઝુકવાના છે.

**કર્ક :** તમો જે ઈચ્છો છો તેના માટે થોડી રાહ જુવો, તમારી મહેનતનું ફળ મળ વાનું, આત્મવિશ્વાસ જાળવી રાખવો.

**સિંહ :** તમારા પ્રયત્નો યોગ્ય દિશામાં વાળ વાની જરૂર છે, આજના દિવસે તમો કોઈ નવું કામકાજ કરવાના મુડમાં છે.

**કન્યા :** બીજાના પ્રશ્નોને ઝડપથી સમજી શકવાની તમારી કુનેહ તમોને સફળતા અપાવે છે, નોકરી વ્યવસાયમાં અચાનક પરિવર્તન થાય.

**તુલા :** જુના પ્રશ્નોને લઈને તનાવ રહે, પિતાશ્રીનો સાથ સહકાર સારો રહે, નવી એજન્સીથી લાભ મળવાનો.

**વૃશ્ચિક :** સ્નેહી સંબંધીઓ સાથે વ્યવસાયની ચર્ચા વિચારણા થાય, નોકરીમાં મનગમતી જગ્યાની શકયતા રહે.

**ધન :** કાર્ય શકિત વધવાની, બિનજરૂરી ચર્ચા ટાળજો, સંતાનોની પ્રગતિ રહે, રોમાન્સમાં સફળતા રહે.

**મકર :** રોજિંદા કાર્યને વળગી રહેજો, ભાઈ બહેનોની સાથે સુમેળ રાખવો, મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા રહે.

**કુંભ :** સામાજિક પ્રતિષ્ઠા વધવાની રાજકીય લાભ રહે, નોકરીમાં નવી ઓફર આવે, વિદેશથી લાભ રહે.

**મીન :** આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો, ઉપરી વર્ગને સહકાર દેવો, ઉધારી ન કરવી.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | | ૫ | |
| | | ૬ | | | | | | | |
| ૭ | | | | ૮ | | ૯ | | | |
| | | | ૧૦ | | | | | ૧૧ | ૧૨ |
| | | ૧૩ | | | | ૧૪ | | | |
| | ૧૫ | | | ૧૬ | | | | | |
| ૧૭ | | ૧૮ | | | | | | ૧૯ | |
| ૨૦ | ૨૧ | | | | ૨૨ | | | | |
| ૨૩ | | | ૨૪ | | | | | ૨૫ | ૨૬ |
| | ૨૭ | | | | | | ૨૮ | | |

**આડી ચાવી**

૧. ફિલ્મ : આ રાતની સવાર નથી ! (૧૦)
૬. અણ ..., ... રાજા (૨)
૭. વાતોડીયું (૩)
૮. ડો. શિવાનંદ અર્ધ્વયુ કર્મભૂમિ (૫)
૧૦. મહેનત પછી લાગે (૨)
૧૧. ટોપી અંગ્રેજી (૨)
૧૩. મચ્છર રોકવા માટેનું સાધન (૨)
૧૪. એક તેજાનો (૪)
૧૫. અનલકકી ગણાતો અંક (૨)
૧૬. વર્તુળાકાર ફરસાણ (૩)
૧૮. જર્જરીત મકાન (૩)
૧૯. મારો ... છે કે એ આમ જ થવું હતું ! (૨)
૨૦. સુરેન્દ્રનગર પંથક (૩)
૨૨. ઈદી ..., સાપાની (૩)
૨૩. ક્રિકેટની એક કોમ્પીટીશન (૨)
૨૪. માનનું વિરોધી (૪)
૨૫. ચામડી (૨)
૨૭. એક મોટી નદી (૩)
૨૮. સાડીનો છેડો (૩)

**ઉભી ચાવી**

૧. ઈશ્વરનો વાસ - શબ્દ વિશેષ (૫)
૨. એક અટક (૩)
૩. મલાઇ માટેનો શબ્દ (૨)
૪. એક જંગલી પશુ (૩)
૫. દ્રષ્ટિમાં જ રહેવાની સજા (૫)
૮. સપ્તાહ (૨)
૯. કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા ગુજરાતી નેતા (૭)
૧૦. ગુજરાતી ... (૨)
૧૨. પસીનો (૪)
૧૩. બિહારમાંથી બનેલું રાજય (૪)
૧૬. ચમેલી રણછોડભાઇનું સંક્ષિપ્ત (૨)
૧૭. લફંગો (૩)
૨૧. આકાશ (૨)
૨૨. પુનમનું વિરોધી (૩)
૨૪. વડીલ પુરૂષ માટેનું સંબોધન (૨)
૨૫. ચામડી (૨)
૨૬. ઇશ્ક, પ્રેમ અંગ્રેજી (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ત | લ | ગા | જ | ર | ડા | | પો | લી | સ |
| લ | | મા | લ | વ | | સ | ર | | વા |
| પા | ટી | | | | ઓ | ખા | બં | દ | ર |
| પ | | આ | બો | હ | વા | | દ | વા | |
| ડ | લ | | ક | મ | ર | | ર | ઈ | સ |
| | સ | ર | સ | | ણ | | | | જા |
| મા | ણ | સ | | અ | | | કૌ | આ | |
| ળી | | મ | નો | જ | કુ | મા | ર | | બે |
| | | લા | ચ | ન | | લ | વ | ર | |
| મ | ના | ઈ | | બી | ક | ણ | | જા | દુ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

### આખો દિવસ પવન સારો રહેતા પતંગરસિયાઓને 'મોજ' રહી;રાત્રે દિવાળી જેવો માહોલ

# કાઈપો... છે...: અગાસી-ધાબા જ નહીં; રેસકોર્સ મેદાનમાં પણ પતંગ ચગાવવા પરિવારો ઉમટયા










## દિવાળી હોળી ધુળેટી ની જેમ રેસકોર્સમાં પણ ઢોલ નગારા સાથે લોકોએ પતંગ ઉડાડી

રાજકોટ, તા.૧૫

ગઈ કાલે સૌરાષ્ટ્ર કચ્છ સહિત ગુજરાતભરમાં ઉતરાયણ ના પર્વની ધામધૂમથી ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અગાસી પર સવારથી લોકોની ભીડ જામી હતી. અને ચારો તરફ કાયપો... છે... નો નાદ ગુંજી ઉઠયો હતો. લોકો ઉત્તરાયણ ના તહેવાર ને ભરપૂર રીતે માણ્યો હતો. આકાશ જાણે પતંગો થી છવાય ગયુ હતું. રંગબેરંગી પતંગો આકાશમાં ઊડી હતી. આખો દિવસ પવન સારો રહેતા પતંગ રસિયાઓને મોજ પડી ગઈ હતી. રાત સુધી પતંગ ઊડી હતી .નાના બાળકો થી લઈ મોટેરાઓએ પતંગ ઉડાડવાની મજા માણી હતી. ધાબા પર લોકો સવાર થી પતંગ ફિરકી લઈ ચડી ગયા હતા. અને પતંગ ચગાવી હતી. રાજકોટના રેસ્કોર્ષ મેદાનમાં ઉત્તરાયણ નો માહોલ જામ્યો હતો. ઉતરાયણ કરવા લોકો રેસકોર્સ ખાતે પરિવાર સાથે પહોંચ્યા હતા. અને ખુલ્લા ગ્રાઉન્ડ મા પતંગની મોજ માણી હતી. સામાન્ય રીતે દિવાળી અને ધુળેટી મા રેસકોર્સ મેદાનમાં લોકો ઉમટી પડે છે પરંતુ આ વર્ષે ઉત્તરાયણ મા પણ બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. પતંગ ઉડાડવાની સાથે ઢોલ નગારા સાથે લોકોએ ઉતરાયણનો પર્વ ઉજવ્યો હતો.ઢોલ નગારા સાથે રેસકોર્સ ના ખુલ્લા મેદાનમાં પર્વ નો માહોલ જામ્યો હતો. આ દિવસે જિંજરા, શેરડી, ઊંધિયું, ખીચડો ખાવાનું મહત્ત્વ હોય છે આથી દરેક ના ઘરોમાં ઊંધિયું બનાવવામાં આવે છે. લોકો એ સગા સંબંધી સાથે ધાબા પર ઊંધિયા અને ખીચડા ની મોજ માણી હતી. પતંગ ચગાવવા ની સાથે ડીજે પણ વગાડવામાં આવ્યું હતું. અને લોકો ડી.જે.ના તાલે જુમ્યા હતા. પતંગો ઓછી ઉડી તો અગાસીમાં લોકોએ ઢોલ નગારા સાથે રાસ રમ્યા હતા. અને મહિલાઓ ગરબા રમી ઉજવણી કરી હતી.ઉતરાયણ ની પૂર્વ સંધ્યાએ સદર બજાર મા લોકોની ભારે ભીડ જોવા મળી હતી. મોડી રાત સુધી લોકો સદર મા ઉમટયા હતાં અને પતંગ ફિરકીની ખરીદી કરી હતી. ગઈકાલે સવારે પણ લોકોની ભીડ જામી હતી છેલ્લી ઘડી સુધી પતંગ ફિરકી ની ખરીદી થઈ હતી. દિવસભર સદર બજાર માં લોકો ની ભારે ભીડ જોવા મળી હતી. બપોર સુધી પતંગ ની ખરીદી કરી હતી. ત્રિકોણબાગ ખાતે કરુણા અભિયાન હેઠળ અનેક પક્ષીઓ ની સારવાર કરવા માં આવી. પતંગ ના દોરાના કારણે ઘાયલ થયેલ અનેક પશુ પંખીઓની સારવાર કરવામાં આવી હતી. આખો દિવસ ડોક્ટરો ખડે પગે રહ્યા હતા. અનેક સેવાભાવી લોકોએ સેવા આપી હતી. સાંજ પડતાં જ ફટાકડા ફોડવામા આવ્યા હતા .રાતે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. ધૂમ ધડાકા લોકો ઉત્તરાયણનો પર્વ ઉજવ્યો હતો. રાજકોટમા

## અગાસી ધાબા પર પતંગ ઉપરાંત ઊંધિયું ભોજન અને ગીત ડાન્સ ગરબા સાથે આખો દિવસ સેલિબ્રેશન

## સાંજ ઢળતાં જ ફટાકડાના ધૂમધડાકાઃ લોકોએ મન ભરીને માણ્યો પતંગોત્સવ

અનેક અધિકારીઓ પદાધિકારીઓ રાજકીય અગ્રણીઓએ પણ ઉતરાયણ ઉજવી હતી. પૂર્વ સીએમ વિજયભાઈ રૂપાણીએ પોતાના પરિવારજનો સાથે ઉતરાયણની કરી હતી. સાંજ પડતાં રોડ પર લોકોની ભીડ જામી હતી અનેક રેસ્ટોરન્ટમાં લોકો જમવા પહોંચ્યા હતા જેના કારણે હોટલોમાં ચિક્કાર ભીડ જોવા મળી હતી. રોડ પર ટ્રાફિક જામ સર્જાયો હતો. અનેક રેસ્ટોરન્ટમાં વેઈટીંગ હતું અને લોકોએ કલાકો સુધી રાહ જોવી પડી હતી.આ દિવસે દાન કરવાનું ખૂબ મહત્વ હોય છે આથી સવાર થી રાજકોટના અનેક વિસ્તારોમાં લાગેલા પંડાલ મા લોકો દાન કર્યુ હતુ અને પુણ્ય નું ભાથું બાંધ્યું હતુ.

(તસ્વીરઃ દેવેન અમરેલીયા)

# ઉતરાયણે મોટાભાગના વિસ્તારોમાં વિજળી ડૂલ; ૧૧૧ ફીડરમાં ફોલ્ટ-ટ્રીપીંગઃ કસ્ટમર કેરમાં ૨૫૦૦ ફોન

### ખાસ તૈનાત ૨૪ ટીમો રાત સુધી દોડતી રહીઃ રૈયા રોડ-કિસાનપરા જેવા વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટ પણ થોડો વખત બંધ રહેતા હાલાકી

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં પતંગ પર્વ એવા ઉત્તરાયણે વિજતંત્રને સતત દોડવું પડ્યું હતું અને રાત સુધી અનેક વિસ્તારોમાં વિજ પુરવઠો ઠપ્પ રહ્યો હતો. ૧૦૦થી વધુ ફીડર ફોલ્ટ થતાં હતા. વિજ સપ્લાય ખોરવાયા અને તે ફરી ક્યારે પૂર્વવત થશે તેવી ઇચ્છા કરતા ૨૫૦૦થી વધુ કોલ્સ તંત્રને મળ્યા હતા.

પીજીવીસીએલના સૂત્રોએ કહ્યું કે ઉત્તરાયણે પતંગ-દોરા ફસાવવા સહિતના અનેકવિધ ઘટનાક્રમો બન્યા હતા. પરિણામે મોટાભાગના વિસ્તારોમાં સમયાંતરે વિજ પુરવઠો પ્રભાવિત થયો હતો. જો કે તંત્ર દ્વારા આગોતરી વ્યવસ્થા રાખવામાં આવી હોવાથી નાનામોટા ફોલ્ટ રીપેર કરીને શક્ય એટલી વ્હેલી તકે પુરવઠો નોર્મલ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. તંત્રને આખો દિવસ-રાત દોડવું પડ્યું હતું. રાત સુધી કેટલાક વિસ્તારોમાં પુરવઠો નોર્મલ થયો નહતો. પરિણામે લોકોએ કલાકો સુધી અંધારામાં ગાળવા પડ્યા હતા.




શિયાળાની સિઝનમાં રાત વહેલી પડી જાય છે. રૈયા રોડ, કિસાનપરા ચોક જેવા વિસ્તારોમાં તો થોડો વખત સ્ટ્રીટ લાઇટો પણ બંધ રહેતા ભારે હાલાકી ભોગવવાનો વખત આવ્યો હતો.

રાજકોટ શહેરમાં વિજ પુરવઠો ખોરવાની ૮૬ ફરિયાદો થઇ હતી. ગ્રીનલેન્ડ ચોકડી, નવાગામ, બેડીપરા, સાત હનુમાન, નવદુર્ગા ફીડરના વિસ્તારો ઉપરાંત ધરમનગર, રેલનગર, પ્રભાત સોલવન્ટ, મીરાનગર, રવિરત્ન, આલીશાન, ધર્મજીવન, સ્વાતિ પાર્ક, સર્વોદય, રણુજા, સાઇબાબા સહિત ૧૧૧ ફીડરમાં ફોલ્ટ અથવા ટ્રીપીંગ આવ્યા હતા. પરિણામે જે-તે ફીડર હેઠળના વિસ્તારોમાં પુરવઠો ખોરવાયો હતો. ક્યાંય મીનીટોમાં પૂર્વવત થઇ ગયો હતો. ત્યારે કયાંક કલાકો લાગ્યા હતા. નિર્મલા, રૈયા રોડ, કાલાવડ રોડ, સામાકાંઠા સહિતના વિસ્તારોમાં કલાકો સુધી પુરવઠો ખોરવાયેલો હતો.

સૂત્રોએ કહ્યું કે વિજ ધાંધીયા વિશે તંત્ર દ્વારા વિસ્તાર દીઠ એક-એક ફરિયાદો જ લેવાતી હોય છે, કસ્ટમર કેર વિભાગને વિજ સપ્લાય સંબંધી ૨૫૦૦થી વધુ ફોન કોલ્સ થયા હતાં.

વિજતંત્રના સૂત્રોએ એવો દાવો કર્યો હતો કે રાત સુધીમાં મોટાભાગના શહેરમાં સપ્લાય નોર્મલ કરી દેવામાં આવી હતી. વિજ ફોલ્ટની ફરિયાદો ઉકેલવા ૧૫-૧૫ની એક એવી ૨૪ ટીમો તૈનાત રાખવામાં આવી જ હતી.

# રાજકોટ જિલ્લામાં ૧૦૮ સતત દોડતી રહી; ઈમર્જન્સીમા ૨૯૬ લોકોની સારવાર કરાઈ

### છત પરથી પડી જવાના, દોરાથી ઘાયલ, મારામારી, અકસ્માતમાં ઈજા સહીતના રાજ્યમાં ઈમરજન્સીના ૫૦૦૦ કેસ નોંધાયા




રાજકોટ તા. ૧૫

સમગ્ર રાજ્યમાં મકરસંક્રાંતિની જોશભેર ઉજવણી સંપન્ન થઈ છે. ઉત્તરાયણના આ પર્વમાં આકાશમાં પતંગ ચગાવવાના આનંદ ઉલ્લાસના પર્વમાં અકસ્માતોના બનાવોનું પ્રમાણ વધારે રહેતું હોઈ રાજ્ય સરકાર દ્વારા લોકોને ઈમર્જન્સીમાં સેવા મળી રહે તે માટે ૧૦૮ દ્વારા પહેલેથી જ તૈયારી કરવામાં આવી હતી.

ગઈ કાલે રાજકોટ જિલ્લામાં ૨૯૬ જેટલા ઈમર્જન્સી કેસ હેન્ડલ કરવામાં આવ્યા હતા, જે સામાન્ય દિવસોની સાપેક્ષે ૩૭ ટકા જેટલા વધારે જોવા મળ્યા હોવાનું પ્રોગ્રામ મેનેજર ચેતન ગાધેએ જણાવ્યું છે.

જેમાં સૌથી વધુ અકસ્માતમાં છત પરથી પડી જવાના, મારામારીમાં ઈજાગ્રસ્ત થવાના, દોરાથી ઘાયલ થવાના અને વાહન અકસ્માતના બનાવો સામેલ છે. જેમાં રાજકોટમાં ૧૮ જેટલા કિસ્સામાં છત પરથી પડી જવાના, ૩૨ જેટલા કિસ્સામાં દોરીથી ઘાયલ થવાના અને અન્ય અકસ્માતના કિસ્સા વધારે જોવા મળ્યા છે. ગત રોજ રાજકોટ, અમદાવાદ, બરોડા, સુરત મહાનગર સહીત સમગ્ર રાજયમાં ૪૯૪૮ જેટલા કેસ ઓપરેટ કરવામાં આવ્યા હતાં. જેમાં સૌથી વધુ ટ્રોમા (અકસ્માત) ના ૧૧૩૬ અને વાહન અકસ્માતના ૧૦૨૦ સહીત તાવ, હૃદય, ફેફસા, પ્રસુતિ સહિતના કેસમાં ઈમર્જન્સી સારવાર પુરી પાડવામાં ૧૦૮ મદદરૂપ બની છે. ગુજરાતમાં વાસી ઉત્તરાયણનું પણ મહત્વ હોઈ આજના દિવસે પણ ૪૯૦૦ થી વધુ ઈમર્જન્સી કેસની સંભાવના હોવાનું ૧૦૮ વિભાગ દ્વારા જણાવાયું છે.

# શહેરની સુરક્ષામાં અડીખમ પોલીસ પરીવારે પતંગના પેચ લગાવ્યાઃ ઊંચી ઉડાનનો સંદેશ

### સીપી, બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ, ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી જગદીશ બાંગરવા, સજ્જનસિંહ પરમાર, પૂજા યાદવ, એસીપી, પીઆઈ સહિતના પોલીસ સ્ટાફે હેડ કવાર્ટરમાં પરીવાર સાથે ઉત્તરાયણ પર્વની મજા માણી






રાજકોટ. તા.૧૫

શહેરની સુરક્ષામાં ૨૪ કલાક અડીખમ રહેતી શહેરના પોલીસ પરીવારે પણ પતંગના પેચ લગાવ્યા હતાં અને આગામી સમયમાં લોકોની સુરક્ષા માટે શહેર પોલીસ ઊંચી ઉડાન ભરસે તેવો સંદેશ પણ આપ્યો હતો.


ગઈકાલે ઉત્તરાયણ પર્વ પર લોકોએ પતંગ ચગાવી આખો દિવસ મોજ માણી હતી. ત્યારે શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતના પોલીસ સ્ટાફે પણ પરીવાર સાથે હેડ ક્વાર્ટર ખાતે ઉત્તરાયણ પર્વની હર્ષોલ્લાસથી ઉજવણી કરી હતી. જેમાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી.સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી જગદીશ બાંગરવા, સજ્જનસિંહ પરમાર, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ, એસીપી પટેલ, આર.એસ.બારૈયા, બી.વી.જાદવ, હેડ ક્વાર્ટર એસીપી પઠાણ, ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા સહિતના પીઆઈ, પીએસઆઇ તેમજ પોલીસ સ્ટાફે પતંગનો પેચ લગાવ્યો હતો.

ઉપરાંત પોલીસ કમિશ્નર બ્રજેકુમાર ઝા એ ચાઈનીઝ દોરાથી દુર રહી, ખાસ બાળકોનું ધ્યાન રાખી પર્વને માણવા અપીલ કરી હતી. તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જેમ પતંગને આભ સુધી આંબવા માટે પવને સાથ આપ્યો તેમ લોકો પણ કાયદો અને વ્યવસ્થા જાળવી પોલીસને સાથ સહકાર આપશે તો શહેરની સુરક્ષામાં પણ પોલીસ નવી ઊંચી ઉડાન ભરસે.

## ટ્રાફિક ડિસીપી પૂજા યાદવે પતિ IAS વિકલ્પ ભારદ્વાજ સાથે પતંગના પેચ લડાવ્યાં

ઉત્તરાયણ પર્વ પર પોલીસ પરીવારે હેડ ક્વાર્ટરમાં પતંગ ચગાવી તહેવારની ઉજવણી કરી હતી. ત્યારે ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ અને તેમના આઈએએસ પતિ વિકલ્પ ભારદ્વાજ સાથે પતંગ ઉડાવી પેચ લડાવ્યાં હતા. ઉલ્લેખનીય છે કે, આઈએએસ વિકલ્પ ભારદ્વાજ હાલ જામનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવે છે.

# ક્રિકેટના મેદાન બાદ ભારત અને આયર્લેન્ડ મહિલા ક્રિકેટ ટીમે આકાશમાં પતંગના પેચ લગાવ્યા







તસવીરઃ દેવેન અમરેલીયા

રાજકોટ, તા.૧૫

ગઇકાલે ગુજરાતભરમાં ઉતરાયણનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો. સવારથી લોકો ધાબા પર ચડી ગયા હતા અને પતંગ ચગાવવાની મોજ માણી હતી. ત્યારે રાજકોટના મહેમાન બનેલ મહિલા ક્રિકેટ ટીમએ પણ ઉતરાયણનો પર્વ માણ્યો હતો. ઇન્ડિયાની મહિલા ક્રિકેટ ટીમ અને આર્યલેન્ડની મહિલા ક્રિકેટ ટીમે રાજકોટમાં રોકાણ કર્યું છે, ત્યારે તેઓએ પતંગ ઉડાડી ઉત્તરાયણ પર્વ ઉજવાયો હતો.

ગઇકાલે સવારે હોટલ સયાજીની અગાસી પર આર્યલેન્ડ અને ભારતીય મહિલા ક્રિકેટ ટીમના ખેલાડીઓ પહોંચ્યા હતા. ક્રિકેટ બાદ તેઓએ પતંગ ચગાવવામાં પણ પોતાનો હાથ અજમાવ્યો હતો. આર્યલેન્ડના ખેલાડીઓએ પણ ઉત્સાહભેર પર્વનો આનંદ માણ્યો હતો અને પતંગ ઉડાડી હતી. આ ઉપરાંત ભારતીય મહિલા ખેલાડીઓએ પણ પતંગ ચગાવી હતી અને વિરોધી ટીમની પતંગો કાપી હતી. મહિલા ક્રિકેટરોએ પણ 'કાપ્યો.....છે....કાપ્યો....'ના નારા લગાવ્યા હતા અને રંગબેરંગી પતંગો ચગાવી બન્ને ટીમોએ ઉત્તરાયણની સાથે મજા માણી હતી અને બન્ને ટીમોએ એક બીજા સાથે પેચ લગાવ્યા હતા. ક્રિકેટના મેદાન બાદ આકાશમાં પણ પતંગની મેચ જામી હતી.

ભારતીય ટીમ અને આર્યલેન્ડની ટીમ વચ્ચે પણ મેચની સીરીઝની ફાઇનલ મેચ આજે નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાઇ હતી. બન્ને ટીમો નેટ પ્રેક્ટીસ કરતા જોવા મળે છે. સાથોસાથ ઉત્તરાયણના પર્વમાં પણ બન્ને ટીમોએ હોશ અને ઉત્સાહભેર ભાગ લીધો હતો. અનેક ખેલાડીઓ પતંગ ચગાવતા જોવા મળ્યા હતા. ઉપરાંત અન્ય ખેલાડીઓએ કાપ્યો છે....ના નાદ કર્યો હતો.

**જામખંભાળિયા:** ગોકલદાસ (ભીખુભાઈ) મણીલાલ કોટેચા (સિમર, તા. ભાણવડ વાળા)ના ધર્મપત્ની નર્મદાબેન (ઉ.વ. ૮૫) તા. ૧૩ ના રોજ અવસાન પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તથા પિયર પક્ષની સાદડી બુધવાર તા. ૧૫ મી ના રોજ સાંજે ૪ થી ૪:૩૦ મહેર સમાજ વાડી, મુ. સિમર (તા. ભાણવડ) ખાતે રાખવામાં આવેલા છે.

**ગોંડલ :** પ્રફુલાબેન રાજેશકુમાર પુજારા ઉંમર વર્ષ ૬૯ તે સ્વ. ત્રિભુવનદાસ જીવરાજભાઈ પુજારા ના પુત્ર વધુ તે

# અવસાન નોંધ

રાજેશકુમાર ત્રિભોવનદાસ પુજારા ના ધર્મપત્ની તથા પલકભાઈ (ભૂરો ) તથા હિરેનભાઈ ના માતૃશ્રી તેમજ અતુલભાઇ ( વિ. ટી ઠક્કર એન્ડ કંપની ) અતુલભાઈના ભાભી તેમજ ખેરાજભાઈ પીતાંબર દાસ રૂપારેલ (ભાણવડ) વાળા ના પુત્રી તા. ૧૩.૦૧.૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે. બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૧૬.૧.૨૦૨૫ ગુરૂવારે શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન ભોજપરા ગોંડલ ખાતે રાખેલ છે.

**ગોંડલ :** સોરઠીયા રજપુત ગીતાબેન મહેન્દ્રભાઈ ચાવડા (ઉ.વ ૫૩) મહેન્દ્રભાઈ પંચાણભાઈ ચાવડા ના ધર્મ પત્ની તેમજ મિત્તલબા મહેન્દ્રસિંહ રાઠોડ, સોનલબેન ચિરાગભાઈ બારડ, રાહુલના માતૃ શ્રી નું તા ૧૩.૧.૨૦૨૫ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તારીખ ૧૭.૧.૨૦૨૫ ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાને ઉબાળા રોડ રેલવે અડરબ્રિજ પાસે મારૂતિનગર-ગોંડલ રાખેલ છે.

**મોરબી:** મોરબી નીવાસી હાલ મુંબઇ અંધેરી સ્વ રતિલાલ હેમચંદ મહેતા ના પુત્ર યોગેશભાઇ ઉ.વ ૬૪ તે નીલીશાબેન ના પતિ સિદ્ધાર્થ તથા કૃતિ ના પિતાશ્રી તાન્યા તથા પાર્થ ના સસરા પ્રથમ ના દાદા રાજેશ તથા તૃપ્તિ બીપીનચંદ કામદાર (મલેશિયા) ના ભાઇ સ્વ જસવંતલાલ ગાંધી( અમદાવાદ ) ના જમાઈ તા.૧૩.૦૧.૨૦૨૫ ના અરિહંત શરણ પામેલ છે. કિડની તથા લિવર દાન કરેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોરબી:** મૂળ ગામ બગથળા, હાલ રહે મોરબી, સ્વ. કમળાબેન વજેશંકર જોશી, જે સ્વ. વજેશંકર વિશ્વનાથ જોષીના ધર્મપત્ની અને પુત્ર ચંદ્રકાંતભાઈ, અશોકભાઈ, સ્વ. પ્રવિણભાઇ, સ્વ. મનોજભાઈ, તથા મુકેશભાઈ તેમજ ભાનુબેન ચંપકલાલ પાઠક, સરોજબેન રજનીકાંત પંડ્યા તથા સ્વ. સાધનાબેન તથા કોકિલાબેન ગીતેશકુમાર ભટ્ટના માતૃશ્રી નું તા. ૧૩/૦૧/૨૦૨૫ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. જેઓનું બેસણું તા.૧૬/૦૧/૨૦૨૫ ગુરુવારના રોજ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦ તેમના નિવાસ સ્થાન ગુ.હા. બોર્ડ, બ્લોક નં. ખ-૭૯૯, શનાળા રોડ, મોરબી મુકામે રાખેલ છે. તથા પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.



**રાજકોટ:** ગંગા સ્વરૂપ મંજુલાબેન મોહનભાઈ પાઠક (પૂર્વ શિક્ષિકા, સુચક સ્કૂલ) તે સ્વ. હેમશંકરભાઈ અને સ્વ.શાંતાબેન રાવલના પુત્રી,સ્વ. મોહનભાઈ પાઠકના ધર્મપત્ની ,સ્વ.વસંતભાઈ રાવલ,સ્વ.મધુરીબેન પંચોલી,સ્વ કોકીલાબેન યાજ્ઞિક અને પ્રદીપભાઈ રાવલના મોટા બહેન, કેતન પંચોલી,દક્ષાબેન જાની અને નયનાબેન યાજ્ઞિકના માસી તથા ઉર્વશી પંચોલીના માસીજી સાસુમાનું તા.૧૪ ના રોજ અવસાન થયું છે.તેમનું બેસણું - પ્રાર્થના સભા ગુરુવાર તા.૧૬ ના રોજ સાંજે ૫ થી ૬ સુધી હળવદ બ્રાહ્મણ બોર્ડીંગ (સરદારનગર, એસ્ટ્રોન ચોક નજીક) ખાતે રાખેલ છે.



## દુઃખદ અવસાન - બેસણું

અમારા પરિવારનાં અ.સૌ.અરૂણાબેન ભીખુભાઈ મહેતા ઉ.વ.૭૯ નું તા.૧૪-૧-૨૦૨૫નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે, પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે...

-: સદ્દગતનું બેસણું :-
તા.૧૬-૧-૨૫ ગુરુવારે બપોરે ૪ થી ૬
ઓજસ ફલોરા, દિપવન પાર્ક-૧, ગાંધી સ્કુલ પાછળ
નાના મવા મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે

સ્વ.અરુણાબેન ભીખુભાઈ મહેતા
સ્વ. તા. ૧૪-૧-૨૦૨૫

લી
ભીખુભાઈ ધનજીભાઈ મહેતા
પદ્મકાંત ભીખુભાઈ મહેતા
કમલેશભાઈ ભીખુભાઈ મહેતા
૯૪૨૬૬ ૭૭૦૮૮, ૯૩૨૭૫ ૬૬૨૫૫

## સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ.સમજુબેન ટીડાભાઈ મકવાણા
સ્વ.તા. ૧૫-૦૧-૨૦૧૮

આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ સદાય રહેશે.
આપનું નિઃસ્વાર્થ જીવન અમારા માટે હંમેશા પ્રેરણાદાયી રહેશે.
યાદોનાં પુષ્પો વડે આપીએ આપને શ્રદ્ધાંજલી.

લી.
અરૂણભાઈ ભાદાભાઈ ચાવડા (લાંબરિયા)
પરેશભાઈ અરૂણભાઈ ચાવડા (લાંબરિયા)
સંજયભાઈ અરૂણભાઈ ચાવડા (લાંબરિયા)
નિખિલ પરેશભાઈ ચાવડા (લાંબરિયા)
અભય સંજયભાઈ ચાવડા (લાંબરિયા)
(એ.બી.સી. સહકારી મંડળી, એ.બી.સી. ડેવલોપર્સ- ગ્રીન લેન્ડ ચોકડી, રાજકોટ.)

ચાવડા (લાંબરિયા) પરિવાર
પેડક રોડ, રાજકોટ.

MANISH ADS

## ૪૭ મી પુણ્યતિથીએ



જય સીયારામના બધાને જય સીયારામ
જય સીયારામ ભગત પેંડાવાલા પરિવાર રાજકોટ.

## ૧૨મી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી



કોઈ ક્ષણ એવી નથી કે જે તમારા સ્મરણથી અલીપ્ત હોય,
કોઈ શ્વાસ એવો નથી કે જયાં તમારૂ વાત્સલ્ય ન હોય,
કોઈ સફળતા એવી નથી કે જયાં તમારા આશીર્વાદ ન હોય,
આપના આશિષ થકી જ અમો સુખમય જીવન જીવીએ છીએ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. કાનજીભાઈ લીલાધરભાઈ બુધ્ધદેવ
સ્વ.તા. ૧૫-૧-૨૦૧૩ પોષસુદ-૪

લી. સ્વ. ચંદ્રીકાબેન કાનજીભાઈ બુધ્ધદેવ
શશીકાન્તભાઈ કાનજીભાઈ બુધ્ધદેવ ભારતીબેન શશીકાન્તભાઈ બુધ્ધદેવ
કિશોર કાનજીભાઈ બુધ્ધદેવ દિવ્યા કિશોરભાઈ બુધ્ધદેવ
મયંક શશીકાન્તભાઈ બુધ્ધદેવ કિષ્ના મયંકભાઈ બુધ્ધદેવ
સ્વ.જાગૃતિબેન મહેશકુમાર વસાણી ભાવનાબેન મુકેશકુમાર ભટેચા
અલ્કાબેન અતુલકુમાર ખગ્રામ કિર્તીબેન ભરતકુમાર દાવડા
કલ્પનાબેન જગદીશકુમાર રાયચુરા
ડિમ્પલ, પાર્થ, રાઘવ અને સમગ્ર બુધ્ધદેવ પરિવારના જય શ્રી કૃષ્ણ

shashi

## શ્રદ્ધાંજલી



સુમધુર સંબંધોની વાત થાય, ને તમે યાદ આવશો,
સુખ દુઃખ ના સાથની વાત થાય, ને તમે યાદ આવશો,
આઠે પોર આનંદની વાત થાય, ને તમે યાદ આવશો,
સ્વજનોની આંખે આંસુ ની ધાર થાય, ને તમે યાદ આવશો.
આપનું મુઠ્ઠી ઉંચેરુ જીવન હંમેશા યાદ આવશે.
હયાતિ ન હોય છતા આપની હયાતિ લાગ્યા કરશે.

બેસણું : તા. ૧૬/૦૧/૨૦૨૫, ગુરૂવારે, સાંજે ૪:૦૦ થી ૬:૦૦, સ્થળ : જનકલ્યાણ સોસાયટી હોલ, અમીન માર્ગ ફાટક પાસે, સરદારનગર, રાજકોટ.

સ્વ. કુસુમબેન ધીરજગીરી ગોસાઇ
સ્વ.તા. ૧૩/૦૧/૨૦૨૫, સોમવાર

રીટાબેન સાગરગિરિ • સીમાબેન વિનોદપરી
પૂનમબેન વિશાલગિરિ • હિમાંશીબેન પ્રણવગીરી
તર્જનીબેન યશકુમાર ઠાકેર • નીતી પી. ગોસ્વામી

## દુઃખદ અવસાન બેસણું



સ્વ.રમાબેન રતનશીભાઇ વિરમગામા
સ્વ.તા.૧૨-૦૧-૨૦૨૫
રવિવાર, ઉ.વ.૮૫

અમારા પુજ્ય માતુશ્રી રમાબેન રતનશીભાઇ વિરમગામા તા.૧૨-૦૧-૨૦૨૫ને રવિવારનાં રોજ ગૌલોકવાસી થયેલ છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્દગતનું બેસણું
તા.૧૬-૦૧-૨૦૨૫ને ગુરૂવારનાં રોજ સવારે ૦૮.૩૦ થી ૧૦.૦૦ કલાકે નુતનનગર સોસાયટી કોમ્યુનિટી હોલ, કાલાવડ રોડ, એસ.એન.કણસાગરા કોલેજની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.
બહારગામનાં સગા-સબંધીઓ માટે લોકિક અને મૌકિક ક્રિયા બંધ રાખેલ છે.
વ્હોટ્સએપ મેસેજ દ્વારા સંદેશો પાઠવવા વિનંતી.

લી.
કમલેશભાઇ રતનશીભાઇ વિરમગામા : ૯૮૭૯૭ ૯૭૧૪૫
લત્તાબેન કમલેશભાઇ વિરમગામા
ઋષિ કમલેશભાઇ વિરમગામા : ૯૮૭૯૭ ૯૬૭૮૧
હીરવા ઋષિ વિરમગામા
તથા વિરમગામા પરિવારનાં જયશ્રી કૃષ્ણ

MANISH ADS

## ઉઠમણું



સ્વ.સુજાતા નીતિનકુમાર ચોકસી
સ્વ.તા.૧૩.૦૧.૨૦૨૫, સોમવાર

અમારા પરિવાર ના સુજાતા નીતિનકુમાર ચોકસી
તા.૧૩.૦૧.૨૦૨૫ ને સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે.
સદ્દગતનું ઉઠમણું તા.૧૬.૦૧.૨૦૨૫ ને ગુરૂવાર
સમય : સવારે ૧૦ કલાકે રાખેલ છે.
સ્થળ : પારસધામ શ્વેતાંબર જૈન ઉપાશ્રય
નિર્મલા કોન્વેન્ટ રોડ, ફાયર બ્રિગેડ સ્ટેશન પાછળ, રાજકોટ.

લી. :
નવીનચંદ્ર હીરાલાલ ચોકસી
સ્વ.ચંદ્રકાંતભાઈ હીરાલાલ ચોકસી
ડૉ.જીતેન્દ્રભાઈ હીરાલાલ ચોકસી
નીતિનકુમાર નવીનચંદ્ર ચોકસી
કલ્પેશભાઈ ચંદ્રકાંતભાઈ ચોકસી
નિખિલભાઈ ચંદ્રકાંતભાઈ ચોકસી

સમસ્ત ચોકસી પરિવારના જય જિનેન્દ્ર

## દુઃખદ અવસાન બેસણું



સ્વ. કુસુમબેન ધીરજગીરી ગોસાઇ
સ્વ.તા. ૧૩/૦૧/૨૦૨૫,
સોમવાર, મું. જેતપુર,
હાલ : રાજકોટ, (ઉ.વ. ૮૩)

દિલગીરી સાથ જણાવવાનું કે જેતપુર નિવાસી, હાલ રાજકોટ, અમારા માતૃશ્રી કુસુમબેન ધીરજગીરી ગોસાઇ (ઘી વાળા) (ઉ.વ. ૮૩) નું પોષ સુદ પૂનમ તા. ૧૩/૦૧/૨૦૨૫, સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્દગતનું બેસણું : તા. ૧૬/૦૧/૨૦૨૫, ગુરૂવારે
સમય : સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે, સ્થળ : જનકલ્યાણ સોસાયટી હોલ, અમીન માર્ગ ફાટક પાસે, સરદારનગર, રાજકોટ ખાતે રાખેલ છે.
નોંધ : શકિત પુજન તા. ૧૮/૦૧/૨૦૨૫, શનિવાર ના દિવસ દરમ્યાન રાખેલ છે.

જીતુભાઈ ડી. ગોસાઈ - જીજ્ઞાશા જે. ગોસાઇ
(આયુષી એન્જીનીયરીંગ પ્રા.લી.)
રમેશગીરી ડી. ગોસાઇ - કૃપા આર. ગોસાઇ
(સુપરીટેન્ડન્ટ ઓફ કસ્ટમ)
આયુષી જે. ગોસાઇ • હેતર્થ જે. ગોસાઇ • ધર્મિક આર. ગોસાઇ (ઓમ)

Mo. 99241 16621 / 98242 32261



# સાતમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી

**'માં તે માં... બીજા બધા વગડાના વા.'**

એ કંઇ એમ જ નથી કહેવાયું,
આ દુનિયામા 'માં' જ એક એવી વ્યકિત છે જે કોઇપણ સંજાગોમાં
કે પરિસ્થતિમાં આપણો સાથ કયારેય છોડતી નથી. ભલે તેમની
હયાતી ન હોય પરંતુ હર ધબકારમાં એમનો અહેસાસ જરૂર હોય છે.
પ્રભુ '**સમજુમાં**'ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. સમજુબેન ટીડાભાઇ મકવાણા
સ્વ.તા. ૧૫-૧-૨૦૧૮

સ્વ. ટીડાભાઇ જીણાભાઇ મકવાણા

| | |
|---|---|
| ખીમજીભાઇ ટીડાભાઇ મકવાણા | અશ્વિનભાઇ રમેશભાઇ મકવાણા |
| સ્વ. કનુભાઇ ટીડાભાઇ મકવાણા | દર્શનભાઇ રમેશભાઇ મકવાણા |
| રમેશભાઇ ટીડાભાઇ મકવાણા | દર્શિતભાઇ રમેશભાઇ મકવાણા |
| જીતેન્દ્રભાઇ ખીમજીભાઇ મકવાણા | ક્રિશ જીતેન્દ્રભાઇ મકવાણા |
| જયંતિભાઇ પ્રભુદાસભાઇ ચોલેરા | મીત જયંતિભાઇ ચોલેરા |
| નિલેશભાઇ કનુભાઇ મકવાણા | રાજ નિલેશભાઇ મકવાણા |
| દર્શ જયંતિભાઇ ચોલેરા | મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ |

• મે. સમજુ ટ્રેકટર્સ • ઓરેંજ ડીજીટલ વર્લ્ડ - ગ્રીનલેન્ડ સર્કલ
• ઓમ પાર્ટી લોન્સ • ડાયમંડ પાર્ટી લોન્સ - કુવાડવા રોડ

SIMPLE-2460111

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧–૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com






# શહેર પોલીસની ધાક ઓસરતા ક્રાઇમમાં વધારોઃ જાહેરમાં હુમલો-મારામારી, લૂંટ, પજવણી સામાન્ય બન્યું

**ડીસીપી ક્રાઇમ બદલી માટે રાજકીય ભલામણમાં વ્યસ્ત અને લુખ્ખાઓ ખાખીના ભય વગર જ તલવાર, છરી, ધોકા અને બંદુક સાથે ક્રાઇમને અંજામ આપી રહ્યા છેઃ કાયદો અને વ્યવસ્થાનો છેદ ઉડ્યો**

**યુવતીની જાહેરમાં પજવણી કરી કપડા ફાડી નાખવાના બનાવો બનતા પોલીસ શરમજનક સ્થિતિમાં આવીઃ શહેરમાં કુલ ૧૦ થી વધુ જાહેરમાં મારામારીના બનાવોઃ પોલીસે ફરિયાદો નોંધી આરોપીને પકડવા દોડતી થઇ**

રાજકોટ, તા.૧૫

શહેરમાં પોલીસની ધાક ઓસરી હોય તેમ જાહેરમાં હુમલો, મારામારી, પજવણી સહિતના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે ડીસીપી ક્રાઇમ પોતાની બદલી માટે રાજકીય ભલામણમાં વ્યસ્ત છે અને શહેર લુખ્ખાઓના હવાલે થયું હોય તેમ અનેક મારામારીના બનાવો સામે આવી રહ્યા છે.

**સઘન પેટ્રોલીંગ સાથે પોલીસને વિસ્તારોમાં વ્યસ્ત રાખી હોત તો શહેરીજનો શાંતિથી તહેવારો ઉજવી શક્યા હોત**

## શાસ્ત્રીનગરમાં બાઇક સાઇડમાં રાખવા મામલે બે જુથ વચ્ચે મારામારીઃ ૧૬ શખ્સો સામે ગુનો નોંધાયો

### વોટર ફિલ્ટર પ્લાન્ટ પર પાણી ભરવા ગયેલ શ્રમિકની બાઇકમાં રીક્ષા અથડાતા મામલો બીચક્યોઃ પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ,તા. ૧૫

શાસ્ત્રીનગરમાં બાઇક સાઇડમાં રાખવા મામલે બે જુથ વચ્ચે મારામારી થતાં યુનિ. પોલીસ મથકમાં ૧૬ શખ્સો સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર અયોધ્યા ચોક પાસે રહેતા મુળ યુપીના વિશાલ રામ કેવલ શર્મા (ઉ.વ. ૨૨)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કાનો, રામો, રીક્ષા ડ્રાઇવર તથા અજાણ્યા શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે તે છેલ્લા ચાર વર્ષથી મોટાભાઇ રાકેશ સાથે રહે છે અને મિસ્ત્રી કામ કરે છે. ગઇકાલે બપોરના સમયે તેમનો ભાઇ શ્યામલાલ ઘરની નજીક આવેલ વોટર ફિલ્ટર પ્લાન્ટ પર પાણી ભરવા ગયો હતો ત્યારે ત્યાં કાનો અને રામો હાજર હોય અને કાનાએ ત્યાં પડેલ તેમનું બાઇક સાઇડમાં રાખવાનું કહેતા યુવક બાઇક સાઇડમાં રાખે તે પહેલા જ ત્યાં એક પાણીની રીક્ષા પાણીની બોટલ ભરવા આવેલ અને તે રીક્ષા ડ્રાઇવરે યુવાનના બાઇકને ઠોકર મારેલ હતી જેથી તેને નુકશાનીનો ખર્ચ કોણ આપશે કહેતા ત્રણેય શખ્સો આવેલ અને માર મારવા લાગેલ હતા.

બાદમાં યુવાન ઘરે જતો રહ્યો હતો અને બનાવ અંગેની જાણ તેમના ભાઇઓને કરતાં કાનાભાઇના વોટર ફિલ્ટર પ્લાન્ટે સમાધાન કરવા ગયા હતા જ્યાં બન્ને વચ્ચે બોલાચાલી થતાં આરોપીઓએ લાકડી-પાઇપથી હુમલો કરી દીધો હતો. જેમાં બે યુવાનોને ઇજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યારે સામા પક્ષે શાસ્ત્રીનગર શેરી નં.૧૦માં રહેતા કાનાભાઇ જગમાલભાઇ સાતીયાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વિશાલ, શ્યામલ, રાકેશ, પ્રદિપ, અર્જુન સહિતના નવેક શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે તે શાસ્ત્રીનગર જાગૃતિ દિપ હાઇટ્સ સામે દેવરાજ વોટર સ્પલાય નામે વોટર ફિલ્ટર પ્લાન્ટ ચલાવે છે. ગઇકાલે બપોરના તેઓ રામભાઇ સાથે ફિલ્ટર પ્લાન્ટ પર હતા ત્યારે વિશાલ અને શ્યામલાલ પાણી ભરવા માટે આવેલ અને વિશાલને તેનું બાઇક સાઇડમાં રાખવાનું કહેતા બંને શખ્સો બોલાચાલી કરવા લાગેલ અને બાદમાં ત્યાંથી જતા રહ્યા હતા. બાદમાં તેઓ અન્ય શખ્સો સાથે ધસી આવી ધોકા અને પાઇપથી હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી હતી તેમજ વોટર પ્લાન્ટમાં તોડફોડ કરી કેરબા તોડી નાખ્યા હતા. બાદમાં ઇજાગ્રસ્તોને ૧૦૮ મારફત સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

બનાવ અંગેની સામસામી ફરિયાદ પરથી યુનિ. પોલીસે ૧૬ શખ્સો સામે રાયોટીંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## બે લુખ્ખાઓએ ઉછીના પૈસા માંગી ધો.૧૨ના વિદ્યાર્થી પર ધોકા-પાઇપથી હુમલો કર્યો

### ગંજીવાડાના નાકા પાસેનો બનાવઃ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી

રાજકોટ, તા.૧૫

ગંજીવાડાના નાકા પાસે બે લુખ્ખાઓએ ઉછીના પૈસા માંગી ધો.૧૨ના વિદ્યાર્થીને ધોકા-પાઇપથી માર મારી ઇજાગ્રસ્ત કરતા થોરાળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે નવા થોરાળામાં આંબેડકરના પુતળા પાસે રહેતા સની છગનભાઇ સોલંકી (ઉ.વ. ૧૯)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મોહિત ઉર્ફે કાળુ દિપક પરમાર અને જયુ ચાવડાના નામ આપી જણાવ્યું હતું કે તે ધો.૧૨માં અભ્યાસ કરે છે, ગઇ તા.૧૩ના પોતાના ઘરે ચાલીને મિત્ર વિપુલ પરમારના ઘરે ગયેલ હતો ત્યાંથી મિત્રને સાથે લઇ તેમના ફઇના ઘરે જવાનું હોય જેથી તે એકલો ચાલીને જતો હતો ત્યારે સર્વોદય શેરી નં.૩૩માં આવેલ રાધિકા કલાસીસ પાસે પહોંચતા એક્ટીવામાં મોહિત ઉર્ફે કાળુ અને જયુ ચાવડા ધસી આવેલ અને કહેલ કે મને પાન-ફાકી ખાવા પૈસા આપ જેથી તેને પૈસાની ના પાડતા મોહિતે તેના હાથમાં રહેલ પાઇપ માથાના ભાગે મારી હુમલો કરી દીધો હતો. તેમજ જયુએ લાકડી વડે માર મારી નાસી છૂટ્યા હતા. બાદમાં તેમને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવેલ હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રોગતિમાન કર્યા હતા.

## જુની અદાવતનો ખાર રાખી યુવાન પર ચાર શખ્સોનો ધોકા-પાઇપથી હુમલો

### માડાડુંગરનો બનાવઃ આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ, તા.૧૫

બનાવ અંગે માડા ડુંગરમાં રહેતા પ્રદિપ કાળુભાઇ ડાભીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વિપુલ ચૌહાણ, ચબો, સુનિલ અને અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે તે મજુરીકામ કરે છે. ગઇકાલે સવારના ગોકુલપાર્ક માંડા ડુંગરના ગેઇટ પાસે આવેલ પાનની દુકાને ફાકી ખાવા ગયેલ ત્યારે દુકાનની સામે રોડ પર એક ટ્રેટા કાર આવીને ઉભી રહેલ તેમાંથી વિપુલ ચૌહાણ સહિતના શખ્સોએ ધોકો-પાઇપ લઇને ઉતરેલ અને ગાળો આપી વિપુલે પાઇપથી હુમલો કરી દીધો હતો તેમજ અજાણ્યા શખ્સોએ પણ માર મારતા યુવાન ત્યાંથી ભાગી ઘરે દોડી ગયેલ હતો. બાદમાં તેને સારવાર અર્થે સીવીલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યો હતો.

વધુમાં બનાવ અંગે યુવાને જણાવ્યું હતું કે એકાદ મહિના પહેલા વિપુલ ચૌહાણ સાથે પૈસાની લેતી-દેતી બાબતે ઝઘડો થયાનો ખાર રાખી હુમલો કર્યો હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે તપાસ હાથ ધરી હતી.

## ભગતસિંહ ગાર્ડન સામે ઠાકરધણી હોટલે જાહેરમાં બઘડાટી

### હોટલ સંચાલકો અને અન્ય શખ્સો સામસામે આવી મારામારી પર ઉતરી આવતા પોલીસ દોડીઃ ૧૫ શખ્સો સામે ગુનો નોંધાયો

રાજકોટ, તા.૧૭

ભગતસિંહ ગાર્ડન સામે આવેલ ઠાકરધણી હોટલ પર હોટલ સંચાલકો અને અન્ય શખ્સો સાથે જાહેરમાં મારામારી થતાં પોલીસે ૧૫ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે યુનિ. પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા યશપાલસિંહ જનકાંતે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે આકાશવાણી ચોક, ભગતસિંહ ગાર્ડન સામે આવેલ ઠાકરધણી હોટલ પાસે ઝઘડો ચાલુ હોય અને ત્યાં માણસો ભેગા થયાનો કોલ મળતા તેઓ સ્ટાફ સાથે બનાવ સ્થળે દોડી ગયેલ અને સુલેશાંતિનો ભંગ કરતાં શખ્સોના નામ પૂછતાં રણજીત મંગા જોગરાણા, નાગજી જોગરાણા, કિશન રેવા બાંભવા, પંકજ લક્ષ્મણ દામા, જીતુ દામા, સંજય રામસિંગ પરિહાર, ડેની ભરત દેસાણી, નિશાંત ઠાકુર, ચક્ર હરિશ, લોકેન્દ્ર હરિશ, તેજ જગત સાઉદ, મનોજ ઠાકુર, બિરાજ સાવલુ અને અનુપ સાઉદનું નામ આપ્યું હતું. જેથી તમામ ૧૫ શખ્સો સામે સુલેશાંતિ ભંગ કર્યાની કલમ હેઠળ ગુનો નોંધી અટકાયત કરી હતી.

## કાળીપાટમાં બાઇક લઇ ભાગેલા શખ્સને ટપારતા વેપારીને માર મારી ધમકી

રાજકોટ, તા.૧૫

કાળીપાટમાં બાઇક લઇ ભાગેલા શખ્સને ટપારતા વેપારીને માર મારી ધમકી આપતા આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ હતી.બનાવ અંગે કાળીપાટમાં રહેતા દિગ્વીજયસિંહ વનરાજસિંહ જાડેજાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સંજય રામજી ગોવાણીનું નામ આપી જણાવેલ હતું કે તેઓ ગઇકાલે રામજી મંદિરની બાજુમાં આવેલ દુકાને હતા ત્યારે આરોપી સંજય ફરિયાદીનું બાઇક લઇ ભાગવા જતાં તેને અટકાવી બાઇક શા માટે લઇને ભાગે છે તેમ પૂછતા આરોપીએ ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## નુરાનીપરા પાસે બાઇક જોઇને ચલાવવાનું કહેતાં વેપારી પર અજાણ્યાં શખ્સોનો હુમલો

### નાથજી પાર્કમાં રહેતો યુવાન શાપર આવેલ ડેરીએ જતો હતો ત્યારે અજાણ્યા શખ્સો તૂટી પડ્યાઃ પોલીસે ગુનો નોંધી શોધખોળ આદરી

રાજકોટ. તા.૧૫

નુરાનીપરા પાસે બાઇક જોઇને ચલાવવાનું કહેતાં વેપારી પર અજાણ્યાં શખ્સોએ ધોકાથી હુમલો કરી દેતાં આજીડેમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ હતી.

બનાવ અંગે મવડીમાં નાથજી પાર્ક શેરી નં.૪ બ્લોક નં. ૮ માં રહેતાં ધરીકેશભાઈ અનીલભાઈ ખુંટ (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ શાપર વેરાવળમા રોડ ઉપર ખોડીયાર ડેરી ચલાવી વેપાર કરે છે. ગઈ તા. ૧૩/૦૧/૨૦૨૫ ના સવારના આશરે આઠેક વાગ્યે તેઓ આર્ટિગા કાર લઈ ઘરેથી ડેરીએ જવા માટે નીકળેલ હતો. દરમ્યાન રાજકોટ ગોંડલ હાઇવે રોડ ઉપર કોઠારીયા સોલવન્ટ નુરાની પરા પાસે પહોંચેલ ત્યારે એક સફેદ કલરનો એકટીવા નં. જીજે-૦૩-એનઈ-૧૬૫૦ વાળો જેને કાનમાં ઇયર ફોન લગાડેલ હતા તે એક્ટિવા લઈ આડો ઉતરેલ હતો.

જેથી તેઓએ કાચ ખોલીને તેને જોઈને ચલાવવાનુ કહેતા તેણે કહેલ કે, તું જોઈને ચલાવ તારો વાંક છે જેથી તેઓએ મોબાઈલ કાઢી તેનો ફોટો પાડતા તે એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને તેણે મોબાઇલ ઉપર હાથ મારીને નીચે પાડી દીધેલ અને ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. તેમજ તેણે બુમ પાડતા બીજા ત્રણેક જણા ધોકા સાથે ધસી આવેલા અને ફડાકા તથા ઢીકાપાટાનો માર મારવા લાગેલા હતાં.

તેમજ આરોપીઓએ લાકડાના ધોકાથી હુમલો કર્યો હતો. બાદમાં અન્ય લોકો દોડી આવતાં આરોપીઓ નાસી છૂટ્યા હતાં. બાદમાં ફરિયાદીને ઇજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડેલ હતાં. તેમજ બાદમાં તેમને જોયેલ તો ગળામા પહેરેલ મારો સોનાનો સવા બે તોલાનો રૂ.૧.૫૦ લાખનો ચેઈન ઝપાઝપી દરમ્યાન પડી ગયેલ હતો. બનાવરઅંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

## ધરારીથી સંબંધ રાખવા યુવતીનો હાથ પકડી જાહેરમાં ટી-શર્ટ ફાડ્યું

### ગોકુલધામ આરએમસી ક્વાર્ટર પાસેનો બનાવઃ કુખ્યાત યાસિન ઉર્ફે ભુરો, પરીયો ગઢવી સહિતના શખ્સોનું કારસ્તાન

રાજકોટ, તા.૧૫

ગોકુલધામ આરએમસી ક્વાર્ટર પાસે ધરારીથી સંબંધ રાખવા યુવતીનો હાથ પકડી કુખ્યાત શખ્સોએ ટી-શર્ટ ફાડી નાખી યુવકને માર મારતા પોલીસમાં ફરિયાદ નોંધાઇ હતી.બનાવ અંગે ગોકુલધામ આરએમસી ક્વાર્ટરમાં રહેતી ૨૪ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે પરીયો ગઢવી, મેટીયો ઝાલા, યાસિન ઉર્ફે ભુરો અને અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે ચારેક મહિના અગાઉ જંગલેશ્વરમાં રહેતા સાહિલ સાથે ઇન્સ્ટાગ્રામમાં સંપર્ક થયો હતો અને બંને રુબરુ મળતા હતા. ગઇકાલે તેણીના ઘરે હતી ત્યારે તેને પૈસાની જરુર હોય જેથી સાહિલને ફોન કરી પૈસા લઇ ઘરે આવતા કહેતા સાહિલ રુા.૧૦ હજાર આપી ગયો હતો. દરમ્યાન સાંજના સમયે આરોપીઓ તેણીને ઘર બહાર બોલાવી હાથ પકડી લીધેલ અને બીભત્સ માંગણી કરવા લાગેલ હતા તેમજ કહેલ કે તું મારી સાથ આવ જેથી તેણે ના પાડતા આરોપીઓ ઝપાઝપી કરી ટીશર્ટ ફાડવા લાગેલ તેમજ તેનો મિત્ર સાહિલ વચ્ચે પડતા તેને પણ ધોકા વડે માર મારી છરીના ઘા ઝીંકી આરોપીઓ ભાગી છૂટચા હતા બાદમાં તેઓને સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં લઇ ગયેલ હતા.

## અમારો વિડીયો કેમ ઉતારે છે કહી યુવાનને ફટકારી સોનાનો ચેઇન-મોબાઇલની લૂંટ

### આસ્થા સર્કલ પાસેનો બનાવઃ યુવાનને પાઇપ અને પટ્ટા વડે બેફામ માર માર્યોઃ પોલીસ દોડી ગઇ

રાજકોટ, તા.૧૫

આસ્થા સર્કલ પાસે યુવાનને અમારો વીડિયો કેમ ઉતારે છે કહી પાઇપ વડે ફટકારી મોબાઇલ-સોનાના ચેઇનની લૂંટ ચલાવી આરોપીઓ નાસી છૂટતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે વિનાયકનગર શેરી નં. ૨માં રહેતા બેલા સાદા ઘોઘરાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે હિરેન પરમાર સહિતના ચાર શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે તે સ્કૂલવાન ચલાવે છે અને ગઇકાલે તેના ઘરે હતો ત્યારે તેમનો મિત્ર સાગર મકવાણા રીક્ષા લઇ ઘરે આવેલ અને બંને ગોંડલ ચોકડી તરફ ચક્કર મારવા નીકળેલ હતા ત્યારે આસ્થા ચોકડી પાસે પહોંચતા માવો ખાવા માટે રીક્ષા ઉભી રાખેલ ત્યારે તે રીક્ષામાં બેસી મોબાઇલ જોતો હતો ત્યારે અજાણ્યો શખ્સ લાકડી સાથે ધસી આવેલ અને મોબાઇલ ઝુંટવી કેમ અમારો વિડીયો ઉતારે છે તેમ કહી પટ્ટો કાઢી ગળાના ભાગે રહેલ સોનાનો ચેઇન ખેંચી લીધેલ અને પ્લાસ્ટીકના પાઇપથી આડેધડ માર મારવા લાગેલ હતા અને બાદમાં આરોપીઓએ નાસી છૂટતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા.

આરોપીઓએ વીડિયો ઉતારવાનો શોખ રાખી તેમને માર મારી ૧.૭૦ લાખનો મુદામાલ ઝુંટવી નાસી છૂટતા ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી પોલીસે આરોપીને પકડવા ચક્રોગતિમાન કર્યા હતા.

## શાપરમાં જુગાર રમતા ૬ પકડાયા

રાજકોટ, તા.૧૫

શાપર વેરાવળ પોલીસની ટીમે બાતમીના આધારે વેરાવળ ખાતેની ગ્રામ સ્વરાજ સંસ્થા પાસે આવેલ ખુલ્લા પટ્ટમાં જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સને દબોચી લઈ રૂ.૧૦,૬૦૦ની રોકડ કબ્જે કરી હતી.

પોલીસે (૧) મીત મોહનલાલા પાલ (ઉ.વ.૩૫, રહે હાલ. વેરાવળ ભુમી ઇન્ડ્રસ્ટી જ એરીયા ઓમ એન્જીનીયરીગ કારખાનાની અરોડીમાં (૨) જીતેન્દ્ર માનસિંગ સીગ (ઉ.વ. ૨૩, રહે. વેરાવળ ભુમી ઇન્દ્રસ્ટી જ એરીયા શીવમ આર્ટ હોમના રૂમમાં (૩) ઓકનભાઈ ગજરાજસિંહ ઉ.વ.૨૩, રહે.હાલ વેરાવળ ભુમી ઇન્ડસ્ટ્રીઝ એરીયા રેરોટુ એન્જીનીયર (૪) અમરીશ શ્યામસ્વરૂપ મીશ્રા ઉ.વ.૩૫ રહે. હાલ વેરાવળ ભુમી ઇન્ડ્રસ્ટી જ એરીયા ઓમ એન્જીનીયરિંગ કારખાનાની અરોડીમાં, મૂળ ઉત્તરપ્રદેશ (૫) રોહીત મુન્નાલાલ શીવહરી ઉ.વ.૨૮ હાલ વેરાવળ ભુમી ઇન્ડ્રસ્ટીઝ એરીયા ઓમ એન્જીનીયરીંગ મુળ ઉત્તર પ્રદેશ (૬) નંદકીશોર રામાદાર કુશ્વાહા ઉ.વ.૧૯ રહે. હાલ.વેરાવળ ભુમી ઇન્ડ્રસ્ટીઝ એરીયા ઓમ એન્જીનીયરીગ કારખાનાની અરોડીમાં, મુળ ઉતર પ્રદેશની ધરપકડ કરી ગુનો દાખલ કર્યો હતો

## મહાકુંભ

(પહેલા પાનાનું ચાલું)

લેવા ભાવિકોએ લાઈનો લગાવી હતી. પરોઢીયેથી રાત સુધી ચાલુ રહેલા શાહીસ્નાન દરમ્યાન શ્રધ્ધાળુઓ પર હેલીકોપ્ટર મારફત પુષપવર્ષા કરવામાં આવી હતી. સર્વત્ર હર હર ગંગે અને મહાદેવનાં ગગનભેદી ઘોષથી વાતાવરણ ગુંજતુ રહ્યું હતું.

મહાકુંભમાં કડકડતી ઠંડી વચ્ચે શ્રધ્ધાળુઓએ ગંગામાં ડુબકી લગાવી હતી અને તે દરમ્યાન હાર્ટએટેક જેવા કારણોસર એનસીપી નેતા સહીત છ લોકોના મોત નીપજયા હતા જયારે ૫૭ લોકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્રનાં સોલાપુરનાં પૂર્વ મેયર તથા એનસીપીનાં નેતા મહેશ કોંડે હાર્ટએટેક આવતા તેમનુ મોત થયુ હતું. ગંગાસ્નાન બાદ તેઓ બેભાન થઈ ગયા હતા.આ સિવાય એક નાગા સન્યાસી સહીત અન્ય પાંચ લોકોના પણ મોત થયા હતા. જયારે સૈન્યનાં પૂર્વ બ્રિગેડીયર, બે મહંત સહીત ૧૦ લોકોને હાર્ટએટેકથી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મહાકુંભનાં વહીવટી તંત્રના રીપોર્ટ મુજબ જુદા જુદા કારણોસર ૬૦૦૦ લોકોની તપાસ કરવામાં આવી હતી.જેમાંથી ૫૭ લોકોને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## મકરસંક્રાંતિ

(છેલ્લા પાનાનું ચાલું)

કરે છે. જ્યાં ગઈ કાલે યુવક કારખાનાની અગાસી પર પતંગ ચગવતો હતો ત્યારે બીજા માળેથી નીચે પટકાતા મોત નિપજયું હતું. મૃતક યુવક તેના પરિવારમાં એક બહેનમાં મોટો હતો.

વધુ એક બનાવની વિગત અનુસાર ઘંટેશ્વર પાર્ક ક્રિસ્ટલ સ્કુલ વાળી શેરીમાં બ્રહનાથ શેરી નં-૬ માં રહેતો કશ્યપ વિવેકભાઈ ચંદ્રા (ઉ.વ.૧૦) નામનો બાળક ગઈ કાલે પોતાના ઘરે પતંગ ચગાવતો હતો ત્યારે અચાનક છત પરથી નિચે પટકાતા મોત નિપજયું હતું. મૃતક કશ્યપ તેના પરિવારમાં એક નો એક પુત્ર હતો. એકના એક પુત્રના મોત તેના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.ચોથા બનાવની વિગત અનુસાર ગાંધીધામમાં રહેતાં પ્રવીણભાઈ પરમાર તેની ૧૦ મહિના બાળકી દિપાંશીને તેડીને છત પરથી નિચે ઉતરતા હતાં દરમિયાન પગ લપસતાં પડી જતાં બંનેને ગંભીર ઇજાઓ પહોંચી હતી. બાદ તાકિદે તેઓ બંનેને ત્યાંથી નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાદ વધુ સારવાર અર્થે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યાં હતાં. જ્યાં સારવારમાં ૧૦ મહિનાની બાળકીનું મોત નિપજયું હતું. જેને પી અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પ્રવીણભાઈ પતંગ ચગાવી છત પરથી નિચે ઉતરતા હતાં દરમિયાન બનાવ બન્યો હતો.

## પતંગ

(છેલ્લા પાનાનું ચાલું)

અમદાવાદની પોળના ધાબા પર જઈને બોલીવુડ અભિનેતા સલમાનખાને પણ પતંગ ઉડાડતો કરી દીધો હતો તો ગઈકાલે તેમના નંબર ટુ સાથી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ જેઓએ પોલીટીકલ પતંગ ઉડાડવામાં અને કોની-કયારે કઈ રીતે કાપવી, કોને ઢીલ દેવી, કોને ફીરકી પકડાવવી અને કોને પતંગ લુંટાવા માટે વાસડાઓ સાથે શેરીમાં દોડતા કરવા તે 'રણનીતિ' બનાવવામાં માહિર છે તેઓએ પણ અમદાવાદની પોળના ધાબા પર પતંગ ઉડાડી અને સૌ સાથે મજા કરી જોકે વાયરલ વિડીયો મુજબ અમીત શાહની પતંગ કાપવા વાળા

ધાબા પર હતા અને ગઈકાલે તેમની પતંગ કપાઈ ગઈ તે પણ તમો ખેલદીલીભર્યા હાસ્ય સાથે જોતા રહ્યા હતા તો ગુજરાતમાં પતંગ એ પોલીટીકલ મેસેજનું કારણ પણ બને છે અને રાજયમાં હાલ અમરેલી લેટરકાંડ એ હોટ ટોપીક છે તો કોંગ્રેસના નેતાઓએ પાયલ ગોટીને 'ન્યાય' આપો તેવા સંદેશ સાથે પતંગો ચગાવી હતી.

પતંગ ચગાવનાર ભાજપના નેતાઓ પણ પાયલ ગોટીને ભુલ્યા નહી ખાસ કરીને આ પ્રકરણ બહાર આવ્યા બાદ મૌન બની ગયેલા ભાજપના નેતાઓના મોઢે રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલાએ શબ્દો આપ્યા અને પાયલ ગોટીને અન્યાય થયો છે. પોલીસે ઉતાવળ કરી છે તેવું કહ્યા બાદ ગઈકાલે રાજકોટમાં પતંગ ઉડાડતા પુર્વે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ રાજય સરકાર 'યોગ્ય' કરશે તેવુ કહી દીધું. સાથોસાથ એ પણ કહ્યું કે દેશમાં હાલ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીત શાહનો જ પતંગ ચગી રહ્યો છે તેણે સાથોસાથ એમ પણ કહી દીધુ કે દિલ્હીમાં કેજરીવાલનો પતંગ આ ચુંટણીમાં કપાશે તો અમરેલીમાં પુર્વ સાંસદ દિલીપ સંઘાણીએ પોતાની પતંગના પોતે જ 'કાના' બાંધીને ચગાવીને પછી કહ્યું કે મારો પતંગ તો નરેન્દ્રભાઈ અને અમીતભાઈના કારણે સ્થિર છે. આમ કહી તેમનો પતંગ કાપવાવાળાને ચેતવણી પણ આપી દીધી હતી. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તો અમીતભાઈની સાથે જ પતંગ ઉડાડી હતી તો ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ પતંગ ચગાવતા કહ્યું કે જેનો કપાય તે પણ ખુશ છે અને જેઓ કાપે છે તેઓ પણ ખુશ છે. બનાસકાંઠામાં વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકર ચૌધરીએ વિકાસનો પતંગ ચગશે તેવું કહ્યું તો ગીર સોમનાથમાં ઈકોઝોન વિરુદ્ધ પતંગ ચગ્યા હતા.

**એસઓજી ઈન્ચાર્જ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ રવીરાજ કામળિયા અને ટીમનો સપાટોઃ હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદીપસિંહ ચૌહાણ, કોન્સ્ટેબલ યોગેન્દ્રસિંગ ગોહિલની બાતમીના આધારે દરોડો**




## રાજકોટ

(પહેલા પાનાનું ચાલું)

જેને હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા ઓળખી જતા તુરંત જ બંને શખ્સોને કોર્ડન કરી લીધેલ હતાં.

બાદમાં પીઆઈ એમ.આર.ગોંડલીયાએ બંને શખ્સોનું નામ પૂછતાં ફેજલ યુસુફ ચૌહાણ (ઉ.વ.૨૫), (ધંધો-ન્નોનવેજ વેંચવાનો, રહે. કૃષ્ણપરા શેરી નં ૧/૨ ના ખુણે પરાબજાર મે.રોડ) અને તેની સાથેના શખ્સે રાજમલ રકમાં મીણા (ઉ.વ.૨૩),(રહે. બોરીગામ પંચાયત કેશરપુરા, પ્રતાપગઢ (રાજસ્થાન) વાળો હોવાનુ જણાવેલ હતું. ત્યારબાદ બંને શખ્સોની અંગઝડતી કરતાં ફેજલ ચૌહાણના પેન્ટના ખીસ્સામાંથી ગુલાબી કલરની પ્લાસ્ટીકની એક કોથળીમાં પદાર્થ ભરેલ હોય જે બાબતે પૂછતાં તે હેરોઇન ડ્રગ્સ હોવાનુ જણાવેલ અને હેરોઇન તેને રાજમલ મીણાએ આપ્યાની કબુલાત આપી હતી.

જે બાદ રાજસ્થાની રાજમલ મીણા નામના શખ્સની અંગઝડતી કરતાં તેના ખિસ્સામાંથી પણ હેરોઇન (ડ્રગ્સ) નો જથ્થો મળી આવતાં બંને શખ્સો પાસેથી કુલ ૩૬૨.૯૫ ગ્રામ હેરોઇન ડ્રગ્સ રૂ.૧૮.૧૪ લાખનો જથ્થો અને મોબાઈલ તેમજ રોકડ મળી કુલ રૂ.૧૮.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બંને શખ્સોની સઘન પુછતાછ હાથ ધરી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતુંકે, રાજસ્થાનથી ડ્રગ્સ પેડલરોએ હેરોઇનનો મોટો જથ્થો રાજસ્થાની શ્રમિક રાજમલ મીણા સાથે ફેજલને આપવા માટે મોકલ્યો હતો. ફેજલે છેલ્લા ત્રણ માસમાં બીજી વખત હેરોઇન મંગાવ્યાની કબુલાત આપી હતી. પોલીસે રાજસ્થાની ડ્રગ્સ પેડલરોના નામ ખોલાવવા કોર્ટમાં રિમાન્ડ માટે રજુ કરવામાં આવશે.

### તહેવારો ગુજરાતમાં પરિવાર-જનતા સાથે મનાવવાની પરંપરા યથાવત રાખતા ગૃહમંત્રી

# મકરસંક્રાંત ઉજવણી, વિકાસ કાર્યોને જોડતા અમિત શાહ






## પરિવાર સાથે જગન્નાથ મંદિરમાં પૂજા કરી, ગાયોને ઘાસ ખવરાવ્યુ: ધાબા પર કાર્યકર્તાઓ સાથે પતંગ ઉડાડીને બે દિવસમાં ૧૬થી વધુ વિકાસ કામોના ખાતમર્હૂત અને લોકાર્પણ

ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે મકરસક્રાંતિના પાવન પર્વ નિમિત્તે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિર ખાતે પૂજા અર્ચના કરી સર્વે નાગરિકોને ઉત્તરાયણના પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી આ તહેવાર દરેકના જીવનમાં સતત ઉન્નતિ, પ્રગતિ અને સુખ-સમૃદ્ધિ લાવે તેવી પ્રાર્થના કરી હતી.

આ પૂર્વે શ્રી શાહે ઘાટલોડિયા ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા નિર્મિત રહેણાંક કક્ષાના ૯૨૦ આવાસો તેમજ પોલીસ સ્ટેશનનું ખાતમુહૂર્ત કર્યું હતું.

મકરસંક્રાંતિનો તહેવાર સૌ ગુજરાતીઓ અગાસી પર પરિવારના સભ્યો અને સ્નેહીઓ સાથે અનેરા આનંદ ઉલ્લાસ સાથે પતંગોત્સવ મારફત ઉજવે છે ત્યારે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ પણ દરેક ઉતરાયણ પોતાના લોકસભા ક્ષેત્રના નાગરિકો સાથે ઉજવવાની પરંપરાને આગળ ધપાવતા આજરોજ શાંતિનિકેતન એપાર્ટમેન્ટ, મેમનગર; આર્યવિલા એપાર્ટમેન્ટ, ન્યુ રાણીપ; અર્હમ ફ્લેટ, સાબરમતી ખાતે કાર્યકર્તાઓ અને નાગરિકો સાથે પતંગોત્સવની ઉજવણી કરી હતી જ્યાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં. સ્થાનિક રહીશોએ ખુબ જ ઉમળકાભેર શ્રી અમિતભાઈ શાહનું સ્વાગત કર્યું હતું. આ તકે સ્થાનિક રહીશો ઉપરાંત સંગઠનના પદાધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ, અગ્રણીશ્રીઓ, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## હોદ્દો ભલે ગમે તે હોય, પરિવારમાં તો પિતા 'પિતા' જ હોય! ઠપકો પણ આપે

### અમીત શાહ-જય શાહનો વીડિયો વાયરલ: સોશ્યલ મીડિયામાં યુઝર્સની રસપ્રદ-રમુજી કોમેન્ટ



અમદાવાદ, તા.૧૫

કેન્દ્રીય ગૃહપ્રધાન અમીત શાહ બે દિવસથી ગુજરાતના પ્રવાસે છે. કેન્દ્રમાં અત્યંત ઉચ્ચ પદ હોવા છતાં પરિવારમાં સંતાન માટે તો પિતા જ છે અને પરિવારના પ્રસંગ-કામમાં પિતા તરીકે તંત્રને મીઠો ઠપકો પણ આપી દેતા હોય છે જેનો વીડિયો તથા તે સંબંધી રીએકશન સોશ્યલ મીડિયામાં વાયરલ થયા છે.

પતંગ પર્વ નિમિત્તે અમીત શાહ બે દિવસથી ગુજરાતમાં છે. આ દરમ્યાન તેઓ પરિવાર સાથે ભગવાન જગન્નાથજીના દર્શને ગયા હતા. પૂજા-આરતી કર્યા હતા. તેમના પુત્ર અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલના ચેરમેન જય શાહ પણ સાથે હતા. જય શાહને ત્યાં તાજેતરમાં જ પુત્રનો જન્મ થયો હતો. બાળકને પણ સાથે લઇ ગયા હતા. પૂજા પછીની ધાર્મિક પરંપરા મુજબ અમીત શાહે આરતી લીધા બાદ નવજાત બાળકને પણ હાથેથી કરાવી હતી. આ દરમ્યાન આરતીનો તાપ ન લાગે તે માટે જય શાહ જરાક આઘા પાછા થયા હતા. ત્યારે પિતા તરીકે અમિતભાઇ શાહે પુત્રને મીઠો ઠપકો આપ્યો હતો. આડકતરી રીતે બહુ ચિંતા ન કરવાની ટકોર કરી હતી.

ગૃહમંત્રી અમિત શાહનો આ વીડિયો વાયરલ થયો છે. સોશ્યલ મીડિયામાં તે વિશે રમુજી અને પોઝીટીવ ટીપ્પણી પણ થઇ રહી છે અનેક યુઝરે એવી પણ કોમેન્ટ કરી છે કે પિતા ભલે ગમે તે હોદ્દા પર હોય અથવા પુત્ર પણ ભલે ગમે તે સ્થાને હોય, પરિવારમાં તો પિતા પિતા જ હોય છે અને પુત્રને મીઠો ઠપકો આપી જ ધ્યે છે.

### ભાજપ જીલ્લા મહાનગર પ્રમુખોની યાદી

# હજું ૨૪થી૩૬ કલાકનો ઈન્તજાર! રાજકોટ સહિતની વિવાદી 'યાદી' વધુ વિલંબમાં પણ પડી શકે

### કાલે ગાંધીનગરમાં પ્રદેશ પ્રમુખની પ્રક્રિયા માટે કેન્દ્રીય નિરીક્ષક ભુપેન્દ્ર યાદવ આવે છે

### હાલ વિવાદ વગરના જીલ્લા-મહાનગરોના પ્રમુખો જાહેર થઈ શકે છે: હવે રજુઆતમાં 'આ-નહી' બાકી ગમે તેનો ટ્રેન્ડ

રાજકોટ:

ગુજરાત ભાજપમાં સંગઠન નવરચનામાં હવે જીલ્લા-મહાનગરોના પ્રમુખની પસંદગી મુદ્દે આખરી ઘડીની તૈયારીઓ છે. જો કે પરંપરા મુજબ આજે અમદાવાદમાં નાસી ઉતરાણ મનાવાની હોવાથી પ્રદેશ કાર્યાલય કમલમ સહિતમાં 'રજા' હોવાથી હવે કાલે નામોની જાહેરાત થઈ શકે છે. આવતીકાલે નવા પ્રદેશ પ્રમુખ તરીકે પસંદગીની પ્રક્રિયાને શરૂ કરવા માટે કેન્દ્રીય નિરીક્ષક શ્રી ભુપેન્દ્ર યાદવ કાલે ગાંધીનગર આવી રહ્યા છે અને પ્રદેશ પ્રમુખની નિયુક્તિ માટે અડધાથી વધુ જીલ્લા-મહાનગરોમાં સંગઠનના નવા પ્રમુખની નિયુક્તિ થઈ ગઈ હોય તે નિશ્ચિત કરવું જરૂરી છે અને હવે તે તબકકામાં આગામી ૨૪થી૩૬ કલાકમાં મહાનગરોમાં-જીલ્લાના પ્રમુખોની યાદી બહાર આવી જશે. શ્રી ભુપેન્દ્ર યાદવ કાલે જ ગાંધીનગર આવી રહ્યા હોવાથી જે જીલ્લા-મહાનગરોમાં પ્રમુખના નામમાં કોઈ વિવાદ નથી. તે નામો જાહેર કરીને પ્રદેશ પ્રમુખની પસંદગીની પ્રક્રિયામાં બંધારણ મુજબ કોઈ વિઘ્ન સર્જાય નહી તે નિશ્ચિત કરાશે. સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટ ઉપરાંત અમદાવાદ-સુરત અને વડોદરા જીલ્લા ઉપરાંત અમરેલી જયાં લેટરકાંડનો મુદ્દો છે ત્યાં હજુ પ્રક્રિયા બાકી રખાઈ શકે છે અને નવા પ્રમુખ આવ્યા બાદ તેઓ આ જીલ્લાઓના નામો નિશ્ચિત કરશે.

રાજકોટમાં હવે અમારા-તમારાનો મુદ્દો પુરો થયો છે અને જે બે-ત્રણ નામો ચર્ચામાં છે. તેઓ હવે આ-નહી-બાકી ગમે તે સ્વીકાર્ય છે તેવી રજુઆત પણ થઈ હોવાની ચર્ચા છે. જો કે મોવડીમંડળ હવે નવા પ્રમુખને પોતાની રીતે કામ કરવાની સરળતા રહે તે હેતુથી હાલ પ્રદેશ પ્રમુખ પર ધ્યાન કેન્દ્રીત કરશે જેથી રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીની પ્રક્રિયા પણ ઝડપી બનશે.

## સંગઠન મહામંત્રી રત્નાકર સંક્રાંતના દિને રાજકોટમાં હતા: 'મુલાકાત' અંગે ચર્ચા

### જો કે પ્રદેશ-મહાનગર પદાધિકારીઓ 'પ્રોટોકોલ' નિભાવ્યાનો દાવો



રાજકોટ:

રાજકોટ શહેર/ભાજપમાં નવા સંગઠનની રચનાની પ્રક્રિયા વચ્ચે ગઈકાલે સેવા ભારતીના એક પ્રોજેકટનો પ્રારંભ કરવા આરએસએસના મહામંત્રી દતાત્રેય હોશબલેની હાજરીવાળા એક કાર્યક્રમમાં ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ રાજકોટમાં ઉપસ્થિત હોવાથી શહેર ભાજપમાં ઉત્સુકતા સર્જાઈ હતી અને સવારે સર્કીટ હાઉસમાં રત્નાકરને મળવા પ્રદેશ ઉપપ્રમુખ ભરત બોઘરા, શહેર ભાજપ પ્રમુખશ્રી મુકેશ દોશી ચુંટણી ઈન્ચાર્જ અને ધારાસભ્ય ઉદય કાનગડ ઉપરાંત બે મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા તથા માધવ દવે પહોચતા તે ચર્ચા છે.

જો કે પક્ષના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ સંગઠન મહામંત્રી રાજકોટમાં હોવાથી પ્રોટોકોલના ભાગ રૂપે તેઓને મળવા આ પદાધિકારીઓ પહોંચ્યા હતા પણ જે રીતે રાજકોટ મહાનગરમાં પ્રમુખ મુદ્દે ખુલ્લો જૂથવાદ છે અને તેમાં પ્રદેશ સુધી રજુઆત થઈ છે તેથી સંગઠન મહામંત્રી સમક્ષ પણ ચોકકસ 'રજુઆત' થઈ હોવાનું માનવામાં આવે છે.

# કેજરીવાલની મુશ્કેલી વધી: ચૂંટણી સમયે જ શરાબ કાંડમાં મનીલોન્ડ્રીંગનો કેસ ચલાવવા EDને ગૃહમંત્રાલયની મંજુરી

### અગાઉ ચાર્જશીટ મુકાઇ ગયું હતું પણ પૂર્વ મંજુરી નહી મેળવવાના મુદ્દે કેસ સ્થગિત થયો હતો



નવી દિલ્હી, તા.૧૫

દિલ્હીમાં ધારાસભા ચૂંટણી માટે આજે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિતના અનેક નેતાઓ ઉમેદવારી નોંધાવવા જઇ રહ્યા છે તે પૂર્વે જ અરવિંદ કેજરીવાલ તેમજ પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા માટે મુશ્કેલીના સંકેત છે. દિલ્હીના શરાબ કાંડ સાથે જોડાયેલા મનીલોન્ડ્રીંગ કેસમાં અરવિંક કેજરીવાલ અને અન્ય સામેકેસ ચલાવવામાં ગૃહ મંત્રાલયે એનફોર્સમેન્ટ વિભાગે મંજુરી આપી દીધી છે. ગત નવેમ્બર માસમાં ઉપ રાજ્યપાલ વિનયકુમાર શકસેનાએ આ કેસ માટે ગૃહમંત્રાલય પાસે મંજુરી માંગી હતી. આ અગાઉ કેજરીવાલે દિલ્હી હાઇકોર્ટમાં અરજી કરીને તેની અને અન્ય સામે ઇડીની કાર્યવાહી અને ચાર્જશીટ ગેરકાનૂની છે કારણ કે તેમાં પૂર્વ મંજુરી લેવાઇ નથી તેવું દર્શાવીને તેની સામેના કેસને પડકાર્યો હતો. તો બાદમાં ઉપરાજયપાલે ગૃહમંત્રાલયમાં આ કેસ ચલાવવા માટે મંજુરી માંગી હતી અને ચૂંટણી સમયે આ મંજુરી માંગવામાં આવી છે તે સૂચક છે. હાલ આ અંગેનો કેસ દિલ્હીની કોર્ટમાં સ્થગિત કરવામાં આવ્યો હતો અને તે ફરી એક વખત ચાલશે તેવા સંકેત છે. ગૃહમંત્રાલયે મંજુરી આપતા દિલ્હી હાઇકોર્ટમાં કેજરીવાલની અરજી પણ ફગાઇ તેવી શકયતા છે કેજરીવાલ ગત સપ્ટેમ્બર માસમાં સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ જામીન પર છે તે અગાઉ ઓગસ્ટ માસમાં સીસોદીયાને જામીન અપાયા હતા. આ કેસમાં અગાઉ કેજરીવાલ સામે ચાર્જશીટ પણ મુકાઇ ગયું છે અને તેથી તેમની ધરપકડ અંગે હજુ સસ્પેન્સ છે.

### જયારે હું મુખ્યમંત્રી હતો તો અમિત શાહ ક્યાં હતા તે મને ખબર નથી: ચીંટીયો ભર્યો

# મે ઘણા ગૃહમંત્રી જોયા છે પણ કોઈને તડીપાર કરાયા ન હતા: અમિત શાહ પર પવારનો વળતો પ્રહાર

### મહારાષ્ટ્રમાં પવારે વિશ્વાસઘાતની રાજનીતિ ચલાવવી હોવાના અમિત શાહના વિધાન પર બન્ને નેતાઓ વચ્ચે તડાફડી

### અમિત શાહે પદની ગરિમા જાળવવી જોઈએ: ગુજરાતમાં રહી શકતા ન હતા તે સમયે બાલાસાહેબના શરણે ગયા હતા



નવી દિલ્હી, તા.૧૫

ઇન્ડિયા ગઠબંધન તૂટશે તેવા સંકેત વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહએ મરાઠા નેતા અને એનસીપીના વડા શરદ પવારની વિશ્વાસઘાતની રાજનીતિનો અંત આવ્યો છે તેવા કરેલા વિધાનો પર પવારે આકરો જવાબ આપ્યો છે. શ્રી શાહએ ગત રવિવારે શિરડીમાં ભાજપના એક સંમેલનને સંબોધતા કહ્યું હતુંકે ૧૯૭૮થી મહારાષ્ટ્રના રાજકારણમાં શરદ પવાર વિશ્વાસઘાત અને છેતરપીંડીનું રાજાકરણ ચલાવી રહ્યા છે. જેનો પવારે આકરો જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે મેં દેશમાં ઘણા ગૃહમંત્રી જોયા છે પરંતુ તેમાંથી કોઇને તેના રાજ્યમાંથી તડીપાર કરવામાં આવ્યા નથી. તેમનો ઉલ્લેખ ૨૦૧૦માં સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટરમાં જે રીતે અમિત શાહને સુપ્રિમ કોર્ટે બે વર્ષ માટે ગુજરાતની બહાર રહેવા આદેશ આપ્યો હતો. તેને શરદ પવારે પ્રહાર માટે ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં એ પણ જણાવ્યું કે ૧૯૭૮માં હું જ્યારે મુખ્યમંત્રી હતો ત્યારે અમિત શાહ ક્યાં હતા તે મને ખબર નથી પણ મારી કેબીનેટમાં જનસંઘના ઉત્તમરાવ પાટીલ જેવા નેતા હતા. અમિત શાહે ગૃહપ્રધાનના હોદ્દાનું માન જાળવું જોઇએ. તેમણે કહ્યું કે પહેલા રાજકીય નેતાઓ વચ્ચે સુસંવાદ હતો જે આજે ખુટે છે. પવારે યાદ દેવરાવ્યું કે તત્કાલીક વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ભુજના ભૂકંપ પછી હું વિપક્ષમાં હતો છતાં પણ મને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીનો ઉપાધ્યક્ષ બનાવ્યો હતો. શ્રી પવારે વધુમાં પ્રહાર કરતા કહ્યું કે અમિત શાહ ગુજરાતમાં રહી શકતા ન હતા તેથી તેઓ બાલાસાહેબ ઠાકરેના શરણે ગયા હતા તે ભૂલી ગયા લાગે છે.

# કેજરીવાલ ખાલિસ્તાની સમર્થકોના નિશાને?: ગુપ્તચર એજન્સીએ એલર્ટ જાહેર કર્યું

### કેજરીવાલ પર હત્યાનો પ્રયાસ થઈ શકે છે: ગુપ્તચર એજન્સી: ત્રણ લોકો કેજરીવાલ પર હુમલાની ફિરાકમાં પંજાબમાં જોવા મળ્યાનું ઈનપુટ ગુપ્તચર એજન્સીએ જાહેર કર્યું



નવી દિલ્હી તા.૧૫

દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક હાલ દિલ્હી વિધાનસભાની ચુંટણીને લઈને જોરશોરથી ચુંટણી પ્રચાર કરી રહ્યા છે ત્યારે ગુપ્તચર એજન્સીએ એક એલર્ટ જાહેર કર્યું છે. જેમાં સનસનીખેજ માહિતી બહાર આવી છે કે ખાલિસ્તાની સમર્થક કેજરીવાલની હત્યા કરી શકે છે. એલર્ટ મુજબ બે થી ત્રણ ખાલિસ્તાની સમર્થકોને છેલ્લી વાર પંજાબમાં જોવા મળ્યા હતા. ગુપ્તચરના ઈનપુટ મુજબ દિલ્હી પોલીસે કેજરીવાલને લઈને એલર્ટ જાહેર કર્યુ હતું.

ખાલિસ્તાન સમર્થકોથી કેજરીવાલને ખતરો: સૂત્રો અનુસાર ગુપ્તચર જાણકારીથી જાણવા મળ્યું છે કે ખાલિસ્તાન સમર્થકો કેજરીવાલની હત્યાનો પ્રયાસ કરી શકે છે.

ગત સુરક્ષા સમીક્ષામાં કેજરીવાલને દિલ્હી પોલીસ પાસેથી જેડ સુરક્ષા મળી હતી. તેમની સુરક્ષામાં લગભગ ૬૩ લોકો તૈનાત છે. તેમની સુરક્ષા વ્યવસ્થામાં પાયલોટ એસ્કોર્ટ, કલોઝ પ્રોટેકશન ટીમ, હોમગાર્ડ ઉપરાંત સર્ચ એન્ડ ફિસ્કીંગ સ્ટાફ સામેલ છે. આ સેટઅપમાં લગભગ ૪૭ લોકો છે. આ ઉપરાંત કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના લગભગ ૧૫ વર્દીધારી કર્મીઓ છે.

એજન્સીઓને શંકા છે કે આની પાછળ પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈનો હાથ હોઈ શકે છે જે દિલ્હીની સાથે પંજાબમાં કાયદો વ્યવસ્થામાં કાયદો અને વ્યવસ્થાને પડકાર આપી શકે છે. હાલમાં એજન્સીઓ આ મામલે માહિતી મેળવવામાં લાગી છે.

જાસૂસી એજન્સીઓએ ભલે કેજરીવાલ પર ખાલિસ્તાની સમર્થકો હત્યા કરવાની ફિરાકમાં હોવ પણ આ મામલે કેન્દ્ર સરકાર કે આમ આદમી પાર્ટી તરફથી કોઈ પ્રતિક્રિયા વ્યક્ત નથી કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે આ પહેલા ઈન્ડિયન મુજાહિદ્દીન તરફથી કેજરીવાલને ખતરો હોવાનું એલર્ટ કર્યુ હતું.

### સુપ્રિમના આદેશ મુજબ લુટીયન્સ ઝોનમાંથી કાર્યાલયને બદલવાની ફરજ પડી

# દિલ્હીમાં કોંગ્રેસનું નવું વડુ મથક સોનિયાના હસ્તે ખુલ્લું મુકાયું: વિવાદ

નવી દિલ્હી, તા.૧૫

કોંગ્રેસ પક્ષે તેમનું રાજકીય ભવિષ્ય બદલવા તેનું વડા મથક પણ બદલ્યું છે અને આજે દિલ્હીમાં પક્ષના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પાટનગરના ૯-એ કોટલા માર્ગ પર નવા કોંગ્રેસ ભવનને ખુલ્લું મુક્યું હતું અને તેનું નામ ઇન્દિરા ગાંધી ભવન રખાતા વિરોધ થયો છે અને હાલમાં દિવંગત થયેલા પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના નેતા ડો. મનમોહનસિંહના ટેકેદારોએ આ ભવનનું સરદાર મનમોહનસિંહ રાખવાની માંગ સાથે નવા વડા મથક બહાર જ એક પોસ્ટર લગાવી દીધું હતું. કોંગ્રેસ અગાઉ ૨૪-અકબર રોડ પર લૂટીયન્સ ઝોનમાં તેનું મુખ્ય કાર્યાલય ધરાવતું હતું પરંતુ ૨૦૦૯માં કોંગ્રેસને સરકાર દ્વારા ફાળવણી કરાયેલી જમીન પર નવું કાર્યાલયનું બાંધકામ કર્યું છે જે વધુ સુવિધાપૂર્ણ છે. જેને આજે






### નવા કાર્યાલયને ઈન્દિરા ગાંધી ભવન નામ અપાતા વિરોધ: પૂર્વ વડાપ્રધાનના ટેકેદારોએ સરદાર મનમોહનસિંહ ભવનના નામનું પોસ્ટર લગાવી દીધું

સોનિયા ગાંધીએ ખુલ્લું મુકયું હતું. વાસ્તવમાં લુટીયન્સ ઝોનમાં રાજકીય પક્ષોના કાર્યાલયો જે સાંસદો અને અન્યને ફાળવવામાં આવ્યા હતા ત્યાં અનેક રાજકીય પક્ષોએ પોતાના કાર્યાલય બનાવી નાખ્યા હતા. સુપ્રિમ કોર્ટે તે કાર્યાલય દુર કરવા આદેશ આપ્યો હતો અને તેથી કોંગ્રેસે નવા કાર્યાલયનું બાંધકામ શરુ કર્યું હતું. આ માર્ગ પર આમ આદમી પાર્ટી અને દિનદયાળ માર્ગ પર દિલ્હી ભાજપનું કાર્યાલય છે.

### આર્મી ડે એ પીએમ મોદીએ સેનાને નમન કરી તેના સાહસ સમર્પણને બિરદાવ્યું

# દરિયાઈ સુરક્ષામાં વૈશ્વિક નેતા બનવામાં ત્રણ યુદ્ધ જહાજોનો સમાવેશ મોટી છલાંગઃ મોદી









મુંબઈ તા.૧૫

આજે સવારે ગાઢ ધુમ્મસ વચ્ચે વડાપ્રધાન મોદીએ મુંબઈમાં નૌસેના ડોકયાર્ડમાં નૌસેનાના ત્રણ અગ્રણી યુદ્ધ જહાજ આઈએનએસ સુરત, આઈએનએસ નીલગિરિ અને આઈએનએસ વાઘશીરને રાષ્ટ્રને અર્પણ કર્યા હતા. આ તકે રાષ્ટ્રને સંબોધતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતુ કે ત્રણ ફ્રન્ટલાઈન નૌસૈનિક યુદ્ધ જહાજોને નૌસેનામાં સામેલ થવાથી રક્ષા ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વકતા બનવાની ભારતની કોશિશોને મજબૂતી મળશે અને આત્મનિર્ભરતાની દિશામાં પ્રયાસ વધશે.

આ અંગે વધુમાં મળતી જાણકારી મુજબ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રને સમર્પિત ત્રણ મુખ્ય નૌકાદળના લડાયક જહાજોનો સમાવેશ, સંરક્ષણ ઉત્પાદન અને દરિયાઈ સુરક્ષામાં વૈશ્વિક નેતા બનવાના ભારતના સ્વપનને સાકાર કરવા તરફ એક મોટી છલાંગ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે એટલે કે બુધવારે મહારાષ્ટ્રના પ્રવાસે છે. તે રાજ્યના મુંબઈ શહેરમાં પહોંચી ગયો છે. અહીં પહોંચતા જ તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ પછી, પીએમ મોદીએ ત્રણ અગ્રણી નૌકાદળના લડાયક જહાજો INS સુરત, INS નીલગિરી અને INS વાઘશિરને મુંબઈના નેવલ ડોકયાર્ડમાં રાષ્ટ્રને સમર્પિત કર્યા. સંરક્ષણ ઉત્પાદન અને દરિયાઈ સુરક્ષામાં વૈશ્વિક નેતા બનવાના ભારતના સ્વપનને સાકાર કરવા માટે ત્રણ મુખ્ય નૌકાદળના લડાયક જહાજોનો સમાવેશ એ એક મોટી છલાંગ છે.

જહાજોને રાષ્ટ્રને સમર્પિત કર્યા પછી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "આજનો દિવસ ભારતની દરિયાઈ વારસો નૌકાદળના ગૌરવશાળી ઈતિહાસ માટે અને

**મુંબઈમાં ગાઢ ધુમ્મસ વચ્ચે વડાપ્રધાન મોદીના હસ્તે નૌકાદળના ત્રણ યુદ્ધ જહાજો– આઈએનએસ સુરત, આઈએનએસ નીલગિરિ અને આઈએનએસ વાઘશીર રાષ્ટ્રને અર્પણઃ ભારતીય સેના માત્ર યુદ્ધના મેદાન સુધી મર્યાદીત નથી, પ્રાકૃતિક આપતિઓમાં પણ તેમની માનવતાની સેવા અદ્વિતીય છેઃ મોદી**

આત્મનિર્ભર ભારત અભિયાન માટે પણ એક મોટો દિવસ છે. છત્રપતિ શિવાજી મહારાજે નવી શક્તિ અને દ્રષ્ટિ આપી હતી. નૌકાદળ આજે તેમની આ પવિત્ર ભૂમિ પર ૨૧મી સદીની નૌકાદળને મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું ભરી રહ્યા છીએ. તેમણે વધુમાં કહ્યું કે આ પહેલીવાર છે જ્યારે એક ડિસ્ટ્રોયર, ફ્રિગેટ અને સબમરીનને એકસાથે કાર્યરત કરવામાં આવી રહી છે. આ ત્રણેય મેડ ઇન ઇન્ડિયા છે તે ગર્વની વાત છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે સેના દિવસ અવસર પર ભારતીય સેનાના અદ્વિતિય સાહસ અને સમર્પણને બિરદાવી હતી. તેમણે પોતાની પોસ્ટમાં કહ્યું કે, ભારતીય સેના દેશની સુરક્ષા પ્રત્યે પોતાના અડગ સાહસ અને સમર્પણ સાથે ઊભી છે, જે દરરોજ કરોડો ભારતીયોને સુરક્ષા પુરી પાડે છે. પ્રધાનમંત્રીએ આ દિવસે ભારતીય સેનાના બલિદાનને યાદ કરતા તેમના યોગદાનને સન્માનિત કર્યું.

પીએમ મોદીએ એવું પણ કહ્યું કે, તેમની સરકાર સશસ્ત્ર દળ અને તેમના પરિવારોના કલ્યાણા માટે કટિબદ્ધ છે. તેમણે સરકાર તરફથી કરવામાં આવેલા સુધારા અને આધુનિકીકરણની દિશાની વાત કરતા એવું પણ જણાવ્યું કે, આ પ્રક્રિયા ફ્યૂચરમાં પણ ચાલુ રહેશે. પ્રધાનમંત્રીએ ભારતીય સેનાને ન ફક્ત સરહદની સુરક્ષાના પ્રતીક તરીકે પણ પ્રાકૃતિક આપદાઓના સમયે માનવીય મદદમાં પણ એક કીર્તિમાન સ્થાપિત કરનારી સંસ્થા તરીકે પણ વખાણી.

ઉલ્લેખનીય છે કે ૧૫ જાન્યુઆરીએ ભારતીય સેના દિવસ તરીકે મનાવવાનું ઐતિહાસિક કારણ પણ છે. ૧૯૪૯માં આજના જ દિવસે ભારતના છેલ્લા બ્રિટિશ કમાંડર ઈન ચીફ જનરલ ફ્રાંસિસ બુચરની જગ્યા પર લેફ્ટિનેંટ જનરલના એમ કરિયપ્પા ભારતીય સેનાના કમાંડર ઈન ચીફ બન્યા હતા. બાદમાં કરિયપ્પાને ફીલ્ડ માર્શલનો દરજ્જો આપ્યો અને ત્યારથી દર વર્ષે ૧૫ જાન્યુઆરીના રોજ આ દિવસ ભારતીય સેનાના સાહસ અને બલિદાનના પ્રતીક તરીકે મનાવવામાં આવે છે. પીએમ મોદીએ સેનાની વીરતાને પણ બિરદાવી હતી. પ્રોફેશનલ અંદાજ અને સમર્પણનું પ્રતીક ગણાવ્યું. ભારતીય સેનાની ભૂમિકા ન ફક્ત યુદ્ધના મેદાન સુધી મર્યાદિત છે, પણ પ્રાકૃતિક આપદાઓમાં પણ સેનાએ માનવતાની સેવામાં અદ્વિતીય કામ કર્યું છે. આ બધું ભારતીય સેનાની બહાદૂરી અને રાષ્ટ્ર પ્રત્યે તેમની કટિબદ્ધતાનું પ્રતીક છે. જેને આપણે દર વર્ષે સેના દિવસ તરીકે સન્માનિત કરીએ છીએ.

---

### પેરિસ ઓલિમ્પિકસના મેડલો ઘસાઈ ગયા!!

## મનુ ભાકર મેડલ બદલાવવા માંગે છે



નવી દિલ્હીઃ સ્ટાર ભારતીય પિસ્ટલ શુટર મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિકસમાં બે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે, પણ હવે તે આ મેડલ બદલાવવા માંગે છે. મનુ ભાકર વિશ્વભરના એ એથ્લીટસના એક મોટા જૂથમાં સામેલ છે જેમણે ફરિયાદ કરી છે કે તેમના મેડલ ખરાબ થઈ રહ્યા છે. હાલમાં ઘણાં પ્લેયર્સે પોતાના ઘસાઈ ગયેલા મેડલના ફોટો સોશ્યલ મીડીયા પર શેર કર્યા હતા.

એક ઈન્ટરવ્યુ પરથી જાણવા મળ્યું છે કે મનુ ભાકરના બન્ને મેડલ પણ ઘસાઈ ગયા છે અને ઝાંખા પડી ગયા છે. તે કહે છે, 'હા, મેં આ વિશે વાંચ્યુ છે. જો તેઓ રિપ્લેસ કરી રહ્યા હોય તો હું પણ મારા મેડલ બદલાવીશ.'

ઈન્ટરનેશનલ ઓલિમ્પિકસ કમીટી કહે છે કે ક્ષતિગ્રસ્ત મેડલને વ્યવસ્થિત રીતે બદલવામાં આવશે. પ્લેયર્સને આપવામાં આવતો નવો મેડલ જૂના મેડલ જેવો જ હશે.

---

### ઉતરાયણના પર્વ પતંગની ખતરનાક દોરી પશુ–પક્ષીઓ સહિત માનવો માટે જીવલેણ નીવડી

## ગુજરાતમાં પતંગની દોરીએ ૬ લોકોની જીવન દોરી કાપી

**પતંગની દોરીના કારણે અનેક લોકોના ગળા કપાતા હોસ્પિટલે દાખલ કરાયાઃ રાજયમાં રાત્રે ૯ વાગ્યા સુધીમાં ૧૦૮ને ૪૨૫૬ જેટલા ઈમરજન્સી કોલ મળ્યાઃ ૧૪૦૦ જેટલા પશુ–પંખીઓ ઘાયલ થયા**

રાજકોટ તા.૧૫

સમગ્ર ગુજરાતમાં ગઈકાલે ઉતરાયણનું પર્વ રંગેચંગે ઉજવાઈ ગયુ. આ પર્વે પતંગો ઉડાડવાના અતિરેક અને બીજાની પતંગ કાપવા માટેના ક્રેઝમાં ખતરનાક દોરીઓએ ગુજરાતમાં ૬ લોકોની જિંદગીની દોરી કાપી નાખતા મોતના બનાવ નોંધાયા છે તો પતંગની ખતરનાક ચાઈનીઝ દોરીઓએ અનેક લોકોને ઘાયલ કર્યા છે. ખતરનાક દોરીએ પક્ષીઓની જિંદગી હણી છે અને ઘાયલ કર્યાના બનાવો નોંધાયા છે.

પર્વો લોકોને રોજની ઘરેડની જિંદગીમાં તાજગી આપે છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી પર્વની ઉજવણીમાં રીતભાન ચૂકવાતા સમસ્યાઓ પેદા થઈ છે. બીજા પર્વની ઉજવણીનો ક્રેઝ અન્ય માટે ખતરો બની જાય છે. ખાસ કરીને ઉતરાયણ–મકરસંક્રાંતિના પર્વે લોકો પતંગ ઉડાડતા હોય છે. કેટલાક સ્થળે સપ્ટેમ્બર મહિનામાં લાંબા સમયગાળા સુધી પતંગ ઉડાડવામાં પરંતુ આ દિવસો કરતા છેલ્લા કેટલાક વર્ષોથી ઉતરાયણના દિવસે પતંગ ઉડાડવાનું ચલણ વધતા આ એક દિવસમાં જ ઢગલાબંધ પતંગો ઉડતી હોવાથી તેની ખતરનાક દોરીઓ અન્ય જીવો માટે જીવલેણ બને છે.

ગઈકાલે ગુજરાતમાં ઉતરાયણની ઉજવણી વચ્ચે પતંગની ખતરનાક દોરીના કારણે ૬ લોકોએ જીવ ગુમાવ્યો હતો તો અનેક લોકોના ગળા કપાતા તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડવાની ફરજ પડી હતી. ઈમરજન્સીની ફરિયાદ મળતા સવારથી મોડી રાત સુધી ૧૦૮ એમ્બ્યુલન્સ રસ્તાઓ પર દોડતી રહી હતી. રાતના ૯ વાગ્યા સુધીમાં રાજયમાં ૧૦૮ને ૪ હજાર ૨૫૬ જેટલા ઈમરજન્સી કોલ મળ્યા હતા. આ આંકડો વધુ પણ હોઈ શકે છે. ઉતરાયણ પર્વે લોકોની સાથે અબોલ પક્ષીઓ પણ ઘાયલ થયા હતા. ઉતરાયણના દિવસે ૧૪૦૦ જેટલા પશુ–પક્ષીઓ ઘાયલ થયા છે. રાતના ૯ વાગ્યા સુધીમાં કરુણા એનીમલ ફાઉન્ડેશન એમ્બ્યુલન્સને ૧ હજારથી વધુ ઈમરજન્સી કોલ મળ્યા હતા.

---

## 'ભૂત બંગલા'ના શુટીંગ વખતે અક્ષય-પરેશે મકરસંક્રાંતિ ઉજવી



મુંબઈઃ દેશભરમાં ગઈકાલે મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી થઈ હતી. બોલીવુડ સ્ટાર્સે પણ આ તહેવારની મજા માણી હતી. અક્ષયકુમારે પણ ફિલ્મના સેટ પર મકરસંક્રાંતિ ઉજવણી કરી હતી અને ઈન્ટાગ્રામ પર તે પરેશ રાવલ સાથે પતંગ ઉડાડતો હોય એવો વિડીયો શેર કર્યો હતો.

અક્ષયરે વિડીયો શેર કરતી વખતે કેપ્શનમાં લખ્યું હતું કે 'મિત્ર પરેશ રાવલ સાથે ફિલ્મ 'ભૂત બંગલા'ના સેટ પર મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી કરી રહ્યો છું. આ સાથે હર્ષ અને ઉલ્લાસના તહેવાર પોંગલ, ઉતરાયણ અને બિહુ માટે શુભેચ્છા પાઠવી રહ્યો છું.'

ડિરેકટર પ્રિયદર્શનનો 'ભૂત બંગલા'માં અક્ષયકુમાર અને પરેશ રાવલ કામ કરી જ રહ્યા છે, પણ હાલમાં આ ફિલ્મમાં તબ્બુની પણ એન્ટ્રી થઈ છે. તબુએ શનિવારે ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મની કલેપ શેર કરીને આ વાતની માહિતી આપી હતી. આ ફિલ્મના અક્ષયકુમાર, પરેશ રાવલ અને તબુનું કોમ્બીનેશન જોઈને બધાને ફિલ્મ 'હેરાફેરી' ની યાદ આવી ગઈ છે. એ ફિલ્મ પણ પ્રિયદર્શને જ ડિરેકટ કરી હતી.

---

## નકલી આવકવેરા દરોડા પ્રકરણઃ જીએસટી અધિકારીની સંડોવણી; સસ્પેન્ડ

**સસ્પેન્શન ગાળામાં હેડક્વાર્ટર વેરાવળ રાખવા આદેશ**

રાજકોટ, તા.૧૫

દાહોલમાં આવકવેરા અધિકારીઓના નામે નકલી રેડ પાડીને વેપારીને ખંખેરવાના પ્રકરણમાં જીએસટી ઈન્સ્પેકટરની પણ સંડોવણી ખુલતા ખળભળાટ સર્જાયો છે. આ ઘટનાને ગંભીર ગણીને રાજ્ય સરકારે વિપુલ પટેલને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરતો હુકમ પણ કર્યો હતો.

ત્રણ દિવસ પૂર્વે દાહોદમાં એક વેપારી પર ઈન્કમટેક્સના નામે રેડ પાડવામાં આવી હતી. 'સ્પેશ્યલ ૨૬' જેવી ફિલ્મી સ્ટાઈલની આ રેડમાં કેસ રફેદફે કરવા માટે ૨૫ લાખની માગણી કરવામાં આવી હતી. બે લાખ ચુકવાયા હતા. વધુ નાણાં આપતી વેળાએ ભાંડો ફુટયો હતો અને સાત સભ્યોની આખી ગેંગ ઝડપાઈ ગઈ હતી. આ ચર્ચાસ્પદ પ્રકરણમાં જીએસટી ઈન્સ્પેકટર વિપુલ પટેલની સંડોવણી પણ ખુલી હતી.

રાજ્ય સરકારના સૂત્રોએ કહ્યું કે આવકવેરા અધિકારીની ખોટી ઓળખ આપીને દાહોદમાં નકલી દરોડા પાડવાના કાવતરા બદલ પોલીસે જીએસટી અધિકારી વિપુલ પટેલની ધરપકડ કરી હતી. રાજ્ય જીએસટી વિભાગ દ્વારા અધિકારીની સંડોવણીના બનાવની ગંભીર નોંધ લેવામાં આવી હતી. તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવા ઉપરાંત ખાતાકિય તપાસના આદેશ કરવામાં આવ્યા છે.

જીએસટી વિભાગના આદેશમાં જણાવાય પ્રમાણે સસ્પેન્શન દરમ્યાન તેમનું વડુ મથક વેરાવળ હરેશે અત્રે ઉલ્લેખનીય છે કે નકલી દરોડા પ્રકરણમાં સાત શખ્સોની સંડોવણી ખુલી હતી અને પોલીસે તમામની ધરપકડ કરી હતી.

---

## શેરબજારમાં તેજીના માહોલ વચ્ચે ઉછાળે વેચવાલીઃ રૂપિયો ઉંચકાયો

**સેન્સેકસ ૧૧૬ પોઈન્ટ વધ્યોઃ અદાણીમાં કરંટ**

રાજકોટ તા.૧૫

મુંબઈ શેરબજારમાં આજે તેજીના માહોલ વચ્ચે ઉછાળે નફારૂપી નિકળતા ઈન્ફ્રા-ડે ઉંચી સપાટી જળવાઈ શકી ન હતી. ડોલર સામે રૂપિયો મજબૂત થયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત પ્રોત્સાહક ટોને થઈ હતી. પસંદગીના ધોરણે લેવાલીનો દોર રહેતા તેજી આગળ વધતી રહી હતી. અંતિમ તબકકામાં ઉછાળે નફારૂપી વેચવાલીથી દિવસનું સર્વોચ્ચ સ્તરે જળવાઈ શકયુ ન હતુ. આર્થિક વિકાસદર વિશે આશંકા જેવા કારણોની નેગેટીવ અસર હતી. ફુગાવો નીચો આવ્યા જેવા પરિબળો પોઝીટીવ હતા છતાં વિદેશી નાણાં સંસ્થાઓની સતત વેચવાલીથી દબાણ આવતુ રહ્યુ હતું. જાણીતા શેરબ્રોકરોના રહેવા પ્રમાણે આવતા એક પખવાડીયામાં મહત્વના ઘટનાક્રમો હોવાથી અફડાતફડીનો દોર યથાવત રહી શકે છે.

શેરબજારમાં આજે અદાણી પોર્ટ, ભારતી એરટેલ, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટ્રેન્ટ, અદાણી પાવર, બીએસઈ, અદાણી ગ્રીન, ઝોમેટો, વોડાફોન જેવા શેરો ઉંચકાયા હતા. એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંક, મહીન્દ્ર, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટાઈટન, શ્રીરામ ફાઈનાન્સમાં ઘટાડો હતો. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૧૬ પોઈન્ટના સુધારાથી ૭૬૬૧૬ હતો તે ઉંચામાં ૭૬૯૯૧ તથા નીચામાં ૭૬૪૭૯ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફ્ટી ૭ પોઈન્ટ વધીને ૨૩૧૮૩ હતો તે ઉંચામાં ૨૩૨૯૩ તથા નીચામાં ૨૩૧૪૬ હતો.

---

### લોકોને ઘીસોડાના માર્ગે પહોંચાડે છે ગુગલ મેપ !

## ગુગલ મેપે ફરી ગોથે ચડાવ્યા : મહાકુંભ જતી કાર કૌશાંબી પહોંચી વીજ થાંભલા સાથે ટકરાઈ

**શ્રદ્ધાળુઓને ઈજા, કારને નુકસાન : બાદમાં અન્ય વાહનમાં શ્રદ્ધાળુઓ મહાકુંભ પહોંચ્યા**



કૌશાંબી (ઉતરપ્રદેશ), તા. ૧૫

યુપીમાં ફરી એકવાર ગુગલ મેપે કારમાં સવાર શ્રદ્ધાળુઓને ગોથે ચડાવ્યા હતા. બિહારથી મહાકુંભ જઈ રહેલા શ્રદ્ધાળુઓની કાર ગુગલ મેપની ગરબડથી સરાઈઅકિલના બેનીરામ કટરામાં પહોંચી હતી અને ત્યાં ગાઢ ધુમ્મસના કારણે રસ્તો ન દેખાતા વીજળીના થાંભલા સાથે ટકરાઈ હતી. જેથી કારમાં બેસેલા શ્રદ્ધાળુઓને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા.

ગુગલ મેપ અવરનવાર લોકોને ધીસોડાના માર્ગે ચડાવતુ હોવાના બનાવો બનતા રહે છે. આવો જ એક બનાવ બિહારથી યુપીમાં મહાકુંભમાં કારમાં જઈ રહેલા શ્રદ્ધાળુઓને થયાનું બહાર આવ્યું છે ગુગલ મેપની ગરબડથી યુપીમાં મહાકુંભમાં ગુગલ મેપના સહારે જઈ રહેલા શ્રદ્ધાળુ યુપીના કૌશાંબી, જિલ્લામાં આવી ચડયા હતા. જયાં ગાઢ ધુમ્મસના કારણે ડ્રાઈવરને રસ્તો ન દેખાતા કાર એક વીજ થાંભલા સાથે ટકરાઈ હતી જોકે શ્રદ્ધાળુઓને મામુલી ઈજા થઈ હતી. તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા. અકસ્માતમાં કારને નુકસાન થયું હતું. આથી શ્રદ્ધાળુઓ અન્ય વાહનમાં મહાકુંભ પહોંચ્યા હતા.

---

## આદિત્ય હાઉસીંગ સોસાયટીના છઠ્ઠા માળેથી પડતું મુકી ઉષાબેન જાનીનો આપઘાત

**મૃતકનો દિકરો યુવતીને ભગાડી જતા તેણીના પરિવારજનો ધમકી આપતાં હોય જેથી ગભરાઈ જઈને આ પગલું ભર્યું હોવાનો આક્ષેપઃ રાજકોટ સિવિલમાં દમ તોડયોઃ પરિવાર શોકમય**



રાજકોટ તા.૧૫

શહેરનાં ઇસ્કોન મંદિર પાછળ આવેલ આદિત્ય હાઉસીંગ સોસાયટીમાં રહેતાં પ્રૌઢાએ છઠ્ઠા માળેથી પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. મત્યુ પામનાર ઉષાબેનનો દિકરો યુવતીને ભગાડી ગયો હોય જેથી યુવતીના પરિવારજનો ધમકી આપતાં હોય જેથી ગભરાઈ જઈને આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગત અનુસાર કાલાવડ રોડ કટારીયા ચોકડીથી આગળ ઈસ્કોન મંદિર પાછળ આવેલી આદિત્ય હાઉસીંગ સોસાયટીમાં રહેતાં ઉષાબેન કિશોરભાઈ જાની (ઉ.વ.૫૨) નામના મહિલાએ ગત ૧૩/૧ એ સાંજે છઠ્ઠા માળેથી પડતું મુકી દેતાં ગંભીર ઈજા પહોંચી હતી. તેને તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ગઈ કાલે દમ તોડી દિધો હતો. આપઘાત કરનાર ઉષાબેનના પતિ કર્મકાંડ કરી ગુજરાન ચલાવે છે. ઉષાબેનને સંતાનમાં બે પુત્ર છે. મૃતક ઉષાબેનનો દિકરો એક યુવતિને ભગાડી ગયો હોય જેથી યુવતિના પરિવારજનો ધમકી આપતાં હોવાથી જેથી તેમણે ગભરાઈને આ પગલુ ભર્યું હોવાનું પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

---

## બેટ દ્વારકા સહિતના ટાપુઓ પર દુશ્મન દેશ સામે રાષ્ટ્રની આંતરિક સૂરક્ષા જાળવી રાખવાના હેતુથી ડિમોલીશન થયું : રેન્જ આઈજી

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાની દરિયાઈ પટ્ટી પર થયેલ મેગા ડિમોલીશન ડ્રાઈવ અંગે પત્રકારોને સંબોધતા રેન્જ આઈજી અશોકકુમાર યાદવ**



**જ્યાં દબાણ દૂર કરાયું ત્યાં ફરી અતિક્રમણ ન થાય તે માટે પોલીસ ડ્રોનથી નજર રાખી તકેદારી રાખશે : ભવિષ્યમાં પણ ડિમોલીશન ડ્રાઈવ એક્ટિવ રહેશે**

રાજકોટ, તા.૧૫

રાજકોટ રેન્જ આઈજી રેન્જ આઈજી અશોકકુમાર યાદવએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાની દરિયાઈ પટ્ટી પર થયેલ મેગા ડિમોલીશન ડ્રાઈવ અંગે પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે, બેટ દ્વારકા સહિતના ટાપુઓ પર દુશ્મન દેશ સામે રાષ્ટ્રની આંતરિક સૂરક્ષા જાળવી રાખવાના હેતુથી ડિમોલીશન થયું છે.

**જામનગર જિલ્લા અને દેવભૂમિ દ્વારકા જિલ્લાથી**

દુશ્મન દેશ પાકિસ્તાનની દરિયાઈ સીમા ખૂબ જ નજીક છે. ત્યારે આ બે જિલ્લામાં છેલ્લા બે વર્ષથી મેગા ડિમોલીશન ડ્રાઈવ ચાલી રહી છે. આ અંગે પત્રકારોને માહિતી આપતાં રેન્જ આઈજીએ જણાવ્યું કે, ભારત દેશની આર્થિક, ઔદ્યોગિક અને આંતરિક સૂરક્ષા માટે જામનગર અને દેવભૂમિ દ્વારકા અતિ મહત્વના જિલ્લા છે. અહીં મોટા પ્રમાણમાં ઉદ્યોગો વિકાસ પામ્યા છે. જયારે બીજી તરફ દુશ્મન દેશની દરિયાઈ સીમા અહીંથી ખૂબ જ નજીક છે. ત્યારે આ બંને જિલ્લામાં આવેલા ટાપુઓ, લેન્ડિંગ પોઈન્ટ, જેટી, ફિશિંગ પોઈન્ટ, પોર્ટ સહિતના ભાગો દેશની સૂરક્ષા માટે સંવેદનશીલ પોઈન્ટ્સ છે. જામનગર જિલ્લામાં પ્રખ્યાત પીરોટન ટાપુ સહિત ૩૫ ટાપુઓ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બેટ દ્વારકા મળી કુલ ૨૩ ટાપુઓ છે. કુલ ૫૧ લેન્ડિંગ પોઈન્ટ્સ છે. ટાપુઓ દેશની સૂરક્ષા માટે મહત્વના હોય છે. એમાં પણ આ ટાપુઓ દુશ્મન દેશની સીમાથી ખૂબ જ નજીક છે, ત્યારે અહીં સૂરક્ષા પ્રબંધો માટે ગુજરાત સરકારે છેલ્લા બે વર્ષથી એક ઝુંબેશ શરૂ કરી છે. ગુજરાતની દરિયાઈ પટ્ટીમાં સૌરાષ્ટ્ર તરફ આવતી દરિયાઈ પટ્ટી પર ઈતિહાસ રહ્યો છે કે, અહીંથી દુશ્મન દેશ દ્વારા માણસોની ગેરકાયદે ઘુસણખોરી, નકલી નોટોની હેરાફેરી, ડ્રગ્સની હેરાફેરી, હથિયાર સહિતના વિસ્ફોટક પદાર્થોની હેરાફેરી થઈ છે. ઈતિહાસમાં એવા બનાવો સામે આવ્યા છે. ત્યારે અહીં સૂરક્ષા રાખવી ખૂબ જરૂરી છે. આવા હેતુઓ સાથે સરકારે ડિમોલીશન ઝુંબેશ શરૂ કરી છે. છેલ્લા ૪ દિવસમાં પીરોટન ટાપુ પર ૯ ધાર્મિક દબાણો દૂર કરવામાં આવ્યા છે. ૪૦૦૦ ચોરસ ફુટ જગ્યા દબાણ મુક્ત કરાઈ છે. બેટા દ્વારકા સહિતના ટાપુ પરથી ૫૦ કરોડની બજાર કિંમતની જમીનો પરથી દબાણો દૂર કરાયા છે. પોલીસ એ વાતની તકેદારી રાખશે કે અહીં ફરી અતિક્રમણ ન થાય.

---

## રાજકોટ કલેકટર તંત્ર દ્વારા કાલથી ત્રણ દિવસ યોજાશે દિવ્યાંગ સાધન સહાય મૂલ્યાંકન કેમ્પ

**કે.ટી.ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે આયોજન**

રાજકોટ,તા.૧૫

રાજકોટ કલેકટર તંત્ર દ્વારા આવતીકાલ તા.૧૬ થી ૧૮ સુધી રાજકોટમાં તેમજ તા.૨૦ થી ૨૨ જાન્યુઆરી દરમિયાન ઉપલેટા ધોરાજી અને જેતપુર તાલુકામાં દિવ્યાંગ સાધન સહાય મૂલ્યાંકન કેમ્પ આયોજિત કરવામાં આવેલ છે. રાજકોટમાં કે.ટી.ચિલ્ડ્રન હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ) ખાતે તા.૧૬ થી ૧૮ સુધી આ કેમ્પ યોજવામાં આવેલ છે. જેમાં તા.૧૬ના વોર્ડનં.૧ થી ૭ તા.૧૭ના વોર્ડ નં.૮ થી ૧૪ અને તા.૧૮ના વોર્ડનં.૧૫ થી ૨૩ના દિવ્યાંગજનો આ કેમ્પનો લાભ લઈ શકશે.અહીંએ ઉલ્લેખનીય છે કે પડધરી, વિંછીયા, લોધીકા, જસદણ, રાજકોટ ગ્રામ્ય, કોટડાસાંગાણી, ગોંડલ, અને જામકંડોરણા તાલુકામાં દિવ્યાંગ સાધન સહાય મૂલ્યાંકન કેમ્પ યોજાઈ ચુકયા છે. જેમાં ૨૧૯૭ દિવ્યાંગોનું રજિસ્ટ્રેશન થયું હતું.જેમાંથી ૧૦૭૭ દિવ્યાંગોને વિવિધ સહાયનો લાભ મળ્યો છે.

આ આઠ કેમ્પમાં ૧૯૩૦ સાધન સહાય આપવામાં આવી છે. જયારે રૂા.૧.૭૪ કરોડની રકમની સહાય અને સાધન સહાય અપાઈ છે.૮૮૨ નવા મેડીકલ સર્ટી આપવામાં આવેલ છે. ૩૯૬ દિવ્યાંગ લાભાર્થીઓને સમાજ સુરક્ષા ખાતાની યોજનાના લાભ અપાયા છે. જયારે ૧૦૮ આભા કાર્ડ કાઢવામાં આવેલ છે. આ કેમ્પ માટે પી.જી.વી.સી.એલ.દ્વારા સી.એસ.આર.હેઠળ રૂા.૫૯ લાખ જયારે આઈ.ઓ.સી. એલ.માંથી સી.એસ.આર.હેઠળ રૂા.૪૮ લાખનું ફંડ મળેલ છે.

---

## મહેસુલ સચિવ જયંતિ રવિ સાંજે રાજકોટમાં

**અધિક કલેકટર–પ્રાંત અધિકારીઓ સાથે બેઠક યોજી મહેસુલી કામગીરીની સમિક્ષા કરે તેવી શકયતા**

રાજકોટ,તા.૧૫

રાજય સરકારના મહેસુલ વિભાગના સચિવ જયંતિ રવિ આજે બપોરના ગાંધીનગરથી જામનગર જવા નિકળેલ હોય સાંજે રાજકોટ આવી પહોંચી ટુંકુ રોકાણ કરનાર હોવાનું જાણવા મળ્યું છે.મહેસુલ વિભાગના સચિવ જયંતિ રવિ રાજકોટમાં ટુંકા રોકાણ દરમિયાન કલેકટર કચેરી અથવા સર્કીટ હાઉસ ખાતે એડીશનલ કલેકટર તેમજ પ્રાંત અધિકારીઓ ડે.કલેકટર સાથે બેઠક યોજી રાજકોટ જિલ્લાની મહેસુલી કામગીરીની સમિક્ષા કરે તેવી શકયતા રહેલી છે.મહેસુલ વિભાગના સચીવ બપોરના ગાંધીનગરથી જામનગર જવા નિકળેલ હોય રાજકોટમાં ટૂંકું રોકાણ કરનાર હોય તેઓ સર્કીટ હાઉસ ખાતે અધિકારીઓ સાથે બેઠક યોજે તેવી સંભાવના રહેલી છે.

---

### નવી દિલ્હી બેઠકમાં ધુરંધરોનો ત્રિપાંખિયો જંગ

## નવી દિલ્હી બેઠક પર 'આપ'ના કેજરીવાલ અને ભાજપના પ્રવેશ વર્માએ વાજતેગાજતે ઉમેદવારીપત્ર ભર્યું

**બંને નેતાઓએ ઉમેદવારીપત્ર ભરતા પહેલા વાલ્મીકી–હનુમાન મંદિરમાં પુજા કરી : શકિત પ્રદર્શન**

નવી દિલ્હી, તા. ૧૫


વિધાનસભાની ચૂંટણીમાં દિલ્હી પર આજે આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રવેશ વર્માએ પોતાના ટેકેદારો સાથે વાજતે ગાજતે ઉમેદવારી પત્ર ભર્યુ હતું.

હોટ સીટ ગણાતી દિલ્હીની બેઠક પર કોંગ્રેસે દિલ્હીના પૂર્વ સીએમ શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિતને ટિકિટ આપીને દિલ્હીની સીટ પર ત્રિપાંખિયો જંગને વધુ રસપ્રદ બનાવી દીધો છે. આવો જ ત્રિપાંખિયો જંગ કાલકાજી બેઠક પર લડાઈ રહ્યો છે. આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી આતીશી, ભાજપના રમેશ બિધુડી અને કોંગ્રેસના અલકા લાંબા લડી રહ્યા છે.

આજે ઉમેદવારીપત્ર ભરતા પહેલા બંને નેતાઓ અરવિંદ કેજરીવાલ અને પ્રવેશ વર્માએ વાલ્મીકી મંદિરમાં પુજા કરી હતી. બાદમાં ચૂંટણી અધિકારીની ઓફિસે પહોંચ્યા હતા.

નામાંકન પહેલા કેજરીવાલ અને વર્માએ પદયાત્રા કરીને પોતાની તાકાતનું પ્રદર્શન કર્યુ હતું. બંને નેતાઓએ સંદેશ આપવાની કોશીશ કરી હતી કે જનતા તેમની સાથે છે ભીડ કોની સાથે વધુ છે તે કહેવું મુશ્કેલ હતું.

# નાગરિકોની ફરિયાદ સીધી અધિકારીના મોબાઈલમાં જશે : વિઝીટર્સ ડેસ્ક શરૂ કરતા કમિશ્નર





તસ્વીરઃ પંકજ શીશાંગીયા



## કાલથી દર ગુરૂ અને સોમવારે નાગરિકોની બારી પર નોંધણી : કયુઆર કોડ અપાશે

રાજકોટ, તા. ૧૫

નવનિયુકત મ્યુનિ. કમિશ્નર તુષાર સુમેરા ભરૂચ કલેકટર તરીકે બે વર્ષ કરેલા સફળ પ્રયોગની જેમ જ રાજકોટ મહાનગરના લોકો માટે પણ આવતીકાલથી વિઝીટર મેનેજમેન્ટ સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત કરી છે. આજે કમિશ્નર વિભાગ બાજુમાં જ જીએડી વિભાગમાં વિઝીટર ડેસ્ક શરૂ કરીને કમિશ્નર સહિતના અધિકારીઓએ મુલાકાત લીધી હતી. દર સોમ અને ગુરૂવારે લોકો સાંજે ૩ થી ૫ દરમ્યાન લોકો તેમની ફરિયાદ અંગે નોંધણી કરાવી શકશે અને કમિશ્નરને અરજદાર મળે ત્યાં સુધીમાં કમિશ્નર પાસે ફરિયાદના પુરા કેસની વિગત 'ડેશબોર્ડ'માં તેમની ચેમ્બરમાં જ ઉપલબ્ધ રહેશે.

કમિશ્નરે આજે આ મહત્વની વ્યવસ્થા લાગુ કરતા કહ્યું હતું કે, રજીસ્ટ્રેશન સાથે અરજદારની ફરિયાદની વિગત, પત્ર, કયુઆર કોડથી નોંધણી સહિતની વિગતો નોંધાઇ જશે. આ સિસ્ટમ ચાર ચેનલમાં નિર્ધારીત સમયમર્યાદામાં કામનો નિકાલ થાય તે રીતે કામ કરશે. ગ્રીન ચેનલમાં ફરિયાદ નિકાલના દિવસો નિશ્ચિત હશે. યેલો ચેનલમાં ફરિયાદ કમિશ્નર સુધી જશે. રેડ ચેનલ સુધી કામ પહોંચે તો ગ્રાન્ટની જરૂર હોવાની ચકાસણી કરાશે. તો બ્લેક ચેનલ

## ઈજનેરે ફરિયાદ નિકાલનું રીપોર્ટીંગ પણ મોબાઈલમાં કરવું પડશે : ઓટીપી મળશે

એટલે કે કામ થઇ શકે તેમ જ હોય તે અહીંથી ડિસ્પોઝ કરવામાં આવશે. એકંદરે નાગરિકને કામ થશે કે નહીં, થાય તો તેની સમયમર્યાદા શું અને ન થાય તેમ હોય તો સ્પષ્ટ ના સાથેનો અભિપ્રાય પારદર્શક રીતે આપવામાં આવશે.

ફરિયાદની વિગત નોંધાય તે સાથે જે તે વિભાગના અધિકારીને વોર્ડ સુધી મેસેજ મોબાઇલમાં પહોંચી જશે. શકય હોય તો વહેલાસર અધિકારીએ મેસેજમાં જ પ્રશ્નનું સ્ટેટસ મૂકી દેવું પડશે. દર મહિને કમિશ્નર સુધી કેટલી ફરિયાદો પહોંચી અને કેટલી નિકાલ થઇ તે કમિશ્નર જાતે પોતાના ડેશબોર્ડ પર લાઇવ જોઇ શકશે. કામ ન થાય અને કમિશ્નરને મળવાનું થાય તેવા કેસમાં પૂરા કામની હકીકત રેકર્ડ સાથે તેમની સ્ક્રીન પર રહેશે. કમિશ્નર હજુ ૨૬ જાન્યુઆરી આસપાસ નાગરિકો માટે બીજા તબકકાની અને આવતા મહિને ત્રીજા તબકકાની ફરિયાદ નિકાલ વ્યવસ્થા દાખલ કરવાના છે તે ઉલ્લેખનીય છે.

મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ મહાપાલિકાના જુદા-જુદા કામો અને જે-તે સેવાઓ અંગે કચેરીની મુલાકાતે આવતા અરજદારોની રજૂઆત કે ફરિયાદનો વ્યવસ્થિત ઢબે સત્વરે નિકાલ થાય તે માટે આવતીકાલ તા.૧૬ને ગુરૂવારથી Visitor Management System (વિઝિટર

## ગ્રીન, યેલો અને રેડ ચેનલની સિસ્ટમ : બ્લેક ચેનલમાંથી કામ સીધુ આઉટ થશે

મેનેજેમેન્ટ સિસ્ટમ)નો પ્રારંભ કરવા નિર્ણય લીધો છે.

સામાન્ય રીતે એવું બનતું રહે છે કે, કોઈ અરજદાર કમિશનરની મુલાકાતે આવે અને રજૂઆત કરે ત્યારે જ કમિશનરને જે-તે મુદ્દા વિશે માહિતી મળતી હોય છે. આ પ્રણાલીમાં હવે એવો ફેરફાર થવા જઈ રહ્યો છે કે, અરજદાર વિઝિટર મેનેજેમેન્ટ સિસ્ટમમાં પોતાની વિગતોનું રજીસ્ટ્રેશન કરાવે અને કમિશનરને રૂબરૂ મળે એ પહેલા જ કમિશનર પણ જે-તે ઇસ્યુ વિશે અગાઉથી જ વાકેફ થઇ શકશે અને અરજદારને યોગ્ય પ્રત્યુતર આપી શકશે.

વધુમાં કમિશનરએ જણાવ્યું હતું કે, દર સોમવાર અને ગુરુવારે સાંજે ૩ થી ૫ વાગ્યા દરમ્યાન કમિશનરની મુલાકાતે આવતા અરજદારોએ કમિશનર બ્રાંચમાં શરૂ કરાયેલ વિઝિટર્સ ડેસ્ક ખાતે પોતાના મોબાઈલ નંબર અને ઓળખ કાર્ડ સાથે પોતાની રજૂઆતની વિગતો નોંધાવાની રહેશે. આ નવી પહેલની વિશેષતા એ છે કે, વિઝિટર્સ ડેસ્ક ખાતે નોંધાયેલી વિગતો એ જ સમયે જે-તે સંબંધિત શાખાના અધિકારીને પહોંચી જશે અને અધિકારી તેમાં પોતાના ફીડબેક સબમિટ કરશે. અરજદાર સાથેની મુલાકાત પહેલા જ કમિશનર આ તમામ વિગતોથી વાકેફ થઇ શકશે અને અરજદાર જયારે રૂબરૂ મળે ત્યારે તેઓને યોગ્ય પ્રત્યુતર આપી શકશે.

## કમિશ્નરના ડેશબોર્ડમાં અરજદારની 'ફાઈલ' જનરેટ થઇ જશે : અધિકારીઓને સૂચના

નાગરિક દ્વારા રજુ થતા પ્રશ્નને અલગ-અલગ પાંચ કેટેગરીમાં વિભાજીત કરવામાં આવશે અને ફરિયાદના નિકાલ માટેની સમયમર્યાદા પણ નિર્ધારિત કરાવામાં આવશે.

તુષાર સુમેરાએ વધુમાં કહ્યું હતું કે, એકને એક ફરિયાદ કેટલીવાર આવે છે તેનું પણ મોનિટરિંગ થઇ શકશે તેમજ ફરિયાદનું હકારાત્મક કે નકારાત્મક નિરાકરણ ન થાય ત્યાં સુધી તેનું સતત ફોલોઅપ પણ કરવામાં આવશે. તેના આધારે ફરિયાદ નિકાલની કામગીરીમાં વહીવટી સરળતા રહેશે. વિઝિટર મેનેજેમેન્ટ સિસ્ટમ માટે ડેશબોર્ડ અને એક એપ્લીકિશન પણ બનાવવામાં આવેલ છે.

આ નવી પ્રણાલી માટે એક નોડલ અધિકારીની પણ નિયુક્તિ કરવામાં આવશે.

દરમ્યાન વિઝિટર મેનેજેમેન્ટ સિસ્ટમ અંગે આજે કમિશ્નરના અધ્યક્ષ સ્થાને તમામ શાખા અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં તેમણે તમામ અધિકારીઓને વિઝિટર મેનેજેમેન્ટ સિસ્ટમ કઈ રીતે કાર્ય કરશે તેના વિશે પ્રેઝેન્ટેશન સાથે વિસ્તૃત માહિતી આપી હતી. આ મીટીંગમાં ડે. કમિશનર મહેશ જાની, ચેતન નંદાણી અને હર્ષદ પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નિરંજન શાહ સ્ટેડિયમ પર ભારતીય મહિલા ક્રિકેટરોની સટાસટી, રનના ઢગલા

# રાજકોટમાં ટીમ ઈન્ડિયાનો રેકોર્ડ : ૪૩૫ રનનો સર્વોચ્ચ સ્કોર કર્યો

### બન્ને ઓપનર પ્રતિક રાવલ (૧૫૪ રન) અને કેપ્ટન સ્મૃતિ મંધાનાનાં (૧૩૫ રન), ૨૩૩ રનની ઓપનિંગ ભાગીદારી : હજુ બીજા વનડેમાં ૩૭૦ રન કર્યા હતા જેનો રેકોર્ડ તૂટયો

### મહિલા વનડેમાં સર્વોચ્ચ ટીમ ટોટલ ન્યૂઝીલેન્ડનો છે જેને ૨૦૧૮માં આયર્લેન્ડ સામે ૫૦ ઓવરમાં ૪૯૧ રન કર્યા હતા : કેપ્ટન મંધાનાંએ ૭૦ બોલમાં સદી ફટકારી, સૌથી ઝડપી ભારતીયનો રેકોર્ડ કર્યો

(બપોરે ૩ કલાકે)

રાજકોટ : આજે શહેરના જામનગર રોડ પર આવેલ નિરંજન શાહ સ્ટેડિયમ પર ભારતીય મહિલા ટીમે વનડેમાં તેનો સર્વોચ્ચ ટીમ ટોટલ નોંધાવી એક રેકોર્ડ સર્જ્યો છે. આજે સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલ મેચમાં પહેલા જ બોલથી સટાસટી કરવામાં આવી હતી. આજે કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ટોસ જીતી પેહલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. બન્ને ઓપનિંગ બેટરોએ ધમાકેદાર શરૂઆત અપાવી અને સદી બનાવી હતી અને ૨૩૩ રનની ઓપનિંગ ભાગીદારી રહી હતી. કેપ્ટન સ્મૃતિએ ૭૦ બોલમાં સદી કરી જે ભારતીય મહિલા દ્વારા સૌથી ઝડપી હોવાની રેકોર્ડ થયો, તેને હરમનપ્રીત કૌરનો રેકોર્ડ તોડયો જે ૮૫ બોલમાં સદીનો હતો. આ સાથે સ્મૃતિ ૧૨ ચોગ્ગા, ૭ છગ્ગા સાથે ૮૦ બોલમાં ૧૩૫ રન કરી આઉટ થઈ. તો સામે પ્રતિક રાવલ ફૂલ ફોર્મમાં હતી અને ફરી એક વખત તેને ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી. પ્રતિકા રાવલ માટે આ સીરીઝ ખૂબ સફળ રહી છે જેમાં તેણે પેહલા બે મેચમાં અર્ધી સદી તો ત્રીજા મેચમાં ૧૨૯ બોલમાં ૧ છગ્ગો અને ૨૦ ચોગ્ગા સાથે ૧૫૪ રન કર્યા.







આ ઉપરાંત રિચા ગોશે ૫૯ રન કર્યા, હરલિન દેયોલે ૧૫ રન કર્યા. જેમિમાં રોડ્રિગ્સ ૪ અને દીપ્તિ શર્મા ૧૧ પર અં રહ્યા. ટીમ ઇન્ડિયાએ ૫૦ ઓવરમાં ૪૩૫ રન કર્યા જે એક ટીમનો સર્વોચ્ચ સ્કોરનો રેકોર્ડ છે. જોકે મહિલા ક્રિકેટમાં ન્યુઝીલેન્ડ દ્વારા ૨૦૧૮ માં આયર્લેન્ડ સામે ૪૯૧ રન કરવાનો રેકોર્ડ છે જે આજે પણ અકબંધ છે.

આજે પણ શાળા કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા ટીમ ઈન્ડીયાને ભરપૂર સપોર્ટ મળ્યો હતો. આજે સ્ટેડિયમ પર ૫૦૦૦ જેટલા પ્રેક્ષકોની હાજરી જોવા મળી હતી.

## સીઝફાયરની તૈયારી વચ્ચે ગાઝામાં ઈઝરાયેલનો હુમલોઃ ૧૧ લોકોના મોત

ઈઝરાયેલ-હમાસ વચ્ચે છેલ્લા ૧૫ મહિનાથી ચાલી રહેલા યુદ્ધનો અંત હવે નજીક હોવાના સંકેત છે તેવા સમયે જ ઈઝરાયેલે ગાઝા પર વધુ એક હુમલો કર્યો હતો જેમાં ૧૧ લોકોના મોત નિપજયા હતા. પેલેસ્ટાઈન આરોગ્ય વિભાગે કહ્યુ કે એરસ્ટ્રાઈકમાં ૧૧ લોકોનો ભોગ લેવાયો હતો. હમાસે અપહત ઈઝરાયેલીઓને મુકત કરવાનું સ્વીકારીને સીઝફાયરના



મુસદાનો સ્વીકાર કર્યો છે તેવા સમયે આ હુમલો થયો હતો. ઈઝરાયેલી અધિકારીએ, જો કે, એમ કહ્યુ કે સીઝફાયરની વાટાઘાટો પ્રગતિ હેઠળ છે અને મુસદાને આખરી સ્વરૂપ આપવામાં આવી રહ્યુ છે. ૭ ઓકટોબર ૨૦૨૩ના રોજ દક્ષિણ ઈઝરાયેલમાં ત્રાસવાદી હુમલા બાદ ૧૫ મહિનાથી બન્ને દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યાનું ઉલ્લેખનીય છે.

## ૨૭ વર્ષિય યુવકે પોતાની જાતે જ ગળામાં છરી મારી દીધી

### યુવકે ગુસ્સામાં આવી આ પગલું ભર્યું હોવાનું તારણઃ સારવારમાં

રાજકોટ તા.૧૫

મેટોડા જીઆઈડીસીમાં આવેલ ડેલ્ટા ટેકનો કાસ્ટનાં કારખાનાંમાં કામ કરતાં યુવકે ગુસ્સામાં પોતાની જાતે જ ગળામાં છરી મારી દેતાં ગંભીર હાલતમાં રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ યુવક સારવાર હેઠળ છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મેટોડા જીઆઈડીસીમાં ડેલ્ટા ટેકનો કાસ્ટનાં કારખાનાંમાં કામ કરતો સુધીરકુમાર પુલીસરાય (ઉ. વ.૨૭) નામના યુવકે ગઈ કાલે સાડા અગિયારેક વાગ્યાની આસપાસ પોતાનાં જાતે જ ગળામાં છરી મારી દિધી હતી. બાદ યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં પ્રસ્થાન હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર હેઠળ છે. બનાવ અંગે ઈજાગ્રસ્ત યુવકે જણાવ્યુ કે ગુસ્સામાં આવી આ પગલું ભર્યું હોવાનું જણાવ્યુ હતું. યુવક મૂળ બિહારનો વતની છે. અને અહી કારખાનામાં મજુરી કામ કરે છે. તેને સંતાનમાં એક પુત્રી છે.

# કેનાલ રોડ, યાજ્ઞિક રોડ, સોની બજાર, ગોંડલ રોડ સહિતના વિસ્તારોમાં ૧૨ મિલ્કતો સીલ કરતું તંત્ર

### વોર્ડ નં.૭માં બાકીદારો પર તવાઈ : આજે બપોર સુધીમાં ૩૯.૮૯ લાખની રીકવરી

રાજકોટ, તા. ૧૫

મ્યુનિ. કોર્પોરેશનની ટેકસ શાખાએ આજે વધુ ૧૨ બાકીદારોની મિલ્કત સીલ કરી છે જેમાં કેનાલ રોડ, સોની બજાર, આશાપુરા રોડની મિલ્કતો સામેલ છે.

વોર્ડ નં.૭માં કેનાલ રોડ પર આવેલ શ્રીનાથજી કોમ્પ્લેક્ષમાં ચાર ઓફિસ, કેનાલ રોડ પર અન્ય એક ઓફિસ, આશાપુરા મેઇન રોડ પર કુંજવન, સોની બજારના રાધાકૃષ્ણ ચેમ્બરમાં બે દુકાન, યાજ્ઞિક રોડ પર બે મિલ્કત, યાજ્ઞિક રોડના બિઝનેસ ટર્મીનલમાં બે દુકાનને સીલ મારવામાં આવ્યા હતા. ગોંડલ રોડના પ્રમુખ સ્વામી આર્કેડમાં પણ એક દુકાનને તાળા મારવામાં આવ્યા છે. વોર્ડ નં.૧ના ૮૦ ફુટ રોડ, વોર્ડ નં.૬ના દુધસાગર રોડ, વોર્ડ નં.૮ના કાલાવડ રોડ અને ૧૫૦ ફુટ રોડ, વોર્ડ નં.૧૨ના બાલાજી પાર્કમાં રીકવરી થઇ હતી. વોર્ડ નં.૧૪ના લક્ષ્મીવાડી, ભકિતનગર સર્કલ પાસે, ઢેબર રોડ, કેવડાવાડીમાં પણ સીલીંગ ટીમ જતા ચેક જમા થયા હતા. આજે બપોર સુધીમાં ૩૯.૮૯ લાખની ટેકસની આવક થઇ હતી. આ સાથે તા.૧-૪-૨૪થી આજ સુધીમાં વેરા વસુલાતનો આંકડો ૩૩૭.૬૦ કરોડે પહોંચ્યાનું વિભાગે જણાવ્યું હતું.





# કડકડતી ઠંડીમાં શ્વાનો ભુરાયા : ૧૦૦૬ લોકોને કરડયા

### ચાલુ જાન્યુઆરી માસના પખવાડિયામાં આતંકની ફરિયાદો : ભોગગ્રસ્તો આરોગ્ય કેન્દ્રો પર દોડયા..

રાજકોટ, તા. ૧૫

રાજકોટના લગભગ તમામ વિસ્તારમાંથી શ્વાનોના ત્રાસની ફરિયાદો આવતી રહે છે. પરંતુ શ્વાનોને પકડવા અને તેને ઓપરેશન બાદ મુળ જગ્યાએ જ છોડવા સહિતના આકરા કાયદાના કારણે કાયમી ત્રાસ દુર થતો નથી. તે દરમ્યાન કડકડતી ઠંડીમાં શ્વાનો કરડવાના કિસ્સા વધ્યાનું જાણવા મળ્યું છે. જાન્યુઆરી મહિનાના પ્રથમ પખવાડિયામાં જ કોર્પો.ના ચોપડે એક હજારથી વધુ લોકોને શેરી-ગલીઓમાં રખડતા શ્વાનોએ બચકા ભર્યાનું બહાર આવ્યું છે.

રાજકોટ મહાપાલિકા તંત્ર શ્વાનની વસ્તી ન વધે તે માટે વ્યંધિકરણના ઓપરેશન તેમજ રખડુ શ્વાનોને હડકવા વિરોધી રસીકરણ કરવા પાછળ વર્ષે મોટો ખર્ચ કરે છે છતાં શ્વાન કરડવાના કેસ સતત વધી રહ્યા છે. શ્વાનોની વસતી વધી રહી છે કે પછી હિંસક બની રહ્યા છે તે બાબત તપાસનો વિષય છે. ચાલુ વર્ષમાં જાન્યુઆરી-૨૦૨૫ના પ્રારંભે તા.૧થી ૧૪ સુધીમાં શહેરમાં ૧૦૦૬ શહેરીજનોને કૂતરા કરડ્યા છે.

આ આંક તો જેમણે કૂતરૂ કરડ્યા બાદ મહાપાલિકાના આરોગ્ય કેન્દ્રોમાં ઇન્જેકશન અને સારવાર લીધી છે તેમના જ છે, જો અન્ય હોસ્પિટલોમાં સારવાર લેનારનો આંક સામે આવે તો આ કેસની સંખ્યા વધુ હોવાનું માનવામાં આવે છે.

મહાપાલિકાના તમામ આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા ૧૪ દિવસમાં કૂતરૂ કરડ્યાના પ્રતિ દિવસના સરેરાશ ૭૨ કેસ આવ્યા છે અને આ મુજબ કુલ કેસ ૧૦૦૬ થયા છે. હાલ તમામ આરોગ્ય કેન્દ્રોમાં શ્વાન કરડ્યા બાદ અપાતા ઇન્જેકશનનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે, ખાનગી હોસ્પિટલોમાં આ ઇન્જેકશનના રૂ.૩૦૦૦થી ૩૫૦૦ વસુલાતા હોય છે, જયારે મહાપાલિકાના આરોગ્ય કેન્દ્રોમાં તદ્દન વિનામૂલ્યે ઇન્જેકશનનો કોર્સ કરાવાય છે જેના લીધે મ્યુનિ. આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓનો ધસારો વધુ રહે છે.

જોકે રેસકોર્સ, પુજારા પ્લોટ, ૮૦ ફુટ રોડ, નિર્મલા રોડ, મઢી ચોક, મવડી, કુવાડવા રોડ, જંગલેશ્વર, રામનાથપરા સહિતના અનેક વિસ્તારોમાં રહેલો ત્રાસ લગભગ કયારેય ઓછો થતો નથી. બાળકો અને વડીલોની ચિંતા પરિવારોને ડરાવતી હોય છે. આવા વિસ્તારોમાં શ્વાનપ્રેમીઓ દુધથી માંડી બિસ્કીટ વિતરણના કાયમી પરબના પોઇન્ટ દુર કરે તો શ્વાનોના અડ્ડા બંધ થાય તેમ છે. અન્યથા અન્ય લોકોના ઘર અને વિસ્તાર પાસે આવો શ્વાન પ્રેમ અન્ય લોકો માટે જોખમી બને છે તેવી ફરિયાદ કાયમ આવે છે.

# સિવિક સેન્ટર બહાર બે દિવસથી ભૂગર્ભ ગટરનો પાઈપ



તસ્વીરઃ પંકજ શીશાંગીયા

મહાપાલિકામાં જન્મ-મરણ અને આધાર કાર્ડ કેન્દ્રમાં લાઇનો વચ્ચે બે દિવસથી અરજદારો કોર્પોરેશનની વિચિત્ર બેદરકારી પણ જોઇ રહ્યા છે. પુરા રાજકોટમાં મનપાની સેવાઓ સામેની ફરિયાદોમાં કાયમ ભુગર્ભ ગટર વિભાગ અવ્વલ રહે છે. વર્ષની કુલ ફરિયાદોમાં ૬૦ ટકા જેટલી ફરિયાદ ડ્રેનેજની હોય છે. હવે સેન્ટ્રલ ઝોન ઢેબર રોડ કચેરીએ સિવિક સેન્ટર અને આધાર કેન્દ્ર બહાર રહેલી ભૂગર્ભની લાઇન પાઇપમાંથી બે દિવસથી લીક થઇ રહી છે. સોમવારે પણ અરજદારો આ જગ્યાએ લાઇનમાં ઉભા હતા. આજે પણ લીકિજ ચાલુ હોય, કોર્પો. પોતાની કચેરીમાં જ ડ્રેનેજ લાઇન તત્કાલ રીપેર કરતું નથી ત્યારે વિસ્તારોમાં કયારે પહોંચતુ હશે તે સવાલ લોકો કરતા હતા. તસ્વીરમાં આજે પણ સિવિક સેન્ટર બહાર લાગેલી લાઇન વચ્ચે એક બાળક ખુબ નાના બાળકને સંભાળીને અને તેનો વારો કયારે આવે તે રાહ જોઇને બેઠેલો જોવા મળ્યો હતો.

(તસ્વીર : પંકજ શીશાંગીયા)

## અકસ્માતમાં ઘવાયેલ મનસુખભાઈ ગોહેલનું મોત

### જામનગર રોડ પરનો બનાવઃ બે સંતાને પિતાની છત્રછાયા ગુમાવતા કલ્પાંતઃ પોલીસે તપાસ હાથ ધરી


રાજકોટ તા.૧૫

અકસ્માતમાં ઘવાયેલ મનસુખભાઈ ગોહેલનું મોત નિપજ્યું હતું. મચ્છોનગર-૨માં રહેતાં મનસુખભાઈ કામ અર્થે જતા હોય ત્યારે જામનગર રોડ પર અકસ્માત સર્જાયો હતો. બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ દ્વારકાધીશ પંપ પાછળ સરકારી સ્કુલ પાસે મચ્છોનગર-૨ માં રહેતાં મનસુખભાઈ બાબુભાઈ ગોહેલ (ઉ.વ.૩૮) ગઈ કાલ રાત્રિના સાડા આઠ વાગ્યાની આસપાસ પોતે બાઈક લઈ જતાં હતાં ત્યારે જામનગર રોડ નાગેશ્વરના ખૂણા પાસે પહોચતા કોઈ કારણોસર બાઇકમાંથી નીચે પટકાતાં ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં આજે દમ તોડી દેતાં ગમગીની છવાઇ ગઇ હતી. મૃત્યુ પામનાર મનસુખભાઈ બે ભાઈ અને ત્રણ બહેનમાં વચેટ હતાં. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૪૩૫-૨૪૮૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૮૫-૨૨૩૫ |
| પામોલીયન તેલ | ૨૧૯૫-૨૨૦૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૯૦-૨૨૧૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૧૦-૨૧૪૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૦૦-૨૨૩૦ |
| કોપરેલ | ૩૩૯૦-૩૪૫૦ |
| દિવેલ | ૨૨૦૦-૨૨૧૦ |



### સોનુ-ચાંદી


| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૮૦,૯૦૦(-) |

| ચાંદી |
|---|
| ૯૨૧૦૦(- |

### ધનારક કમુહુર્તા પૂર્ણ થતાં શુભ કાર્યોનો પ્રારંભઃ જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં પુષ્કળ લગ્નો

# પ્રથમ ગણેશ બેસાડો રે... કાલથી શરણાઈના સૂર ગુંજશે





**તા.૨જી ફેબ્રુ.ના વસંત પંચમી છે, ક્ષયતિથિ હોવાથી લગ્નનું મુહર્ત નથીઃ તા.૬ માર્ચથી તા.૧૪ માર્ચ હોળાષ્ટક, તા.૧૪ માર્ચથી ૧૪ એપ્રિલ મીનારક કમુહર્તા હોવાથી શુભકાર્યોમાં બ્રેકઃ લગ્નપ્રસંગને સંબંધીત ધંધાર્થીઓમાં ખુશીની લ્હેર**

ગઈ તા.૧૫મી ડિસેમ્બરથી ધનારક કમુહુર્તાનો પ્રારંભ થયો હતો. ગઈકાલે તા.૧૪મીના સવારે સૂર્યનો મકરરાશિમાં પ્રવેશ થતાં ધનારક કમુહુર્તા પુર્ણ થયા છે. અત્યાર સુધી શુભકાર્યો પર લાગેલી બ્રેકનો અંત આવતા હવેથી શરણાઈના સૂરો ગુંજવા લાગશે. ઓફિસના ઉદઘાટન, મકાનના દસ્તાવેજ, વાહનોની ખરીદી સહિતના શુભકાર્યો શરૂ થયા છે.

આવતીકાલ તા.૧૬મીથી લગ્નના મુહુર્તો શરૂ થઈ રહ્યા છે. પાર્ટીપ્લોટ, વાડીઓ વગેરે અગાઉથી બુક થઈ ગઈ છે. કાલથી બેન્ડવાજાના સુરો સાંભળવા મળશે. લગ્નપ્રસંગ પર કેટરીંગ, ફુલવાળા, બ્યુટીપાર્લર સહિતના ધંધાર્થીઓમાં કરંટ જોવા મળશે. જ્ઞાતિના સમુહ લગ્નોના આયોજનો થયા છે.

**જાન્યુઆરી**

જાન્યુઆરીમાં લગ્નના મુહુર્તોની તારીખો અહીં અપાઈ છે. જેમાં આવતીકાલતા.૧૬,૧૭,૧૯,૨૧,૨૨,૨૪,૨૬ તથા તા.૩૦ના મુહુર્તો શ્રેષ્ઠ છે.

આગામી તા.૨જી ફેબ્રુઆરીના વસંત પંચમી છે, પરંતુ આ વર્ષે પાંચમ તિથિ ક્ષયતિથિ હોવાથી વસંત પંચમીના દિવસે લગ્નનું મુહુર્ત નથી.

**ફેબ્રુઆરી**

ફેબ્રુઆરીમાં ૩,૪,૬,૭,૧૨,૧૩, ૧૪,૧૫,૧૬,૧૭,૨૦,૨૧,૨૨,૨૩ તથા ૨૫ના લગ્નના શુભ મુહુર્તો છે.

**માર્ચ**

માર્ચમાં લગ્નના મુહુર્તો માત્ર બે જ છે. તા.૨ તથા તા.૩ના શુભ મુહુર્તો છે.

**હોળાષ્ટક**

હોળાષ્ટકનો પ્રારંભ તા.૬-૩ થી તા.૧૪-૩ સુધી છે જેથી શુભકાર્યો, લગ્ન વગેરે થઈ શકશે નહી.

**મીનારક કમુહુર્તા**

આગામી તા.૧૪મી માર્ચથી તા.૧૪ એપ્રિલ સુધી મીનારક કમુહુર્તા છે. મીનારક કમુહુર્તા તા.૧૪મીના વહેલી સવારે પુર્ણ થતા હોવાથી તા.૧૪ એપ્રિલનું લગ્નનું મુહર્ત છે.

**એપ્રિલ**

એપ્રિલ મહિનામાં તા.૧૪,૧૬,૧૮, ૧૯,૨૦,૨૧,૨૨,૨૫,૨૯,૩૦ના દિવસો લગ્નપ્રસંગ માટેના શુભ મુહુર્તો છે.

**મે**

મહિનામાંતા.૧,૫,૬,૮,૯,૧૦,૧૩, ૧૪,૧૫,૧૬,૧૭,૨૦,૨૩ તથા ૨૪ના દિવસો લગ્નના શ્રેષ્ઠ મુહુર્તો છે.

**જૂન**

જૂન મહિનાના લગ્નના મુહુર્તોમાં તા.૧,૨,૫ અને ૬ છે. તા.૧૨મી જૂનથી તા.૭ જુલાઈ સુધી ગુરૂગ્રહનો અસ્ત છે. આથી ગુરુગ્રહના અસ્તમાં લગ્ન થઈ શકતા નથી.તા.૬ઠીના જુલાઈના દેવમોટી અગિયારસ છે. દેવપોઢી અગિયારસથી લગ્નના મુહુર્તો હોતા નથી. ૩૦ એપ્રિલના અખાત્રીજનું વણજોયું મુહુર્ત છે. તેમ શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંતરત્ન)એ જણાવેલ છે.









# કમુહૂર્તા પુરા થતા જ પરિન મોટર્સ દ્વારા આજે ૧૦૦ ગાડીની ડિલિવરી કરાઈ

## અલ્ટ્રો, પંચ, સફારી, કર્વ્વ, હેરીયરની ગાડી માટે ખાસ ડીલિવરી સેરીમની યોજાઈ

રાજકોટ,તા.૧૫

ટાટા મોટર્સ અનેકવાર પોતાના ગ્રાહક માટે કંઈકને કંઈક નવુ લાવે છે ત્યારે આજરોજ ટાટા મોટર્સ દ્વારા પોતાના માનવંતા ગ્રાહકો માટે ડિલેવરી સેરીમનીનું આયોજન કર્યુ હતું.આપણે અહી કમુર્તામાં કોઈ પણ વસ્તુ ખરીદી થતી નથી કે શુભ કાર્યો થતા નથી આથી આજે કર્મુતા પુરા થતા જ ટાટા મોટર્સ દ્વારા ૧૦૦ કારની ડિલીવરી માટે ખાસ સેરીમની રાખવામાં આવી હતી.

૧૫૦ ફુટરીંગ પાસે આવેલ અમૃત સાગર પાર્ટીપ્લોટમાં ડિલિવરી સેરેમની રાખવામાં આવી હતી. કમુર્તા દરમ્યાન જે ગ્રાહકો પોતાની કાર પસંદ કરી ગયા હતાં. તેઓને આજે એક સાથે ડિલિવરી આપી હતી.૧૦૦ ગ્રાહકોને અલ્ટ્રો, પંચ, સફારી, કર્વ્વ, હેરીયર સહિતની ગાડીની ડિલીવરી કરવામાં આવી હતી.ટાટામોટર્સ નવી પ્રોડકટ ટુંક સમયમાં લોન્ચ કરશે તેને પણ જોવા ટાટા મોટર્સના જનરલ મેનેજર ચીરાગ ઠાકર દ્વારા ગ્રાહકોને આમંત્રણ પાઠવ્યું છે.

ટાટા મોટર્સના રાજકોટમાં ત્રણ શોરૂમ કાર્યરત છે. એક ગોંડલ રોડ અને બીજો ૧૫૦ ફુટરીંગ રોડ શિતલપાર્કની બાજુમાં ધ સ્પાયરમાં છે ટુંક સમયમાં ટાટાની ટીયાગો અને ટેગોર કારનું લોન્ચીંગ રાખવામાં આવશે.



### રાજકુમાર કોલેજના ઓલ્ડ આરકેસીઅન્સ એસો.દ્વારા આયોજીત સન્માન સમારંભ

# શિક્ષણના આધારસ્થંભ અને ૧૨૦ થી વધુ ભુતપૂર્વ ગુરૂજનોના બહુમાન કરી કૃતજ્ઞતા વ્યકત કરવામાં આવી



રાજકોટ,તા.૧૫

૧૫૫ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે પ્રદાન આપતી, જે આઝાદી પહેલાના રાજા રજવાડાઓના સમયથી અડીખમ ઉભેલી છે અને આજે પણ સમય મુજબ નવા પરિવર્તનો સાથે કદમ મિલાવીને આગવી ઓળખ ધરાવતી રાજકોટની પ્રતિષ્ઠીત રાજકુમાર કોલેજમાં તાજેતરમાં ઈતિહાસમાં પ્રથમ વખત ભૂતપુર્વ શિક્ષકોનું બહુમાન કરવા રાજકુમાર કોલેજના ઓલ્ડ આરકેસીઅન્સ એસોસીએશન દ્વારા ભવ્ય ઐતિહાસિક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળા પરિવારના સભ્યોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી હતી.

ઓલ્ડ આરકેસીઅન્સ એસોસિએશનના (ઓઆરએ) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ગર્વભેર ૧૯૬૫ થી ૨૦૦૦ ની સાલ વચ્ચે સમર્પિત સેવા આપનાર અને જીવન ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવનાર માનનીય ગુરુજનોને સન્માનીત કરવા માટે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં ૧૨૦ થી વધુ ભૂતપુર્વ ગુરુજનોના બહુમાન તથા ૨૦ સ્ટાફના સભ્યો જે હયાત ન હતા તેમને શ્રધ્ધાંજલી અર્પણ કરી તેમના સંતાનો કે પરિવારજનોને સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. શિક્ષણના આધારસ્તંભ અને વારસારુપ ભૂતપુર્વ ગુરુજનોના બહુમાન કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવા યોજાયેલ આ કાર્યક્રમમાં ૧૫૦ થી વધુ સ્ટાફ સભ્ય પરિવાર, ૯૦૦થી વધુ ભૂતપૂર્વ અને વર્તમાન સમયના વિદ્યાર્થીઓ જોડાયા હતા અને વિદ્યાર્થીકાળના સંસ્મરણોને ફરી તાજા કર્યા હતી.

આ સમારંભમાં જે શિક્ષકો કે સ્ટાફના સભ્યો રુબરુ હાજરી આપી શકયા ન હતા તેમને માટે સ્મૃતિ ચિહ્નો નિવાસસ્થાને મોકલી આપવામાં આવ્યા હતા. આ સન્માન કાર્યક્રમના ૫૦ અને ૮૦ વર્ષથી વધુ આયુ ધરાવતા વડીલ શિક્ષકોએ પણ હાજરી આપી હતી કે જેમણે રાજકુમાર કોલેજના ભવ્ય ઈતિહાસમાં સુવર્ણ અધ્યાયનનો ઉમેરો કરવા માટે સમર્પણ અને સેવાઓ આપી હતી. ઐતિહાસીક ઘડીમાં સાક્ષી થનાર તમામ ગુરુજનોએ ઓલ્ડ આરકેસીઅન્સ એસોસિએશનના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ અર્થપૂર્ણ સન્માન સમારંભના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓએ પણ આ સમારંભના સંસ્મરણો વાગોળતા આવનાર વષોમાં આવા કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓ અને ગુરુજનો વચ્ચે સંપર્કસેતુ ટકાવી રાખવાની નેમ લીધી હતી.

# પતંગ-ખાણીપીણી સહિતની દુકાનોમાંથી પ્લાસ્ટિક જપ્ત

## જાહેરમાં ગંદકી કરતા ધંધાર્થીઓને રૂા.૯,૫૦૦નો દંડ



રાજકોટ, તા. ૧૫

મહાપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પતંગ બજારો સહિતના વિસ્તારોમાંથી વધુ ૩૯ ધંધાર્થી પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ખાણીપીણી બજારમાં પણ પાર્સલમાં વપરાતું પ્લાસ્ટિક જપ્ત કરાયું હતું.

સેન્ટ્રલ ઝોનના જુદા જુદા રસ્તેથી ૧૬, વેસ્ટ ઝોનમાં ૮ અને ઈસ્ટ ઝોનમાં ૧૫ ધંધાર્થી પાસેથી આ પ્લાસ્ટિક પકડાયું હતું. ઝબલા, કોથળીઓ સહિતનો માલ પણ અમુક દુકાનમાંથી જપ્ત કરવામાં આવ્યો હતો તો જાહેરમાં કચરો અને ગંદકી ફેંકતા આસામીઓ પાસેથી રૂા. ૯,૫૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.




# રવિવારે નવનાત વણિક સમાજ મેડીકલ કમીટી દ્વારા રાહત દરે બોડી ચેકઅપ કેમ્પ

## સર્વ જ્ઞાતિ માટે વહેલા તે પહેલાનાં ધોરણે રજીસ્ટ્રેશન

નવનાત વણીક સમાજ મેડીકલ કમીટી દ્વારા આગામી રવિવાર તા.૧૯નાં રોજ સવારનાં ૧૦ થી ૪ શ્રી દશા સોરઠીયા વણીક જ્ઞાતિ સમાજ (માલવીયા વાડી) ગોંડલ રોડ, રાજકોટ ખાતે બોડી ચેકઅપ કેમ્પ, ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.નવનાત વણીક સમાજના સહયોગી પ્રમુખ જયેશભાઈ ધ્રુવ સહિત કમિટી મેમ્બર્સે સાંજ સમાચાર કાર્યાલયની મુલાકાતમાં જણાવ્યું હતું કે આ કેમ્પમાં જ્ઞાતિ બાદ નથી સર્વ જ્ઞાતિ માટે બોડીચેકઅપ વેઈટ લોસ અને ડેન્ટલ કેમ્પ યોજાશે બોડીચેકઅપ રિપોર્ટ માર્કેટમાં રૂા.૪૦૦૦ છે જયારે કેમ્પમાં માત્ર રૂા.૪૦૦ રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાનાં ધોરણે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.કેમ્પમાં નામ નોંધાવવા નમ્રતાબેન શાહ ૭૪૦૫૮ ૨૪૪૨૬, યોગેશભાઈ બાવીશી ૯૪૨૭૬ ૭૪૮૪૮, નરેન્દ્રભાઈ, જીતેશભાઈ વાગડીયા, અમીતભાઈ ઘેલાણી, વીરેનભાઈ મહેતા, સ્વીરીબેન મહેતા, સીલાબેન શાહ, આશાબેન ગોસળીયા, દીપાલીબેન વોરાનો સંપર્ક સાધવો.

### પૂ. મોરારીબાપુની ઉપસ્થિતિમાં 'પર્વ ચતુર્દશી' ઉજવાશે

સાવરકુંડલા ખાતે શિક્ષણ, સાહિત્ય અને સેવાના ત્રિસત્યને સમર્પિત શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ બુધવાર અને ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ ગુરુવારના દિવસે નાટયપર્વ, સેવાભૂમિ પૂજનપર્વ અને સાહિત્ય-શિક્ષણ સન્માન પર્વ રૂપે 'પર્વ ચતુર્દશી'નું આયોજન કરવામાં આવ્યું છે.તદ્દન નિઃશુલ્ક હોસ્પિટલ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નિમિત્તે આરોગ્યના સેવાયજ્ઞને સંતોષદાથી રીતે એક દાયકો પૂર્ણ થઈ રહ્યો છે. પૂ. મોરારીબાપુના હસ્તે થવાનું છે સાથે સાહિત્ય શિક્ષણ અને સંગીત સન્માન પર્વત યોજાશે સાથે કવિ રાવજી પટેલ એવોર્ડ પણ અર્પણ કરવામાં આવશે અને પુસ્તક લોકાર્પણ પણ થવાનો છે અને નિબંધ સ્પર્ધાના વિજેતાઓને પારિતોષિક અર્પણ કરવામાં આવશે.





### એનિમલ હેલ્પલાઈનનો મેડીકલ સ્ટાફ, પેરા મેડીકલ સ્ટાફ ખડેપગે

# મકરસંક્રાંતિએ ઘવાયેલા, ઈજા પામેલા ૪૬૩ પક્ષીઓની સારવાર કરાઈઃ આજે ૧૦૭ કેસ આવ્યા

**કરૂણા અભિયાનના ૧૬ કંટ્રોલ રૂમ કાર્યરતઃ પતંગની દોરીના ગુચ્છા જમા કરાવનારને આપશે રૂ.૧૫૧નું પુરસ્કાર**

રાજકોટ, તા.૧૫

કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન રાજકોટ દ્વારા આયોજિત વિશ્વના સૌથી મોટા 'પક્ષી બચાઓ અભિયાન-૨૦૨૫' માં અત્યાર સુધી પતંગના દોરાઓથી ઘવાયેલા ઘણા પક્ષીઓ સારવાર માટે લાવવામાં આવ્યા છે. એનિમલ હેલ્પલાઈનનો મેડીકલ સ્ટાફ, પેરા મેડીકલ સ્ટાફ સતત ખડે પગે રહીને પક્ષીઓની સારવાર કરી રહ્યું છે જેથી કરીને તેમનું જીવન બચાવી શકાય.

ગઇકાલ તા.૧૪ જાન્યુઆરીએ આખા દિવસ દરમિયાન પતંગનાં દોરાઓથી ઘવાયેલા, ઈજા પામેલા ૪૬૩ પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી. જેમાં ૪૫૩ કબૂતર, ૪ સમડી, ૨ હોલા, ૨ રણ કાગડા, ૧ પોપટ અને ૧ ચકલીનો સમાવેશ થાય છે અને આજે તા.૧૫ જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યા સુધીમાં ૧૦૭ પક્ષીઓ સારવાર માટે લાવવામાં આવ્યા છે. તેમજ રાત્રે ૯ વાગ્યા સુધી એનીમલ હેલ્પલાઈનનો કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે ત્યારબાદ ઘવાયેલા પશુ, પક્ષીઓ માટેની આ સેવા એનીમલ એમ્બ્યુલન્સ દ્વારા ૩૬૫ દિવસ, ૨૪ કલાક શરૂ રાખવામાં આવશે. ઘણા વિસ્તારોમાં વીજળીના તાર પર, ઝાડ પર, અગાસી ઉપર, બિલ્ડીંગો પર જેવી અનેક જગ્યાએ લટકતાં દોરા તેમજ કપાયેલા ફાટેલાં પતંગો જોવા મળે છે જે પક્ષીઓ માટે ફાંસીના ગાળીયા સમુ કાર્ય કરે છે.

આવા ગાળીયા હટાવીને ૧ કિલો પતંગની દોરીના ગુચ્છા જે એનીમલ હેલ્પલાઈન-કરૂણા ફાઉન્ડેશનની ઓફિસે જમા કરાવશે તેને માનદ પુરસ્કારરૂપે રૂ.૧૫૧ અપાશે. પતંગની દોરીના ગુચ્છા તા.૨૦ જાન્યુઆરીને સોમવારે સવારે ૧૦ થી સાંજે ૬ દરમ્યાન, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, 'જનપથ', તપોવન સોસાયટી-૨ નો ખૂણો, અક્ષર માર્ગ, સરાઝા બેકરી પાસે, રાજકોટ ખાતે જમા કરાવવાના રહેશે.

# સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા કાલથી બીએ-સેમે-૧ની પરીક્ષાનો પ્રારંભઃ ૬૯૨૩૪ વિદ્યાર્થીઓ

## ૧૬૨ સેન્ટરો પરથી લેવાશે કસોટીઃ ૧૦૩ ઓબ્ઝર્વરોની નિયુક્તિ



રાજકોટ, તા.૧૫

સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા આવતીકાલ તા.૧૬થી સેમેસ્ટર-૧ની પરીક્ષાના પ્રારંભ થનાર છે. ૬૯૨૩૪ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપનાર છે. આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે.

યુનિ.ની ૧૬૨ કોલેજોના કેન્દ્રો પરથી આ પરીક્ષા લેવામાં આવનાર છે. આ માટે ૧૦૩ ઓબ્ઝવેરોની નિયુક્તિ યુનિ. પરીક્ષા વિભાગ દ્વારા કરી દેવામાં આવી છે.

બીએ સેમે-૧ના ૨૧૯૧૩, બીએ-સેમે-૧ એક્ષટર્નલના ૧૫૪૯, બીએઆઇડી સેમે-૧ના ૧૬, બીજેએમસી સેમે-૧ના ૭૭, પીજીડીસીએ સેમે-૧ના ૭, બીબીએ સેમે-૧ના ૬૧૬૩, બીકોમ સેમે-૧ના ૧૯૬૫૧, બીકોમ એક્ષ્ટર્નલ સેમે-૧ના ૪૨૧, એમકોમ-સેમે-૧ના ૨૦૦૩, એમકોમ એક્ષ્ટર્નલ સેમે-૧ના ૧૦૬૨, બીસીએ સેમે-૧ના ૮૩૩૬, બીએસસી આઇટી-સેમે-૧ના ૬૧૪, એમએસસી આઇટી સેમે-૧ના ૪૮૦, બીએસસી, એચએસ સેમે-૧ના ૨૩૩, એમએસસી એચએસ સેમે-૧ના ૬૦, બીએએલએલબી સેમે-૧ના ૧૪૩, એલએમએચ સેમે-૧ના ૪૪, બીઆરએસ સેમે-૧ના ૧૪૭, બીએસસી સેમે-૧ના ૨૩૪૪, એમએ રેગ્યુલર સેમે-૧ના ૧૦૫૬, એમએ એક્ષ્ટર્નનલના ૧૩૯૦ સહિત કુલ ૬૯૨૩૪, વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસનાર છે. આ પરીક્ષામાં ચોરી અને ગેરરીતિના કિસ્સાઓ પર રોક આવે તે માટે ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે.



# બોલબાલા ટ્રસ્ટ કાલાવડ રોડ વિસ્તાર માટે નવી સેવાકીય બ્રાંચનો કરાયો પ્રારંભઃ દાતાઓનો અનેરો સહયોગ

બોલબાલા ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રભરમાં અલગ-અલગ બ્રાંચની સક્રીય સેવાઓ બાદ રાજકોટમાં કાલાવડ રોડ, રૈયા રોડ, સહિતના વિસ્તારોના નગરજનોને નજીક સેવાઓ મળી રહે તેવા આશ્રયથી ગત તા.૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ ''બોલબાલા સેવા સદન'', BAPS મંદિર પાછળ, પ્રેમવતી વાળી શેરી, અમરનાથ ચોક પાસે, સહકાર નગર મે.રોડ, જીવન વિહાર સોસાયટી ખાતે ઉદઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મેડિકલ સાધનો ઉપયોગ માટે આપવાની, બાળકો, બહેનો અને વડિલને લગતી અનેક સેવાઓના પ્રારંભ પ્રારંભ થયો. ભારતીબેન રમેશભાઈ દોશી, જવાહરભાઈ શાહ, હેમલતાબેન કુમારપાળભાઈ શાહ, ડો. નિના પટેલ, ડો. અનિલ એન્ડ મીનલ મોદી, નિલ જય વાઘર, નિલમબેન જયકાંતભાઈ વાઘર વગેરે દાતાના સહયોગથી નવી સેવાકીય બ્રાંચનો પ્રારંભ કરાયો. આ તકે બોલબાલા ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય, સુનિલભાઈ, વિજય પારેખ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# કમુહૂર્તા ઉતર્યા પણ મનપાના હોલ ન ખુલ્યા

## લગ્નગાળા વચ્ચે પણ હજુ ફેબ્રુઆરીમાં બુકીંગ શરૂ થવા શકયતા : ફાયર સાધનો મુકવાનું કામ ચાલુ

રાજકોટ, તા. ૧૫

ગઇકાલથી કમુહૂર્તા પુરા થયા છે અને ફરી લગ્નગાળો શરૂ થયો છે ત્યારે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટના બાદ સલામતી અને નિયમ પાલન માટે ચારેક મહિનાથી બંધ કરવામાં આવેલા કોર્પોરેશનના લગ્ન હોલ હજુ એક મહિનો બંધ રહે તેમ છે. આથી હજુ આ કોમ્યુનિટી હોલ લોકોને બુકીંગ માટે ખુલતા ફેબ્રુઆરી મહિનો પણ પુરો થઇ જાય તેવી શકયતા છે.

ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો દ્વારા વાજબી ભાડું અને તમામ પ્રકારની સુવિધા ધરાવતા મહાપાલિકાના ૨૧ હોલના બુકીંગ માટે લગ્નગાળામાં બુકીંગ કરવા પડાપડી થતી હોય છે પરંતુ ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર સેફટી મુદ્દે મહાપાલિકાના તમામ હોલને બંધ કરવામાં આવતા ફાયર સેફટીના સાધનો વસાવવા માટેની કામગીરી ચાલુ છે. આ કારણે ઘણા સમયથી લોકોને વાજબી ભાવના હોલ પ્રસંગો માટે મળ્યા નથી. હવે આજથી લગ્નગાળો શરૂ થયો છે ત્યારે લોકોના પ્રસંગો જ્ઞાતિની વાડીઓથી માંડી પાર્ટી પ્લોટમાં જ ચાલુ રાખવા પડયા છે.

મહાપાલિકાના અમુક કોમ્યુનિટી હોલમાં જુનું બાંધકામ હોય સુધારા-વધારા કરવાના થતાં હોવાથી તેમજ ફાયર સેફટીના નિયમ મુજબના સાધનોનું ઇન્સ્ટોલેશન કરવાનું હોય તમામ કોમ્યુનિટી હોલ બંધ કરવામાં આવ્યા હતા. ટેન્ડરથી કામ આપ્યા બાદ ફાયર સેફટીના સાધનોનું ઇન્સ્ટોલેશન કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી છતાં દિવાળી પછીના લગ્નગાળામાં શહેરીજનોને કોમ્યુનિટી હોલની સુવિધાનો લાભ મળી શકયો નથી.

ફાયર સેફટીના સાધનો મુકવાની કામગીરી, બાંધકામ ફેરફાર સહિતના મામલે સતત સુપરવિઝન વચ્ચે પણ કોમ્યુનિટી હોલ ફરી ક્યારથી શરૂ થશે અને કઇ તારીખથી બુકિંગ લેવાનું શરૂ કરવું ? તે અંગે હજુ કોઇ નિર્ણય લેવાયો નથી. આથી ફેબ્રુઆરીમાં બુકીંગ ખુલે તેમ છે.

હાલમાં કુલ ૨૩માંથી બે એસી કોમ્યુનિટી હોલ કાર્યરત છે, યુનિ.રોડ ઉપર આકાશવાણી ચોક પાસેનો અમૃત ઘાયલ હોલ અને ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર નાગરિક બેન્ક મુખ્યાલય બાજુના ચંદન પાર્ક મેઇન રોડ ઉપર આવેલા અભય ભારદ્વાજ હોલમાં ફાયર સેફટી સિસ્ટમનું કામ પૂર્ણ થઇ જતા બુકિંગ શરૂ કરાયું છે. અન્ય હોલમાં ફાયર સેફટીનું કામ તબક્કાવાર પૂર્ણ થશે તેમ બુકિંગ લેવાનું શરૂ થશે તેમ વિભાગે જણાવ્યું હતું.

### મંદિર ચળવળ કોઈના વિરોધ માટે નહી ભારતના સ્વજાગરણ માટે હતી

# રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા દિ'ને દેશને 'સાચી સ્વતંત્રતા' મળીઃ ભાગવત

### સંઘ વડાએ વધુ એક વિવાદ છેડયોઃ સદીઓથી વિદેશી આક્રમણોનો સામનો કરનાર ભારતમાં તા.૨૨ જાન્યુ. ૨૦૨૪ના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો ઉદય થયો હતોઃ ઈન્દોરમાં સંબોધન

નવી દિલ્હીઃ

સતત વિવાદી અને ચર્ચા ભર્યા વિધાનો કરવા માટે જાણીતા રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘના વડા મોહન ભાગવતે અયોધ્યામાં રામમંદિર નિર્માણને ભારતની 'સાચી સ્વતંત્રતા' ગણાવીને કહ્યું કે દિવસને 'પ્રતિષ્ઠા દ્વાદશી' તરીકે ઉજવવો જોઈએ. કારણ કે સદીઓથી વિદેશી આક્રમણો (મહાચક્રો)નો સામનો કરનાર ભારતમાં ૨૨ જાન્યુ ૨૦૨૪ના 'સાચી સ્વતંત્રતા' તે દિવસે સ્થાપીત થઈ હતી. તેઓએ ઈન્દોરમાં એક કાર્યક્રમમાં સંબોધન સમયે આમ કહ્યું હતું અને કહ્યું કે રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા એ દેશના સાર્વભૌમત્વ જે આપણને વિદેશી આક્રમણ બાદ પ્રાપ્ત થયુ છે તેનું પણ પ્રતિક છે. તા.૨૦ જાન્યુ. ૨૦૨૪ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં તેમના હસ્તે ભગવાન શ્રી રામની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા યોજાઈ હતી જેમાં ભાગવત પણ હાજર હતા.



આ વર્ષે હિન્દુ કેલેન્ડર મુજબ આ દિવસ ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મનાવાયો છે. શ્રી ભાગવતે કહ્યું કે મંદિર ચળવળ એ કોઈ વિરુદ્ધ ન હતી પણ તે સ્વ ભારતના જાગરણ માટે હતી અને તે સ્વતંત્ર રીતે ઉભો રહીને વિશ્વને માર્ગદર્શન આપે તે માટે હતી.

તેઓએ અહી રાષ્ટ્રીય દેવી અહલ્યા એવોર્ડ પણ આપ્યા હતા. જેમાં મંદિર નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવનાર હસ્તીઓ પણ સામેલ હતા. ભાગવતે રામમંદિરને દેશનું ગૌરવ ગણાવ્યું હતું. શ્રી ભાગવતે મંદિરના પ્રાણપ્રતિષ્ઠામાં જે રીતે દેશમાં એકતા અને એકલાસતાનું દર્શન થયું તે દેશના સાંસ્કૃતિક પુનરોથ્થાનુ પ્રતિક ગણાવ્યા હતા.

## ભાગવત બંધારણ નિર્માતા નથી : સંજય રાઉત

મુંબઈઃ

શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે મંગળવારે આરએસએસના વડા મોહન ભાગવતના એવા નિવેદન પર વાંધો ઉઠાવ્યો હતો કે ભારતની 'સાચી સ્વતંત્રતા' અયોધ્યામાં રામ મંદિરના પ્રતિષ્ઠા પછી સ્થાપિત થઈ હતી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા બંધારણના નિર્માતા નહોતા, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે ભગવાન રામનો ઉપયોગ રાજકીય લાભ માટે ન થવો જોઈએ. સંઘના વડાએ એવી ટિપ્પણી કરી હતી કે સદીઓથી વિદેશી આક્રમણોનો ભોગ બનેલા ભારતને સાચી સ્વતંત્રતા ગયા વર્ષે અયોધ્યામાં રામ મંદિરના પ્રતિષ્ઠા પછી મળી હતી.

'આરએસએસના વડા એક આદરણીય વ્યક્તિ છે, પરંતુ તેઓ બંધારણના નિર્માતા નથી. તેઓ આ દેશના કાયદાઓનો મુસદ્દો તૈયાર કરતા નથી કે તેમાં ફેરફાર કરતા નથી. રામ લલ્લાની પ્રતિષ્ઠા ખરેખર દેશ માટે ગર્વની ક્ષણ છે અને દરેક વ્યક્તિએ મંદિરના નિર્માણમાં યોગદાન આપ્યું છે, પરંતુ એવો દાવો કરવો કે દેશ હમણાં જ સ્વતંત્ર થયો તે ખોટું છે,' એમ રાઉતે અહીં પત્રકારોને જણાવ્યું હતું. રાજ્યસભાના સભ્યે જણાવ્યું હતું કે, ભારતને ૧૯૪૭માં આઝાદી મળી હતી, અને ઉમેર્યું હતું કે ભગવાન રામના નામ પર રાજકારણ ન થવું જોઈએ.

'રામ લલ્લા હજારો વર્ષોથી આ ભૂમિ પર અસ્તિત્વ ધરાવે છે. અમે તેમના માટે લડ્યા છીએ અને લડતા રહીશું, પરંતુ રાજકીય લાભ માટે રામ લલ્લાનો ઉપયોગ કરવાથી દેશને સાચી સ્વતંત્રતા મળશે નહીં,' એમ સેના (યુબીટી)ના નેતાએ જણાવ્યું હતું.

## ભાગવતના વિધાનો બંધારણનું અપમાનઃ બીજા દેશમાં હોત તો ધરપકડ પણ થઈ હોતઃ રાહુલ ગાંધીનો આકરો પ્રતિભાવ

### ભાગવતના વિધાનો દર્શાવે છે કે તેઓ આઝાદીની લડાઇને લોકોના બલિદાનને સ્વીકારવા માંગતા નથીઃ તેમનો બકવાસ સાંભળવાનું બંધ થવું જોઇએ

નવી દિલ્હી, તા.૧૫

અયોધ્યામાં રામ મંદિરની સ્થાપના સાથે ભારતને સાચી આઝાદી મળી છે તેવા સંઘ વડા મોહન ભાગવતના વિધાનો પર હવે રાહુલ ગાંધીએ પ્રતિભાવ આપતા કહ્યું કે મોહન ભાગવતે દેશના બંધારણનું અપમાન કર્યું છે. આજે દિલ્હીમાં કોંગ્રેસના નવા કાર્યાલયના ઉદ્ઘાટનમાં શ્રી રાહુલ ગાંધીએ કહ્યું કે ભાગવતના વિધાનો દેશ દ્રોહ અને બંધારણના અપમાન જેવા છે. તેઓ કહે છે કે બંધારણીય આપણી સ્વતંત્રતાનું પ્રતિક નથી પરંતુ તેઓ દર બે-ત્રણ દિવસે દેશને બતાવવા માંગે છે કે સ્વતંત્રતા આંદોલન અને બંધારણ અંગે તેમના વિચારો શું છે, કાલે જે તેમણે કહ્યું તે વિધાનો અસાધારણ છે. દેશ દ્રોહ સમાન છે, સંવિધાન તેમને માન્ય નથી અને આઝાદીની લડાઇ પણ તેઓ સ્વીકારતા નથી. ભારતમાં તેઓ આ કહી શકે છે કે બીજા દેશમાં હોત તો તેમની ધરપકડ કરવામાં આવી હોત અને કેસ ચાલ્યો હોત. તેઓ એવું કહેવું માંગે છે કે ૧૯૪૭માં આઝાદી મળી નથી તે દેશના દરેક લોકોનું અપમાન છે. આપણે હવે સમય આવી ગયો છે કે તેમનો બકવાસ સાંભળવાનું બંધ કરી દેવું જોઇએ. કારણ કે લોકો વિચારે છે કે તે ફકત બોલતા રહેશે અને ચીલ્લાતા રહેશે.

## લે ખા... લોકોએ ભ્રષ્ટ અધિકારી પર નોટોના બંડલ ફેંકયા : વિડીયો વાયરલ

અમદાવાદ, તા. ૧૫

ગુજરાતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં કેટલાક લોકો સરકારી ઓફિસની અંદર હાજર છે. અહીં તેઓ તેમના ગળામાં પ્લેકાર્ડ લટકાવીને સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. આ વીડિયોમાં એક અધિકારી ખુરશી પર હાથ જોડીને બેઠેલા જોવા મળે છે. આ સાથે લોકો પોતાની સાથે નોટોના બંડલ પણ લાવ્યા છે. લોકો આ નોટો અધિકારી પર ફેંકી રહ્યા છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કેવી રીતે લોકો ગુસ્સામાં ઓફિસર પર પોતાનો ગુસ્સો કાઢી રહ્યા છે.



ભ્રષ્ટાચારી અધિકારી વિરૂધ્ધ લોકો એ વિરોધ નોંધાવ્યો હોય તેનો એક વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો. કલમ કી ચોટ નામના યુઝરે આ વીડિયો પોતાના એક્સ એકાઉન્ટ પર શેર કર્યો છે. આ વિડિયો શેર કરતી વખતે તેણે લખ્યું છે કે લે ખા ! કેટલી હરામ ની કમાણી ખાસે. જનતાએ તેની જ ભાષા મા જવાબ આપ્યો. હવે અધિકારીઓ પણ શું કરે તેઓએ નોકરી માટે કેટલી રિશવત આપી હશે?. હવે તે પોતાના ઉચ્ચ અધિકારીઓ ને દઈ રહ્યા હશે. આનો અંદાજ કાઢવો પણ જરૂરી છે. વાયરલ વિડીયો ગુજરાતનો હોવાનું જાણવા મળ્યું છે. આ વીડિયોમાં લોકો ઓફિસરને કહી રહ્યા છે કે તેમની સોસાયટીમાં ગંદુ પાણી આવી રહ્યું છે. દરમિયાન એક વ્યક્તિનું કહેવું છે કે બિસ્સામીલ્લા સોસાયટીમાં પણ. દરમિયાન લોકો પૂછે છે કે કેટલા પૈસા ખાસો. લો અને ખાઓ. આ પછી, લોકો કવરમાંથી પૈસા કાઢે છે અને તેના પર પૈસા વરસાવે છે. વિરોધ કરી રહેલા લોકોમાંથી કેટલાક લોકોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના કેમેરામાં કેદ કરી લીધો. અધિકારી પોતાની સીટ પર હાથ જોડીને બેઠો રહે છે.

આ વીડિયો ગુજરાતના કયા વિસ્તારનો છે તે હજુ સુધી જાણી શકાયું નથી.

### સૌરાષ્ટ્રના દરિયાકિનારે વધુ એક હવાઈ દુર્ઘટના

## પોરબંદરના દરિયામાં લશ્કરી ડ્રોન તૂટી પડયું



### અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ નિર્મિત ભારતીય સેના માટેનુ ડ્રોન પરિક્ષણ સમયે અચાનક જ બેકાબૂ બની દરિયામાં ખાબકયું

નવી દિલ્હીઃ પોરબંદરના દરિયા પાસે ભારતીય કોસ્ટ ગાર્ડનુ હેલીકોપ્ટરને નડેલી દુર્ઘટનાના થોડા જ દિવસમાં ફરી એક વખત આ ક્ષેત્રમાં ડ્રોન-દુર્ઘટના ગઈકાલે નોંધાઈ હતી. ઈઝરાયેલ પાસેથી લાયન્સ હેઠળ અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ દ્વારા નિર્મિત એક હેવી ડયુટી ડ્રોન તેની પરિક્ષણ ઉડાન સમયે દરિયામાં તૂટી પડયું હતું. ભારતીય કોસ્ટગાર્ડ અને સૈન્ય માટે ભવિષ્યમાં ઘરઆંગણે ઉત્પાદીત થઈ રહેલા આ લોંગ રેન્જના પણ ઉંચે સુધી ઉડી શકતા દ્રષ્ટી-૧૦ ડ્રોન જે ઈઝરાયેલની કંપની ઈલ્બીટ સીસ્ટમના હેમર્સ-૯૦૦ સ્ટારલાઈનર ડ્રોન તેના પરિક્ષણ હેઠળ હતું. પોરબંદરના નેવલ એર સરહદ પર તે પરિક્ષણ ટીમ મારફત ઉડાડવામાં આવી રહ્યું હતું તે સમયે તે અચાનક જ દરિયામાં તૂટી પડયું છે.

લોંગ રેન્જના આ ડ્રોનનો મુખ્યત્વે ઉપયોગ દરિયાઈ ક્ષેત્રમાં જાસૂસી, પેટ્રોલીંગ અને લશ્કરી સર્વેક્ષણ સહિતના કામમાં ઉપયોગી છે અને તેની કિંમત રૂા.૧૨૦ કરોડની છે. દ્રષ્ટી-૧૦ પ્રકારના ડ્રોન પ્રથમ ગત જૂનમાં નૌકાદળ અને બાદમાં ભૂમિદળને પણ સુપ્રત થયું છે. જો કે તૂટી પડેલું ડ્રોન હજુ નિર્માતા અદાણીની કંપનીના પરિક્ષણમાં હતું.

ભારત અત્યાર સુધી આ ડ્રોન ઈઝરાયેલથી આયાત કરે છે પણ હવે તે અદાણી ગ્રુપની કંપની દ્વારા દેશમાં જ ઉત્પાદીત કરવાની યોજના અમલી બની છે. ભારતે અમેરિકા સાથે રૂા.૩૨૩૫૦ કરોડના ખર્ચે 'પ્રીડકટર' ડ્રોન જે સૌથી આધુનિક ગણાય છે તે ખરીદીના પણ કરાર કર્યા છે.

## પેરિસ ઓલિમ્પિક મેડલનો રંગ ૬ માસમાં જ ઝાંખો પડી ગયોઃ મનુ ભાકરે ધ્યાન દોર્યુ

### વિશ્વભરનાં ઘણાં એથ્લેટ્સે મેડલ બગડવાની ફરીયાદ કરી : ઘણાં ખેલાડીઓએ સોશ્યલ મીડિયા પર ખરાબ મેડલના ફોટા શેર કર્યા

નવી દિલ્હી : પેરિસ ઓલિમ્પિકમાં જીતેલી ભારતની સ્ટાર શૂટર મનુ ભાકરનું બ્રોન્ઝ મેડલ માત્ર છ મહિનામાં જ બગડવા લાગ્યું છે અને બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતાને આશા છે કે તેનાં મેડલને બદલી આપવામાં આવશે.



મનુ એવાં ખેલાડીઓના મોટાં જૂથમાં સામેલ છે જેમણે ફરિયાદ કરી છે કે તેમનાં મેડલ બગાડવા લાગ્યાં છે. ગયાં વર્ષે જુલાઈ-ઓગસ્ટમાં પેરિસ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મનુએ અલગ-અલગ કેટેગરીમાં બે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

ઘણાં ખેલાડીઓએ ફરિયાદ કરી

તાજેતરનાં દિવસોમાં, વિશ્વભરનાં ઘણાં એથ્લેટ્સે સોશિયલ મીડિયા પર મેડલની તસવીરો પોસ્ટ કરી હતી. એવું બહાર આવ્યું છે કે મનુના મેડલનો રંગ પણ ઊડી ગયો છે અને તે ખરાબ હાલતમાં છે. ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીએ કહ્યું કે ક્ષતિગ્રસ્ત મેડલને મોનાઇ ડી પેરિસ દ્વારા વ્યવસ્થિત રીતે બદલી આપવામાં આવશે. ખેલાડીઓને મળેલો નવો મેડલ જૂના જેવો જ હશે. દરેક ઓલિમ્પિક મેડલની મધ્યમાં લોખંડનાં ટુકડાઓનું વજન ૧૮ ગ્રામ હોય છે.

મોનાઇ ડી પેરિસ ફ્રાન્સ માટે સિક્કા અને અન્ય ચલણનું ઉત્પાદન કરે છે. પેરિસ ઓલિમ્પિકની આયોજક સમિતિ તમામ ક્ષતિગ્રસ્ત મેડલને બદલવા માટે મોનાઇ ડી પેરિસ સાથે કામ કરી રહી છે. પેરિસ ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ ૨૦૨૪ માં આપવામાં આવેલાં મેડલ્સમાં આઇકોનિક એફિલ ટાવરના ટુકડાનો સમાવેશ થાય છે. પેરિસ ૨૦૨૪ માટે ૫૦૮૪ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ હાઇ-એન્ડ જ્વેલરી અને ઘડિયાળ નિર્માતા ચૌમેટ દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યાં હતાં અને મોનાઇ ડી પેરિસ દ્વારા ઉત્પાદિત કરવામાં આવ્યાં હતાં.

## મોલમાં એસ્કેલેટર પરથી પડી જતા ૩ વર્ષના બાળકનું મોત

નવી દિલ્હીઃ પશ્ચિમ દિલ્હીના તિલક નગર સ્થિત એક મોલમાં એક દુઃખદ ઘટના બની હતી. જેમાં એક ત્રણ વર્ષના બાળકનું એસ્કેલેટર પરથી પડી જવાથી દર્દનાક મૃત્યુ થયું. પોલીસે આ ઘટના અંગે માહિતી આપતાં કહ્યું કે ઉત્તમ નગરની કેટલીક મહિલાઓ અને બાળકો મોલમાં ફિલ્મ જોવા આવ્યા હતા. જ્યારે બાળકના પરિવારના સભ્યો ટિકિટ ખરીદવામાં વ્યસ્ત હતા, ત્યારે બાળક એસ્કેલેટર પાસે પહોંચી ગયો હતો.

બાળક એસ્કેલેટરના હેન્ડ્રેઇલ પર સરકવાનો પ્રયાસ કરી રહ્યો હતો પરંતુ અચાનક તે સંતુલન ગુમાવી બેઠો અને ઊંચાઈ પરથી પડી ગયો. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો. આ ઘટના બાદ બાળકના પરિવારના સભ્યો આઘાતમાં સરી ગયા હતા.

આ કેસની વધુ તપાસમાં જાણવા મળ્યું કે ઉત્તમ નગરથી એક મહિલા મોલમાં ફિલ્મ જોવા માટે આવી હતી, તેની સાથે પરિવારની અન્ય મહિલાઓ અને બાળકો પણ હતા. જ્યારે તેઓ ટિકિટ વગેરે ખરીદવામાં વ્યસ્ત હતા, ત્યારે વિશાલ નામનો બાળક એસ્કેલેટર પાસે આવ્યો અને લપસવાનો પ્રયાસ કરતી વખતે રેલિંગ પરથી નીચે પડી ગયો હતો.

## એલએસી પર તૈનાત રોબોટિક મ્યુલ, આજે આર્મી ડે પરેડમાં જોવા મળશે

### હાલમાં આર્મી પાસે ૭૦ રોબોટિક મ્યુલ છે જે ૩૦ કિલો વજન ઉપાડી શકે છે અને ૧૦ ફુટ ચડી શકે



નવી દિલ્હી : આજે પુણેમાં આયોજિત થનારી આર્મી ડે પરેડમાં રોબોટિક મ્યુલ એટલે કે મલ્ટી-યુટિલિટી લેગ્ડ ઇક્વિપમેન્ટ પણ પરેડ કરતાં જોવા મળશે. આ રોબોટ ચીન પાસેની સરહદ પર તૈનાત છે. ભારતીય સેના તેમને પ્રથમ વખત પરેડમાં સામેલ કરી રહી છે. થોડાં મહિના પહેલાં જ આ રોબોટો આર્મીમાં જોડાયાં છે અને ચીનની સરહદે આવેલી એલએસી પાસે સૈનિકો સાથે ડ્યૂટી કરી રહ્યાં છે.

ક્ષમતા વધારવા પર કામ ચાલું :-

સૂત્રોનાં જણાવ્યાં અનુસાર હાલમાં આર્મી પાસે આવાં ૭૦ રોબોટિક મ્યુલ છે. તે બધાં ઉત્તરીય બોર્ડર પર તૈનાત છે તેઓ ૩૦ કિલો વજન ઉપાડી શકે છે. હવે તેઓ સરળતાથી ૧૦ ફૂટની ઊંચાઈએ ચઢી શકે છે. પરંતુ તેમની ક્ષમતા વધારવાનું કામ ચાલું છે. જે પછી તેઓ વધુ વજન ઉપાડવા સક્ષમ બનશે અને વધુ કઠિન ભૂપ્રદેશ અને મુશ્કેલ કઠોર વિસ્તારોમાં પણ ચઢી શકશે. હાલમાં તેઓ લશ્કરમાં લોજિસ્ટિક્સ અને દેખરેખ માટે ઉપયોગમાં લેવાય છે. આ થર્મલ કેમેરા અને સેન્સરથી સજ્જ છે. તેમને પહાડી વિસ્તારોમાં આગળ મોકલીને સર્વેલન્સ જાળવી શકાય છે.

**રોબોટ પર હથિયાર ફીટ કરી શકાય છે**

સૂત્રોનાં જણાવ્યાં અનુસાર હાલમાં આ રોબોટિક મ્યુલનું બેઝિક વર્ઝન છે, પરંતુ ભવિષ્યમાં તેમાં નાના હથિયારો ફીટ કરી શકાશે. આ પછી આ રોબોટ એક સૈનિકની જેમ દુશ્મન સામે લડી શકશે. હાલમાં તેઓ રિમોટથી કામ કરે છે અને તેમનું રિમોટ તેમનાથી થોડા અંતરે સૈનિકોના હાથમાં હોય છે. બાદમાં આ અંતર અનેક કિલોમીટર સુધી વધારી શકાશે. તેઓ દૂરથી પણ સંચાલિત થઈ શકે છે. એક અધિકારીએ કહ્યું કે હવે સ્વદેશી ઉદ્યોગ આ ટેક્નોલોજી પર કામ કરી રહ્યાં છે. સેનાને ટૂંક સમયમાં વધુ ક્ષમતાવાળા રોબોટિક મ્યુલ મળી શકે છે.

## કાશ્મીરમાં રહસ્યમય બિમારીનો ભરડો; ૧૪ના મોતઃ લોકો ભયભીત

### તપાસ માટે દેશના નિષ્ણાંત તબીબોની ટીમ દોડાવાઈ

જમ્મુ-કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશ રાજૌરીમાં ચોંકાવનારો ઘટનાક્રમ સર્જાયો છે. રાજૌરીના બધાલ ગામમાં રહસ્યમય બીમારીને કારણે છેલ્લા ૩૦ દિવસમાં અત્યાર સુધીમાં ૧૪ લોકોના મોત થયા છે. મૃત્યુ પામેલાઓમાં ત્રણ પરિવારોના ૧૧ બાળકો અને ત્રણ પુખ્ત વયના લોકોનો સમાવેશ થાય છે. આ બનાવથી બધાલ ગામ અને આસપાસના વિસ્તારના લોકોમાં ભયનો માહોલ છે. સરકારે આ મામલાની તપાસ માટે આરોગ્ય ટીમો તૈનાત કરી છે.



મળતી માહિતી મુજબ સફીના કૌસરનું જમ્મુની એક હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. પછી બે દિવસમાં તેના અન્ય ત્રણ ભાઈ-બહેનો પણ મૃત્યુ પામ્યા. બે લોકો હજુ પણ મોત સાથે જંગ લડી રહ્યા છે. સોમવારે તેના દાદા મોહમ્મદ રફીકનું રાજૌરીની હોસ્પિટલમાં અવસાન થયું હતુ. ગયા મહિનાની શરૂઆતમાં ગામમાં બે પરિવારના નવ લોકોના મોત થયા હતા. પ્રાથમિક તબક્કે એવું લાગતું હતું કે આ મૃત્યુ ફૂડ પોઈઝનિંગના કારણે થયા છે. જો કે, મોટાભાગના ગ્રામજનોએ સમાન લક્ષણોની ફરિયાદ કરતા પરિસ્થિતિ ગંભીર માનવામાં આવી હતી. આ પછી સરકારે આ મામલામાં હસ્તક્ષેપ કર્યો અને દેશની ઘણી સ્વાસ્થ્ય સંસ્થાઓમાંથી નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા છે.

**શું કહે છે ડોકટરો?**

જમ્મુની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલના એક ડોકટરે કહ્યું હતું કે પ્રાથમિક તપાસ મુજબ રહસ્યમય મૃત્યુનું કારણ વાયરલ ઇન્ફેક્શન હતું. જો કે, ડોકટરે એમ પણ કહ્યું કે અંતિમ નિર્ણય પર પહોંચવા માટે વધુ અભ્યાસની જરૂર છે. નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી, પુણે, PGI ચંદીગઢ, AIIMS દિલ્હી અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ દિલ્હીના નિષ્ણાતોની ટીમે પણ કેસની તપાસમાં મદદ કરવા ગામની મુલાકાત લીધી છે.

### લોકશાહી જીતીઃ ખુદને લશ્કરી શાસક બનાવવાનો રાજકીય દાવ નિષ્ફળ

## હાઈડ્રામા વચ્ચે દ.કોરિયાના રાષ્ટ્રપતિ યુન સુક યોલની ધરપકડ

### વહેલી સવારે ૩૦૦૦ પોલીસની ફોજે રાષ્ટ્રપતિ આવાસને ઘેરી લીધા બાદ હજારો સમર્થકોના વિરોધ વચ્ચે પ્રમુખને લઈ જવાયાઃ ખુદ શરણે થયાનો યુનનો દાવો



સિઓલઃ દક્ષિણ કોરિયામાં એક તબક્કે માર્શલ-લો સ્થાપી પોતાની સતા કાયમ રાખવાનો પ્રયાસ કરનાર રાષ્ટ્રપતિ યુન સુક ઓલની એક હાઈવોલ્ટેજ ડ્રામા બાદ તેમની ધરપકડ માટે ગયેલી પોલીસને ભારે વિરોધનો સામનો કરવો પડયો હતો પણ અંતે ધરપકડ કરી હતી.

રાષ્ટ્રપતિ સામે દેશની સંસદમાં મહાભિયોગનો મુકદમો ચાલી રહ્યો છે. આજે સવારે સેકડો પોલીસ કર્મચારીઓ રાષ્ટ્રપતિના નિવાસે પહોચ્યા હતા. દેશની ભ્રષ્ટાચાર વિરોધી તપાસના વડાએ આ ધરપકડનો આદેશ આપતા ૩૦૦૦ જેટલા પોલીસ કર્મચારીઓએ આવાસની બહાર પડાવ નાખ્યો હતો પણ રાષ્ટ્રપતિના હજારો ટેકેદારો પણ અહી મોજૂદ હતા અને તેઓએ પોલીસ કામગીરીમાં અવરોધ પેદા કરતા બન્ને વચ્ચે ટકકર થઈ હતી પણ અંતે પોલીસે રાષ્ટ્રપતિ યુન સુક યોલની ધરપકડ કરી છે અને હવે તેઓને સલામત 'જેલ'માં રખાશે. દક્ષિણ કોરિયાએ કોઈ સીટીંગ પ્રેસીડેન્ટની ધરપકડ થઈ હોય તેવી આ પ્રથમ ઘટના છે અને હવે તેના પડઘા પર સૌની નજર છે. યુને તા.૩ ડિસેમ્બરે દેશમાં અચાનક જ માર્શલ લો જાહેર કરી સૌને આઘાત-આશ્ચર્યમાં મુકી દીધા હતા. જો કે સંસદ તથા સંસદ બહાર તેનો ભારે વિરોધ થતા થોડા જ કલાકોમાં તેઓને આ માર્શલ લો દૂર કરવો પડયો હતો પણ તે બાદ દેશની સંસદમાં રાષ્ટ્રપતિ સામે મહાભિયોગ મુકદમો શરુ કરી તેમને પદ પરથી દુર કરવાની માંગણી સાથે મતદાન થયુ છે પણ હજુ દેશના બંધારણ મુજબની પ્રક્રિયા બાકી છે. પોલીસે પ્રમુખના આવાસમાં પ્રવેશવા ઈમરજન્સી માર્ગનો ઉપયોગ કર્યો હતો અને બાદમાં મૂળ રાષ્ટ્રપતિએ એક વિડીયો સંદેશામાં તેઓ સાથેની કાર્યવાહીને ગેરકાનુની ગણાવી હતી અને તેઓ ખુદ તમામ અધિકારી સામે હાજર થઈ રહ્યા હોવાનો દાવો કર્યો હતો અને કોઈ તોફાન ન સર્જાય તેથી તેઓ આ નિર્ણય લઈ જવાનો દાવો કર્યો હતો.

## દિલ્હીની ૪૦૦ સ્કુલોને બોમ્બની ધમકી આપનાર સગીર નીકળ્યો

### કિશોરના પિતાનો રાજનીતિક દળ સાથે નાતોઃ પોલીસે તપાસ હાથ ધરી

નવી દિલ્હી તા.૧૫

દિલ્હીની સ્કુલોને બોમ્બની ધમકી આપવાના કિસ્સામાં આશ્ચર્યજનક રીતે એક ૧૫ વર્ષીય સગીર હોવાનો સનસનીખેજ ખુલાસો થયો હતો. આ સગીરે અધધધ ૪૦૦ જેટલી સ્કુલોને ધમકીભર્યા મેસેજ મોકલ્યા હતા.



પોલીસને ઈ-મેલ કરનારનું આઈપી એડ્રેસ મળી ગયું હતું અને તેના આધારે સગીરના ઘરે રેડ પાડીને ઝડપી લીધો અને તેની પુછપરછ કરાઈ છે. સગીરે વીપીએનના ઉપયોગ નહીં કરવાથી પકડાઈ ગયો હતો. આ મામલે વધુ એક વિગત બહાર આવી છે કે સગીરના પિતા એક રાજનીતિક દળ સાથે જોડાયેલા છે અને એનજીઓમાં કામ કરે છે. આ એનજીઓ એક રાજનીતિક દળની વકીલાત માટે જાણીતું છે. આ એનજીઓએ આતંકી અફઝલ ગુરુની ફાંસીનો વિરોધ કર્યો હતો.

### પંજાબ-હરિયાણા કોર્ટનો મહત્વનો ફેસલો

## તલાક વિના અલગ રહેતી મહિલા પતિની મંજૂરી વિના ગર્ભપાત કરાવી શકે છેઃ હાઈકોર્ટ




### અવાંછીત ગર્ભ અને બાળકના જન્મ બાદ પણ મહિલાને શારીરિક-માનસિક પરીસ્થિતિનો સામનો કરવો પડી શકે છેઃ હાઈકોર્ટ

ચંદીગઢ તા.૧૫


પંજાબ-હરિયાણા હાઈકોર્ટે એક મહત્વનો ફેસલો આપતા જણાવ્યું હતું કે તલાક (ડિવોર્સ) લીધા વિના પતિથી અલગ રહેતી મહિલા પતિની સહમતી વિના ગર્ભપાત કરાવી શકે છે. મહિલાએ પોતાના પતિની સહમતી વિના પોતાના ૧૮ સમાહના ગર્ભને પડાવવા (સમાપ્ત કરવા) મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલને નિર્દેશ આપવા માંગ કરી હતી. અરજદાર મહિલાએ જણાવ્યું હતું કે ગર્ભપાત માટે નિર્ધારિત સમયથી વધુનો ગર્ભ ન હોવાના કારણે તેની ગર્ભવસ્થા તબીબી રીતે સમાપ્ત કરી શકે છે. અરજદાર મહિલાના વકીલે તર્ક આપ્યો હતો કે મહિલાને ઓછો દહેજ લાવવાના કારણે સાસરીયાઓ દ્વારા ક્રુરતાનો સામનો કરવો પડયો હતો અને પતિએ પણ તેની સાથે ખરાબ વ્યવહાર કર્યો હતો. આ ક્રુરતાના કારણે મહિલા પતિથી અલગ રહેતી હતી. વકીલે જણાવ્યું હતું કે તેની અવાંછીત ગર્ભાવસ્થાને ચાલુ રાખવાથી તેના શારીરિક અને માનસીક સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થશે. હાઈકોર્ટે જાણ્યું કે અરજદાર મહિલા ઘરેલુ હિંસાથી પતિથી અલગ થઈ છે પણ કાનુની રીતે તલાક નથી થયા. હાઈકોર્ટે જણાવ્યું કે અવાંછીત ગર્ભથી મહિલાને શારીરિક અને ભાવનાત્મક નુકસાન થઈ શકે છે. બાળકના જન્મ પછી પણ આવી પરીસ્થિતિનો સામનો કરવો પડી શકે છે. આ બાબતો ધ્યાને લઈ હાઈકોર્ટે મહિલાને પતિની મંજુરી વિના ગર્ભપાતની મંજુરી આપી હતી.

## ભારતની તમામ મેડિકલ કોલેજોમાં ૮૦૦૦ થી વધુ પીજી મેડિકલ સીટો ખાલી

### વાલી પ્રતિનિધિ સુધા શેનોયે જણાવ્યું કે ઘણાં રાજ્યોમાં પ્રવેશનો બીજો રાઉન્ડ હજુ પૂરો થયો નથી તેથી ત્રીજા રાઉન્ડમાં વિલંબ થશે

મુંબઈ : દેશભરની મેડિકલ કોલેજોમાં પ્રવેશના ત્રીજા રાઉન્ડ માટે ૮૦૦૦ થી વધુ અનુસ્નાતક બેઠકો ખાલી છે. આ ઉપરાંત, પ્રક્રિયામાં લગભગ ૧૦૦ નવી બેઠકો ઉમેરવામાં આવી છે. અનુસ્નાતક બેઠકો પર પ્રવેશ માટે NEET-PGમાં પાત્રતા માપદંડ ૧૫ પર્સેન્ટાઇલ પર લાવવામાં આવ્યાં બાદ, હવે ઘણાં વધુ વિદ્યાર્થીઓ ત્રીજા રાઉન્ડમાં ભાગ લેવા માટે પાત્ર બનશે. ગયાં વર્ષે જુલાઈમાં NEET-PGનું પરિણામ જાહેર થયું હોવા છતાં આ વર્ષે પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એડમિશનમાં વિલંબ થયો છે. આ વર્ષે NEET-PG પ્રવેશની અંતિમ તારીખ ૧૫ ફેબ્રુઆરી છે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ હેઠળની મેડિકલ કાઉન્સેલિંગ કમિટીએ આગામી ત્રીજા રાઉન્ડ માટે સીટ ખાલી જગ્યાની યાદી બહાર પાડી છે. વાલી પ્રતિનિધિ સુધા શેનોયે જણાવ્યું હતું કે ઘણાં રાજ્યોમાં પ્રવેશનો બીજો રાઉન્ડ હજુ પૂરો થયો નથી, અને તેથી હવે ત્રીજો રાઉન્ડ વિલંબિત થવાની સંભાવના છે. જનરલ મેડિસિન, રેડિયો ડાયગ્નોસિસ અને જનરલ સર્જરી જેવાં કોર્સમાં પણ સીટો ત્રીજા રાઉન્ડ માટે ખાલી છે. પ્રક્રિયાની શરૂઆતમાં, કટઓફ ૫૦ પર્સેન્ટાઇલ હતો. બીજા રાઉન્ડ પછી ક્લિનિકલ કોર્સ સહિતની ઘણી બેઠકો ખાલી હોવાથી તે વધુ ઘટાડી દેવામાં આવી હતી. કેટલાક વિદ્યાર્થીઓનાં સંગઠનોએ પણ ખાલી બેઠકો ભરવા માટે ટકાવારી ઘટાડવાની માંગ કરી હતી.



ભાજપ માટે ૨૦૧૪ મોમેન્ટ જયારે તેણે ભ્રષ્ટાચારનો મુદ્દો બનાવીને દેશ પર શાસનનો પ્રારંભ કર્યો, દિલ્હીમાં પણ કેજરીવાલ સામે તે જ શસ્ત્ર બહાર કાઢયું છે

# પાટનગરમાં સ્વીંગ વોટર્સ આ ચૂંટણીમાં કોની સાથે જશે ?

**દિલ્હીની મતદાન પેટર્ન રસપ્રદ બની રહી છે, છેલ્લી ત્રણ લોકસભા ચૂંટણીમાં ભાજપ ૫૦ ટકાથી વધુ મતો મેળવીને તમામ ૭ બેઠકો કબ્જે કરે છે પરંતુ ૬-૮ મહિનાના ગાળામાં યોજાતી ધારાસભા ચૂંટણીમાં પાટનગરના ૧૮ થી ૨૦ ટકા સ્વીંગ વોટર્સ કેજરીવાલ સાથે જાય છે અને આમ આદમી પાર્ટી બે તૃતિયાંશ બહુમતી મેળવે છે, જયારે ભાજપ ડબલ ડિજીટ પણ હાંસલ કરી શકતું નથી અને આ ચૂંટણીમાં આ ૧૮ ટકા સ્વીંગ વોટર્સ પર જ સમગ્ર ખેલ રચાશે તેવા સંકેત છે**

**દિલ્હીની ચૂંટણી અરવિંદ કેજરીવાલ માટે વિશ્વસનીયતાનો જંગ છે, પોતાને કટ્ટર ઈમાનદાર સાબિત કરવાના તમામ પ્રયાસો છતાં પણ ભાજપે અનેક છીંડા શોધીને કેજરીવાલને દિવાલ ભેર કરી દીધા છે અને તેને જયાં સૌથી વધુ પીડા થાય ત્યાં ઘા કરી રહી છે, શું દિલ્હીની જનતા તેના પર મલમ લગાવશે કે મીઠુ ભભરાવશે ! જોકે 'કેગ'ના રીપોર્ટ પર ભાજપનો પ્રેમ દિલ્હી પુરતો જ છે નહીં તો અન્ય રાજયોમાં જયાં ભાજપ શાસન કરે છે ત્યાં 'કેગ'ના રીપોર્ટને વિધાનસભાના બજેટ સત્રના અંતિમ દિવસે અને અંતિમ કલાકમાં રજૂ કરીને ફરજ બજાવી લેવાય છે કદી ફોલોઅપ થતું નથી**

દિલ્હીની ચૂંટણી અનોખી બની રહેનાર છે અને અનેક રીતે તેના પ્રભાવ પડશે સૌપ્રથમ તો દેશમાં ૧૫ વર્ષથી કટ્ટર ઈમાનદારનો દાવો કરીને શાસન ચલાવી રહેલા અરવિંદ કેજરીવાલનું ભાવી નકકી થશે તેની સાથે ઇન્ડીયા ગઠબંધન કે જે હવે લગભગ તેની અંતિમક્રિયાની તૈયારીમાં છે તેના કોફીનમાં પણ અંતિમ ખિલો દિલ્હી લગાવી શકે છે તો બીજી તરફ હરિયાણા અને મહારાષ્ટ્રમાં જે પોલીટીકલ ગેઇન મેળવ્યો છે તે જાળવી રાખવા અને વિપક્ષ ઉપર ૨૦૨૫નો પ્રથમભ પ્રહાર કરવા માટે પણ દિલ્હીની ચૂંટણી મહત્વની બની રહેશે. સૌથી મહત્વનું એ છે કે રેવડી કલ્ચર કયા હદ સુધી જાય તે પણ દિલ્હી એક પારાશીશી બની જશે અને તેથી જ તમામ શસ્ત્રો આ ચૂંટણીમાં ઉપયોગમાં લેવાશે તે નિશ્ચિત છે. સૌપ્રથમ તો દિલ્હીમાં મોદી કાર્ડ મર્યાદિત રીતે ચાલે છે તે નિશ્ચિત થઇ ગયું છે. લોકસભા ચૂંટણીમાં તમામ સાત બેઠકો જીત્યા પરંતુ છેલ્લી ત્રણ ટર્મથી ભાજપ દિલ્હીમાં ડબલ ડિજીટથી પણ બહુ દુર રહી જાય છે તે પણ મોદી કાર્ડ દિલ્હીના લોકો લોકલ સ્તરે સ્વીકારતા નથી તે દર્શાવે છે કે ડબલ એન્જીન સરકાર દિલ્હીમાં ઓછી છે કારણ કે અગાઉથી જ જે રીતે આ કેન્દ્ર શાસિત પ્રદેશમાં અર્ધી સત્તા કેન્દ્ર પાસે છે અને દિલ્હીની ચૂંટાયેલી સરકાર અનેક રીતે કેન્દ્ર ઉપર નિર્ભર કરે છે તેથી ડબલ એન્જીન સરકારનો મુદો બહુ ભાજપ ચગાવશે નહીં તે નિશ્ચિત છે. એટલું જ નહીં સૌથી મહત્વનું એ છે કે કેજરીવાલની ક્રેડીબીલીટી છે અને આમ આદમી પાર્ટીને જયાં સૌથી વધુ પીડા થાય ત્યાં જ ભાજપ પ્રહાર કરી રહ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં જે રીતે 'આપ' સરકારના કહેવાતા ભ્રષ્ટાચાર મુદે ભાજપે આક્રમણ શરૂ કર્યુ છે અને છેક 'કેગ'ના કબાટમાંથી ઓડીટ રીપોર્ટ બહાર લાવીને દિલ્હી સરકારે શરાબ કાંડના કારણે પાટનગરની તિજોરીને કેટલું નુકસાન પહોંચાડયુ છે તે બહાર લાવી કેજરીવાલને




ફિકસમાં મૂકી દીધા છે. અગાઉ શીશ મહેલનો મુદો હતો. પણ કેગનો રીપોર્ટ વધુ ગંભીર છે અને ભાજપ માટે બીજી રીતે જોઇએ તો ૨૦૧૪ મોમેન્ટ છે કે જયારે કેન્દ્રની મનમોહન સરકારના ટુ-જી સહિતના ગોટાળાને બહાર લાવીને ભ્રષ્ટાચાર સામે મોદીને મસીહા બતાવીને સ્વચ્છ શાસનની ગેરેંટી સાથે લોકસભા ચૂંટણી જીત્યા હતા. કેજરીવાલે પણ દિલ્હીમાં પોતાને અન્યથી અલગ રાજકીય નેતા તરીકે સ્થાપિત કર્યા હતા. જોકે 'કેગ'નો રીપોર્ટ ભાજપને આટલો બધો વ્હાલો લાગે તે પણ રસપ્રદ છે. બાકી ગુજરાતનું દ્રષ્ટાંત લઇએ તો વિધાનસભાના સત્રના છેલ્લા દિવસે છેલ્લી કલાકે કેગનો રીપોર્ટ રજૂ થાય છે અને રીપોર્ટમાં જે ભ્રષ્ટાચાર અને વહીવટી બાબતો ઉપર કેગની ટીપ્પણી હોય છે તેમાં ભાગ્યે જ ગંભીરતાથી ગૃહ પણ વિચારણા કરે છે. અમલની વાત તો પછી છે.

દિલ્હીમાં ચૂંટણી અનોખી એટલા માટે છે કે સૌપ્રથમ તો અહીં વોટ શીફટીંગ સૌથી મહત્વનું બની ગયું છે અને દિલ્હીમાં તે જ નિશ્ચિત કરશે કે કોણ સતા પર આવે છે દલિત અને મુસ્લિમ મતદારો મહત્વના છે પરંતુ તે દરેક ચૂંટણીમાં ફેકટર હોય છે. દિલ્હી અનોખુ એટલા માટે છે કે અહીં ૧૮ ટકા સ્વીંગ વોટર કોણ રાજ કરશે તે નકકી કરે છે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં ફકત છ થી આઠ મહિનાનો ટ્રેન્ડ હોવા છતાં પણ દિલ્હીના મતદારો જે રીતે પોતાની માનસિકતાને સ્વીંગ કરે છે તે ભારતમાં કદાચ ચૂંટણીમાં આટલું સફળ બન્યું છે. પાટનગરમાં લોકસભા ચૂંટણીના બેક ટુ બેક વિધાનસભા ચૂંટણી યોજાઇ છે પરંતુ વોટીંગ ટ્રેન્ડ બદલાઇ જાય છે. છેલ્લી ત્રણ ચૂંટણીમાં એટલે કે લોકસભા અને વિધાનસભા બંનેને એક સાથે જુઓ તો ૧૮ ટકા જેટલા વોટીંગ શીફટીંગ અથવા તો સ્વીંગ વોટર્સ એ દિલ્હીની સતા કબ્જે કરી છે. ૨૦૨૪માં ભાજપે લોકસભાની તમામ ૭ બેઠકો કબ્જે કરી અને દિલ્હી વિધાનસભાની ૭૦માંથી ૬૦ બેઠકોમાં ભાજપને લોકસભા મતની દ્રષ્ટિએ સરસાઇ મળી હતી પરંતુ જયારે વિધાનસભા ચૂંટણી યોજાઇ તો ૭૦માંથી ફકત ૩ બેઠકો ભાજપને મળી આમ તેની ૬૦ બેઠકો પર જે સરસાઇ હતી તે ત્રણ બેઠકોને જીતમાં પરિવર્તિત કરવા સફળ રહી. ૨૦૧૯માં આ જ ટ્રેન્ડ જોવા મળ્યો ભાજપે ફરી વખત લોકસભાની તમામ સાત બેઠકો જીતી અને ધારાસભાની ૬૫ બેઠકો એવી હતી કે જેમાં તે સરસાઇ ધરાવતી હતી. પરંતુ ૨૦૨૦ની ચૂંટણીમાં તેને ફકત ૭ બેઠકો મળી અને આમ આદમી પાર્ટીએ ફરી એક વખત દિલ્હી કબ્જે કર્યુ. બંને ચૂંટણીમાં 'આપ'ને ૬૫ બેઠકો અનુક્રમે મળી હવે ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી થઇ તેમાં પણ ભાજપને તમામ ૭ બેઠકો મળી છે. મહત્વનું એ છે કે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બંને સાથે લોકસભા ચૂંટણી લડયા તેમ છતાં એક પણ બેઠક જીતી ન શકયા. ધારાસભાની દ્રષ્ટિએ જુઓ તો ૫૨ બેઠકો એવી હતી કે જેમાં ભાજપ આગળ હતું. હવે વોટ શીફટીંગ કે વોટ સ્વીંગની પરંપરા જે છેલ્લી ત્રણ ચૂંટણીમાં જોવા મળી છે કે કેમ તે પણ જોવુ રસપ્રદ બનશે. મહત્વનું એ છે કે છેલ્લી ત્રણેય વિધાનસભા ચૂંટણીઓ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એકબીજા વિરૂધ્ધ લડયા છે આ ચૂંટણીમાં તે જ સ્થિતિ છે.

લોકસભા અને ધારાસભામાં વોટીંગ પેટર્ન પણ આંકડાની દ્રષ્ટિએ જોઇએ તો રસપ્રદ બની રહી છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને જે મત મળ્યા હતા તેના કરતા તુર્ત જ યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેને ૨૧.૬ ટકા વધુ મત મળ્યા જયારે ભાજપનો વોટશેર લોકસભાની દ્રષ્ટિએ ૧૪.૧ ટકા અને કોંગ્રેસનો ૫.૪ ટકા ઘટી ગયો. ૨૦૧૯માં પણ આવું જ થયું. લોકસભા કરતા ધારાસભા ચૂંટણીમાં આપનો વોટશેર ૩૬.૪ ટકા વધી ગયો ભાજપનો ૧૮.૧ ટકા અને કોંગ્રેસનો ૧૮.૨ ટકા ઘટયો. ૨૦૨૪માં ફરી એક વખત ભાજપે લોકસભા ચૂંટણીમાં ૫૦થી વધુ ૫૪ ટકાથી વધુ વોટશેર મેળવ્યો છે. પણ તે ધારાસભામાં જાળવી રાખશે તે પણ પ્રશ્ન છે.

૨૦૨૫ની ધારાસભા ચૂંટણીમાં અત્યાર સુધીમાં મળેલા ઓપીનીયન પોલના આંકડા મુજબ આમ આદમી પાર્ટી માટે ટફ સ્થિતિ છે. મહત્વનું એ છે કે છેલ્લા બે દિવસમાં જે પ્રચાર શરૂ થયો તેમાં હવે કેજરીવાલને ડબલ-ટ્રબલ જેવી સ્થિતિ છે. રાહુલ ગાંધીએ મેદાનમાં આવતા જ કેજરીવાલ પર પ્રહાર કર્યો અને કેજરીવાલ તથા મોદી એક જ પંગતના નેતા છે તેવું કહીને શિલા દીક્ષિત શાસનને યાદ કર્યુ. તો કેજરીવાલે જે જવાબ આપ્યો તે થોડો હળવો હતો અને રાહુલ પર કોંગ્રેસને બચાવવાની ચિંતા છે તેવું કહીને ભવિષ્યમાં ૨૦૧૩ જેવી પરિસ્થિતિ બને તો તેના માટે તૈયારી રાખી છે. કે જયારે આમ આદમી પાર્ટીને સરકાર બનાવવામાં કોંગ્રેસનો સહારો લેવો પડયો છે અને કોંગ્રેસ આંતરીક વિખવાદ છતાં પણ છેલ્લે ભાજપ કરતા આપને વધુ પસંદ કરશે તે મહત્વનું બની રહેશે આમ દિલ્હીમાં હવે તમામ શસ્ત્રો મ્યાનમાંથી બહાર આવી ગયા છે. તા.૮ના રોજ તેમાં કોણ વિજેતા તે નિશ્ચિત થશે.



**૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને જે મત મળ્યા હતા તેના કરતા તુર્ત જ યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેને ૨૧.૬ ટકા વધુ મત મળ્યા જયારે ભાજપનો વોટશેર લોકસભાની દ્રષ્ટિએ ૧૪.૧ ટકા અને કોંગ્રેસનો ૫.૪ ટકા ઘટી ગયો. ૨૦૧૯માં પણ આવું જ થયું. લોકસભા કરતા ધારાસભા ચૂંટણીમાં આપનો વોટશેર ૩૬.૪ ટકા વધી ગયો ભાજપનો ૧૮.૧ ટકા અને કોંગ્રેસનો ૧૮.૨ ટકા ઘટયો. ૨૦૨૪માં ફરી એક વખત ભાજપે લોકસભા ચૂંટણીમાં ૫૦થી વધુ ૫૪ ટકાથી વધુ વોટશેર મેળવ્યો છે. પણ તે ધારાસભામાં જાળવી રાખશે તે પણ પ્રશ્ન છે**

# ટીમમાં અણબનાવ ! ચેમ્પિયન્સ ટ્રોફી કોચ ગંભીરનું ભવિષ્ય નક્કી કરશે

## બીસીસીઆઈ ઉપઅધ્યક્ષ રાજીવ શુક્લાએ ગંભીર-રોહિત વચ્ચે વિવાદને અફવા ગણાવી

નવી દિલ્હી : ભારતીય ટીમનાં મુખ્ય કોચ તરીકે ગૌતમ ગંભીરનું ભવિષ્ય ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેનાં પ્રદર્શન પર નિર્ભર રહેશે. ટીમમાં 'સુપરસ્ટાર કલ્ચર' ખતમ કરવાનાં તેમનાં પ્રયાસોને કારણે ડ્રેસિંગ રૂમમાં અસંતોષના અહેવાલો સામે આવ્યાં છે. ગંભીરે સત્તા સંભાળી ત્યારથી જે પરાજયનો સામનો કરવો પડ્યો હતો તેનાથી વિરાટ



કોહલી અને રોહિત શર્માની આંતરરાષ્ટ્રીય કારકિર્દી પર પણ અસર પડી છે. બંનેનું ખરાબ ફોર્મ પણ આ માટે જવાબદાર છે પરંતુ ગંભીરની સ્થિતિ પણ હવે જોખમમાં છે.

બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ શ્રેણી દરમિયાન ગંભીર અને કેટલાક મુખ્ય ખેલાડીઓ વચ્ચેનાં કથિત વિવાદે પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી દીધી હતી. બીસીસીઆઈના એક વરિષ્ઠ સૂત્રએ કહ્યું કે, જો ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનું પ્રદર્શન સારું નહીં રહે તો કોચનું પદ મુશ્કેલીમાં આવી શકે છે. હા, તેનો કરાર ૨૦૨૭ વર્લ્ડ કપ સુધી છે, પરંતુ મૂલ્યાંકન પ્રક્રિયા ચાલું છે.

આ રમત પરિણામો પર આધારિત છે અને અત્યાર સુધી ગંભીર કોઈ નક્કર પરિણામ લાવવામાં સફળ રહ્યો નથી. બીસીસીઆઈ ઓસ્ટ્રેલિયા પ્રવાસનાં પ્રદર્શનની સમીક્ષા કરી ચૂક્યું છે. સમજી શકાય છે કે ગંભીર અને સિનિયર ખેલાડીઓ ટીમ કલ્ચરના મુદ્દે એકમત નથી. સૂત્રે કહ્યું કે, ગંભીર સુપરસ્ટાર કલ્ચરને ખતમ કરવા માંગે છે, જે ટીમમાં લાંબા સમયથી હાજર છે. એક ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે ૨૦૧૨માં કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન તરીકે ગંભીરે આઈપીએલ ફાઇનલમાં બેન્ડન મેક્કુલમને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરી દીધો હતો. સૂત્રએ એમ પણ કહ્યું કે, દિલ્હી રણજી ટીમનાં કેપ્ટન તરીકે, ગંભીરે એકવાર રોશનારા મેદાન પર ટીમની હોમ મેચ રમવાનું નક્કી કર્યું હતું કારણ કે ત્યાંની પીચ લીલી હતી. પરંતુ ટીમમાંથી બહાર રહેલાં એક મોટા ખેલાડીએ દક્ષિણ દિલ્હી પાસેનાં જામિયા મિલિયા ગ્રાઉન્ડમાં રમવાની માંગ કરી હતી. ગંભીરે તેની માંગને ફગાવી દીધી હતી.

એક ભૂતપૂર્વ ક્રિકેટરે ગંભીરની સરખામણી ગ્રેગ ચેપલ સાથે કરી અને કહ્યું કે, કાં તો રવિ શાસ્ત્રીની જેમ મીડિયા ફ્રેન્ડલી બનો અથવા દ્રવિડ અને કર્સ્ટનની જેમ બેકગ્રાઉન્ડમાં રહો. ચેપલ સ્ટાઈલ' ભારતમાં ચાલતી નથી. કોચ આવશે અને જશે, ખેલાડીઓ રહેશે.

### ગૌતમના પર્સનલ આસિસ્ટન્ટને લઈને સવાલો ઉઠી રહ્યાં

ગંભીરના પર્સનલ આસિસ્ટન્ટ દરેક જગ્યાએ ટીમ સાથે હોવાનાં કારણે બીસીસીઆઈ પણ નારાજ છે. એક અધિકારીએ પૂછ્યું કે, તેમનો આસિસ્ટન્ટ પસંદગીકારોની કારમાં કેમ બેઠો હતો ? શા માટે તેને ટીમનાં સભ્યો માટે નિયુક્ત વિસ્તારોમાં સ્થાન આપવામાં આવ્યું હતું ?

### ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન મતભેદો સામે આવ્યાં

ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ગંભીર હોટલ અને પ્રેક્ટિસના સમયને લઈને કેટલાક સ્ટાર ખેલાડીઓ દ્વારા કરવામાં આવેલી ખાસ માંગથી ખુશ ન હતો. વરિષ્ઠ ખેલાડીઓએ પણ તેની સાથે વાતચીતનો અભાવ અનુભવ્યો હતો.

### રોહિત શર્મા અને ગંભીર વચ્ચે મતભેદોની અફવાઓ પર બીસીસીઆઈની પ્રતિક્રિયા :-

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડનાં ઉપ પ્રમુખ રાજીવ શુક્લાએ એ ખબરનું ખંડન કર્યું જેમાં ટીમ ઇન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન રોહિત શર્મા વચ્ચે મતભેદનો દાવો કરવામાં આવ્યો હતો. રાજીવ શુક્લએ કહ્યું કે ''ગૌતમ ગંભીર અને કેપ્ટન રોહિત શર્મા વચ્ચે કોઈ મતભેદ નથી.'' હકીકતમાં હાલમાં જ થયેલી બોર્ડર - ગાવસ્કર ટ્રોફીમાં ઑસ્ટ્રેલિયાએ ભારતને ૩-૧ થી હરાવ્યું હતું, સિરીઝની અંતિમ મેચમાં રોહિત શર્મા રમ્યાં નહોતાં, ત્યાર પછી અટકળો હતી કે રોહિત શર્મા અને ગૌતમ ગંભીર વચ્ચે ઠીક ચાલી રહ્યું નથી. જોકે, રોહિત શર્માએ કહ્યું હતું કે ખુદ પોતે છેલ્લી ટેસ્ટમેચમાંથી ખરાબ ફોર્મને કારણે નહીં રમવાનો નિર્ણય લીધો હતો. ગૌતમ ગંભીરે આ મામલે કોઈ વિવાદનો ઇન્કાર કર્યો હતો.

# બીસીસીઆઈનું ખેલાડીઓની પત્નીઓને પ્રવાસ પર સાથે લઈ જવા પર કડક વલણ

## ઓસ્ટ્રેલિયામાં નિરાશાજનક પ્રદર્શન બાદ બીસીસીઆઈ ખેલાડીઓના ૪૫ દિવસનાં પ્રવાસ પર પત્નીઓને ૨ અઠવાડિયાની જ છુટ આપશે

નવી દિલ્હી : ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં નિરાશાજનક પ્રદર્શન બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે કડક પગલાં લેવાનું વિચારી રહ્યું છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો જેનાં કારણે ખેલાડીઓની ટીકાનો સામનો કરવો પડ્યો હતો. બીસીસીઆઈએ થોડાં દિવસો પહેલાં આ અંગે સમીક્ષા બેઠક યોજી હતી અને હવે સમાચાર સામે આવી રહ્યાં છે કે બોર્ડ કેટલાક કડક પગલાં લેવાનું વિચારી રહ્યું છે. આ સમીક્ષા બેઠકમાં કેપ્ટન રોહિત શર્મા અને પસંદગી સમિતિનાં અધ્યક્ષ અજીત અગરકર સહિત ટીમ મેનેજમેન્ટે પણ ભાગ લીધો હતો.



બીસીસીઆઈ અનુશાસનાત્મક પગલાં લઈ શકે છે જેમાં વિદેશ પ્રવાસોમાં ક્રિકેટરોની પત્નીઓની હાજરીને મર્યાદિત કરવાનો સમાવેશ થઈ શકે છે. આ સિવાય તેમાં કોચ અને ખેલાડીઓના મેનેજરને ટીમ બસમાં મુસાફરી કરતાં રોકવાનો પણ સમાવેશ થાય છે. ખબર છે કે મેચ દરમિયાન ઘણાં ક્રિકેટરોની પત્નીઓ સ્ટેડિયમમાં હાજર હોય છે, પરંતુ હવે બીસીસીઆઈ આ અંગે કડક વલણ અપનાવવા જઈ રહ્યું છે.

જો બીસીસીઆઈ આ નિર્ણય લે છે, તો ૪૫ દિવસ કે તેથી વધુ સમયનાં પ્રવાસમાં ખેલાડીઓ તેમની પત્નીઓ અને પરિવારનાં અન્ય સભ્યોને માત્ર બે અઠવાડિયા માટે જ પોતાની સાથે રાખી શકશે. જો પ્રવાસ ૪૫ દિવસથી ઓછા સમય માટે છે તો આ સમયગાળો એક અઠવાડિયાનો હોઈ શકે છે. આ સિવાય ખેલાડીઓ વિદેશ પ્રવાસ દરમિયાન અન્ય કોઈપણ વાહનમાં મુસાફરી કરી શકશે નહીં અને ટીમ બસનો જ ઉપયોગ કરવાનો રહેશે. મોટાભાગનાં ખેલાડીઓ આ નિયમનું પાલન કરે છે, પરંતુ કેટલાક પ્રસંગોએ ખેલાડીઓ અને સહાયક સ્ટાફનાં સભ્યો અન્ય વાહનોનો ઉપયોગ કરે છે.

ઓસ્ટ્રેલિયા પ્રવાસનાં નિરાશાજનક પ્રદર્શનને લઈને બોલાવવામાં આવેલી સમીક્ષા બેઠકમાં આ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી પરંતુ તેમાંથી કોઈ પણ તાત્કાલિક અસરથી લાગું કરવામાં આવ્યું નથી. ટીમ બસમાં પ્રવાસ કરી રહેલાં ખેલાડીઓ અને કોચના મેનેજરોનો મુદ્દો ત્યારે સામે આવ્યો જયારે ઓસ્ટ્રેલિયાનાં પ્રવાસ દરમિયાન કોચિંગ સ્ટાફનાં એક વરિષ્ઠ સભ્યના મેનેજરે ટીમની બસમાં મુસાફરી કરવાની મંજૂરી આપી હતી.

બીસીસીઆઈના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે વિદેશ પ્રવાસ દરમિયાન પત્નીઓની હાજરી અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી અને ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. આ સિવાય તમામ ખેલાડીઓ અને કોચે ટીમ બસમાં જ મુસાફરી કરવી જોઈએ. આવું હંમેશાંથી થતું આવ્યું છે, પરંતુ છેલ્લાં કેટલાક સમયથી એવું જોવા મળી રહ્યું છે કે ખેલાડીઓ અન્ય વાહનોનો પણ ઉપયોગ કરવા લાગ્યાં છે.

# રોહિત શર્મા અને શુભમન ગિલ આગામી દિવસોમાં રણજી ટ્રોફીમાં જોવા મળશે

## રોહિત શર્માએ રણજી ટ્રોફીની મુંબઈ ટીમ સાથે પ્રેક્ટિસ કરી : શુભમન ગીલ પંજાબ તરફથી રમી શકે

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ ટીમનાં કેપ્ટન રોહિત શર્મા અને યુવા બોલર શુભમન ગીલે રણજી ટ્રોફીમાં રમવાના સંકેત આપ્યાં છે. રોહિત અને શુભમન છેલ્લાં કેટલાક મહિનાઓથી ટેસ્ટ ક્રિકેટમાં રન બનાવવા માટે સંઘર્ષ કરતાં જોવા મળી રહ્યાં છે. રોહિતે ૨૩ જાન્યુઆરીથી શરૂ થનારી રણજી ટ્રોફીના બીજા તબક્કા પહેલાં મંગળવારે મુંબઈની ટીમ સાથે પ્રેક્ટિસ કરી હતી. તેણે ઓસ્ટ્રેલિયામાં ત્રણ ટેસ્ટમાં માત્ર ૩૧ રન બનાવ્યાં અને સિડનીમાં પાંચમી અને અંતિમ ટેસ્ટમાંથી બહાર બેસવાનો નિર્ણય કર્યો હતો.




રોહિતે વાનખેડે સ્ટેડિયમમાં થોડાં કલાકો સુધી ચાલેલા સુખદ પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો હતો. તે સાથી ખેલાડી અજિંક્ય રહાણે સાથે રાહ જોતો હતો. રોહિત છેલ્લે ૨૦૧૫ માં ઉત્તર પ્રદેશ સામે મુંબઈ તરફથી રમ્યો હતો.

### જમ્મુ કાશ્મીર સાથે મેચ

મુંબઈ ક્રિકેટ એસોસિએશનના એક અધિકારીએ કહ્યું કે જ્યારે ટૂર્નામેન્ટ વચ્ચે અંતર હોય છે, ત્યારે પ્રક્રિયા એવી છે કે ટીમ મેનેજમેન્ટ ખેલાડીઓને તેમની ઉપલબ્ધતા વિશે પૂછે છે. રોહિતને ૨૩ જાન્યુઆરીએ જમ્મુ-કાશ્મીર સામેની રણજી ટ્રોફી મેચ માટે ટીમ સિલેક્શન સમયે પૂછવામાં આવશે. રોહિતે સિડની ટેસ્ટમાં જસપ્રીત બુમરાહને સુકાનીપદ સોંપ્યું હતું, જેનાં કારણે તેનાં ભવિષ્ય અંગે અટકળો શરૂ થઈ હતી. જો કે એક ઈન્ટરવ્યુમાં રોહિતે કહ્યું કે તે ક્યાંય જઈ રહ્યો નથી.

### શુભમન ગિલ પંજાબ માટે રમશે

ગિલ કર્ણાટક સામે પંજાબ તરફથી રમશે. ગિલ છેલ્લે ૨૦૨૨ માં રણજી ટ્રોફી રમ્યો હતો જ્યારે તે અલૂરમાં મધ્યપ્રદેશ સામેની ક્વાર્ટર ફાઇનલમાં દેખાયો હતો. પંજાબની ટીમની હજુ સુધી જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ એક અહેવાલ અનુસાર, ગીલે તેની ઉપલબ્ધતાની પુષ્ટિ કરી છે. ગિલે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ત્રણ મેચમાં ૯૩ રન બનાવ્યાં હતાં.

# રોહિત ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં પાકિસ્તાન જઈ શકે



અગાઉ ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન પાકિસ્તાનનાં હાથમાં હતું. પરંતુ બીસીસીઆઈ અને પીસીબી વચ્ચેનાં મતભેદોને કારણે હવે ભારત પોતાની બધી મેચ દુબઈમાં રમશે. જો કે, ટુર્નામેન્ટ પહેલાં બધાં કેપ્ટનોને ચેમ્પિયન્સ ટ્રોફીના ફોટોશૂટ માટે પાકિસ્તાન જવું પડી શકે છે. કેપ્ટન રોહિત શર્મા પણ આ યાદીમાં સામેલ છે. પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો રોહિત પાકિસ્તાન આવશે પાકિસ્તાનની એક ન્યૂઝ ચેનલે એક અહેવાલમાં દાવો કર્યો હતો કે , રોહિત શર્મા ફોટોશૂટ માટે પાકિસ્તાન આવી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો રોહિત શર્મા ફોટોશૂટ અને પ્રેસ કોન્ફરન્સનો ભાગ લેશે તો તેનાથી બંને દેશો વચ્ચેનો તણાવ ઓછો થઈ શકે છે. જો કે, હજુ સુધી કેપ્ટન રોહિત શર્માની પાકિસ્તાન મુલાકાતની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં મિડલ ઓર્ડરમાં રાહુલ કે ઐયર ?

નવી દિલ્હી : ભારતની ચેમ્પિયન્સ ટ્રોફી ટીમની જાહેરાત આવતાં અઠવાડિયે થવાની છે. જો કે ટીમ સિલેક્શનને લઈને મોટો પડકાર ઉભો થયો છે. ઋષભ પંત ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનો નંબર વન વિકેટકીપર હશે. આવી સ્થિતિમાં કેએલ રાહુલ વિકેટકીપિંગ નહીં કરે. હવે સવાલ એ થાય છે કે કેએલ રાહુલ અને શ્રેયસ અય્યરમાંથી કોને ટીમમાં ચોથા નંબર પર સ્થાન મળશે. માત્ર એક બેટ્સમેનને બદલે ઋષભ પંત પ્રથમ વિકલ્પ તરીકે વિકેટકીપરની ભૂમિકા ભજવશે અને ધ્રુવ જુરેલ બેકઅપ તરીકે ટીમમાં હશે. મતલબ કે મિડલ ઓર્ડરમાં માત્ર એક બેટ્સમેન



માટે જગ્યા બચી છે. કેએલ રાહુલ અથવા શ્રેયસ અય્યરે ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરવું પડશે.

### બંને ટીમનાં મજબૂત દાવેદારો

કેએલ રાહુલે ૨૦૨૩ વનડે વર્લ્ડ કપમાં વિકેટકીપર તરીકે સારું પ્રદર્શન કર્યું હતું. ૫ કે ૬ નંબર પર બેટિંગ કરીને પણ તેણે ૧૦ ઈનિંગ્સમાં ૪૫૨ રન બનાવ્યાં, જેમાં ૧ સદી અને ૨ અડધી સદી સામેલ છે. શ્રેયસ અય્યર માટે ટીમમાં જગ્યા બનાવવી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર હોવા છતાં ગંભીરે તેને શ્રીલંકા સામેની વનડે શ્રેણી માટે બોલાવ્યો હતો. વર્લ્ડ કપ ૨૦૨૩ માં તેણે ૧૧ ઈનિંગ્સમાં ૫૩૦ રન બનાવ્યાં હતાં, જેમાં ૨ સદી અને ૩ અડધી સદીનો સમાવેશ થાય છે.

# ગાવસ્કરે ઈંગ્લેન્ડ સામેની શ્રેણી માટે ટીમને નાની કરવા બીસીસીઆઈને સુચવ્યું

## ૧૯ ખેલાડીઓની ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાનાં પ્રવાસે ગઈ પરંતુ હવે સુનીલ ગાવસ્કરે ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલાં ૧૬ ખેલાડીઓ કરવા કહ્યું

નવી દિલ્હી : ટીમ ઇન્ડિયાએ જૂન મહિનામાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરવાનો છે. જ્યાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટેસ્ટ મેચની શ્રેણી રમાવાની છે. જેનાં માટે ભારતીય ક્રિકેટનાં દિગ્ગજ સુનીલ ગાવસ્કર પહેલાથી જ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને ટીમની પસંદગી અંગે સલાહ આપી ચૂક્યાં છે. ગાવસ્કરે સ્પોટ્ર્સસ્ટારમાં પોતાની કોલમમાં એ વાત પર ચિંતા વ્યક્ત કરી હતી કે તાજેતરમાં ભારતે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ૧૯ ખેલાડીઓની ટીમ મોકલી હતી, જેમાં રિઝર્વ ખેલાડીઓ પણ સામેલ હતાં. આ મોટી ટીમ અંગે ચિંતા વ્યક્ત કરતાં તેણે કહ્યું કે ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ટીમનું કદ ઘટાડવું જોઈએ. સુનીલ ગાવસ્કરે કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં લોજિસ્ટિક સમસ્યાઓનાં કારણે મોટી ટીમ મોકલવી જરૂરી હતી, પરંતુ ઈંગ્લેન્ડમાં આ પદ્ધતિ અપનાવવી જોઈએ નહીં. તેમણે કહ્યું કે ''જો ૧૬ થી વધુ ખેલાડીઓને મોકલવામાં આવે છે, તો તે પસંદગીકારોની તરફથી મૂંઝવણ દર્શાવે છે, જે સારો રીતે સંકેત નથી. કારણ કે બીસીસીઆઈ પાસે મોટી ટીમ મોકલવાનું બજેટ છે, તેનો અર્થ એવો ન હોવો જોઈએ કે દરેકને તે આપવામાં આવે છે. સુનીલ ગાવસ્કરે ઈંગ્લેન્ડ પ્રવાસ માટે કેટલાક વધારાનાં બોલરોને સામેલ કરવાની સલાહ આપી હતી, પરંતુ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે આ બોલરો ટીમનો ભાગ હોય તો જ તેમને ઈન્ડિયા કેપ આપવામાં આવે. તેમણે કહ્યું કે ''વિદેશનાં પ્રવાસો પર પ્રેક્ટિસ માટે હંમેશાં બોલરોની અછત રહે છે, તેથી કેટલાક બોલરોને સાથે લેવાનું ઠીક છે, પરંતુ તેમને ઈન્ડિયા કેપ ન આપવી જોઈએ.''



સુનીલ ગાવસ્કરે પણ ઈંગ્લેન્ડમાં પ્રેક્ટિસ મેચોના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ટીમે માત્ર એક ટુર મેચ અને ઈન્ટ્રા-સ્કવોડ ગેમ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જે ઓછું હતું. તેમણે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન બને તેટલી પ્રેક્ટિસ મેચોનું આયોજન કરવાનું સૂચન કર્યું છે, જેથી ખેલાડીઓની તૈયારીને વધુ મજબૂત બનાવી શકાય.

### ક્યાંક પાયલ ગોટીને ન્યાયના તો ક્યાંક ઈકોઝોનના વિરોધના પતંગ પણ ચગ્યા

# ઉતરાયણે નેતાઓના પતંગ ચગ્યાઃ પોલીટીક્સ પણ થયું

### મોદી પતંગ મહોત્સવ મીસ કરતા હોય તેમ કહ્યુંઃ આજે તો ગુજરાતમાં સૌ કોઈ ધાબા પર હશે

રાજકોટઃ ગુજરાતમાં પોલીટીક્સ અને પતંગ સાથે ચૌલી-દામનનો સાથ છે તે ફરી એક વખત જોવા મળ્યું. હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના ધાબા પર પતંગ ઉડાડીને સૌ નેતાઓને ઉતરાયણના દિવસે ધાબા પર ચડવાની પ્રેરણા આપી અને હવે તમામ નેતાઓ તેને ફોટો ઓપ્પ્યુચીનીટી બનાવવાની તક જતી કરતા નથી. ગઈકાલે દિલ્હીથી પણ મોદીએ ઉતરાયણના

### રાજકીય પતંગબાજીમાં ચાણકય અમિત શાહે અમદાવાદના ધાબા પરથી પતંગ ચગાવ્યો અને મુખ્યમંત્રી પણ સાથે રહ્યાઃ કપાયો પણ ખરો







### પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પતંગ ચગાવી કહ્યું કે દેશમાં મોદી-શાહનો પતંગ ચગે છે કેજરીવાલનો તો કપાશે : હર્ષ સંઘવી-શંકર ચૌધરીએ પણ ચડેલો પતંગ ઉડાડયો

સંદેશમાં કહ્યું કે આજે તો ગુજરાતમાં સૌ કોઈ ધાબા પર જ હશે અને આમ કહીને પોતે આ ઉતરાયણની મજા 'મીસ' કરે છે તે પણ કહી દીધું. શ્રી મોદી

(અનુસંધાન છઠ્ઠા પાને)

# મકરસંક્રાંતિમાં માતમ દોરાથી ગળું કપાતા ૧નું મોત : ધાબેથી પટકાતા ત્રણે જીવ ખોયા

રાજકોટ, તા.૧૪

રાજયભરમાં ઉત્તરાયણ પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી થઈ હતી.જોકે પતંગની કાતિલ દોરી અનેક લોકો માટે જીવલેણ સાબિત થઇ છે.ખાસ કરીને ટુ-

### રાજકોટના બેડલા ગામમાં રહેતો પ્રકાશ સરેરીયા મોટાં ભાઈના ઘરે ઉતરાયણ મનાવવા જતો હતો ત્યારે ગ્રીનલેન્ડ ચોકડી પાસે દોરીથી ગળું કપાતા ઘટના સ્થળે જ દમ તોડ્યો

વ્હીલર ચાલકો માટે પતંગની દોરી જીવલેણ બની જાય છે. ત્યારે ગઈ કાલે રાજકોટમાં ૩૦ વર્ષિય યુવકનું પતંગની દોરથી ગળું







### રાજકોટના જંગલેશ્વરમાં પતંગ ચગાવતી વખતે ધાબા પરથી નીચે પડી જતાં ૧૮ વર્ષીય અયાનખાન પઠાણ, ઘંટેશ્વરમાં કશ્યપ ચંદ્રાએ સારવારમાં અંતિમ શ્વાસ લીધા

કપાતા ઘટના સ્થળે મોત નિપજયું હતું. જ્યારે ધાબા પરથી પટકાતા બાળકી સહિત ત્રણના મોત થયાં હતાં. જ્યારે ૫૦ થી વધુને દોરી ગળામાં ઘસાતા ઈજાગ્રસ્ત થયાં હતાં. તમામને સારવારમાં ખસેડાયા હતા.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર રાજકોટના બેડલા ગામે રહેતા પ્રકાશભાઈ જયસુખભાઈ સરેરીયા (ઉ.વ.૩૦) નામનાં યુવક ગઈ કાલે બપોરે દોઢ વાગ્યાની આસપાસ બાઈક લઈ જતા હતા ત્યારે ગ્રીન લેન્ડ ચોકડી પાસે મેંગો માર્કેટ નજીક પહોચતા અચાનક પતંગની દોરી યુવકના ગળામાં આવતાં ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. જેની જાણ પોલીસને થતાં તુરંત દોડી ગયા હતા. અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે મૃતકના પરિવારજને જણાવ્યું હતુંકે મત્યુ પામનાર પ્રકાશભાઈ મકરસંક્રાતિ હોવાથી મેંગો માર્કેટ પાછળ રહેતાં તેના મોટાંભાઈ દિપકભાઈના ઘરે ઉતરાયણ મનાવવા જવા નીકળ્યા હતા. બાઈક લઈ જતાં હોય ત્યારે ગ્રીન લેન્ડ ચોકડી પાસે મેંગો માર્કેટ નજીક પાસે પહોચતા પતંગની દોરી ગળામાં વીંટળાયા જતા ગળુ ચિરી નાખ્યું હતું. અને લોહી લુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. બનાવ સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. પ્રકાશભાઈ ઘરેથી નીકળ્યા બાદ વધુ સમય થઈ જતા તેના મોટાંભાઈના ઘરે ન પહોચતા તેના પરિવારજને પ્રકાશભાઈને ફોન કર્યો હતો. ત્યારે ત્યાં કોઈ રાહદારીએ ફોન ઉપાડી બનાવ અંગે જાણ કરી હતી. બાદ તાકિદે પરિવારજનો પહોંચી ગયા હતા. અને બાદમાં યુવકનાં મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતક યુવક કુંવારો હતો. ઇટુના ભઠામાં કામ કરતો અને બે ભાઈમાં નાનો હોવાનો મૃતકના પરિવારજને જણાવ્યું હતું.

## દોરીથી કપાતા અને ધાબા પરથી પટકાતા ૧૦૧ થી વધુ ઘવાયા

સમગ્ર ગુજરાત સહિત દેશમાં લોકોએ ઉત્તરાયણની મજા માણી હતી. લોકોએ વહેલી સવારથી જ ધાબા ઉપર પહોંચીને રંગબેરંગી પતંગો ઉડાવી હતી. તો બીજી તરફ અનેક લોકો માટે ઉત્તારાયણની મજા સજા બની ગઈ હતી. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે પતંગની દોરી જીવલેણ બની જાય છે. ત્યારે ગઈ કાલે રાજકોટમાં અલગ અલગ જગ્યાએ પતંગની દોરીથી અને ધાબા પરથી પાટકાયા હોય તેવાં કુલ ૧૦૧ બનાવ સામે આવ્યાં હતાં. જેમાં ઇએનટીમાં ૪૫, સર્જરીમાં ૨૩, ઓર્થોપેડીકમાં ૩૩ ઈજાગ્રસ્તએ સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી હતી. હાલમાં ઈએનટીમાં એક પેશન્ટ અને ઓર્થોમાં ૬ પેશન્ટ દાખલ છે. જેમાં દક્ષ મનીષભાઈ (ઉ.૨૭), સંજયભાઈ (ઉ.૩૦), વિજય દિનેશભાઈ (ઉ.૧૦), સાટીયા શીતલબેન (ઉ.૨૭), રામાભાઈ (ઉ.૨૮), આયુષરાય (ઉ.૧૨), વિશાલ (ઉ.૨૫), આનંદ રાકેશભાઈ (ઉ.૩૨), વિવેક જીતુભાઈ (ઉ.૧૮), કીશોરભાઈ ત્રિભોવનભાઈ (ઉ.૪૦), દિપક વાઘેલા (ઉ.૨૪), કલ્યાણભાઈ કાનાભાઈ (ઉ.૭૨), કાનાભાઈ (ઉ.૪૫), રાજેશ્રી દેવજીભાઈ (ઉ.૨૦), અનિલભાઈ મનજીભાઈ (ઉ.૪૮), હેત્વી કેતનભાઈ (ઉ.૨૧), સંજય (ઉ.૩૦), સાગર ગોરખ (ઉ.૨૭), વિજયભાઈ પ્રવિણભાઈ (ઉ.૪૫), શિવાભાઈ ગોહેલ (ઉ.૩૦) પ્રિયા (ઉ.૪), પિયુષભાઈ કિશોરભાઈ (ઉ.૧૮), કાળુભાઈ હાલાભાઈ (ઉ.૫૦), દશરથ (ઉ.૧૯), દેવજીભાઈ નાથાભાઈ (ઉ.૪૫), સુનીલભાઈ હીરાભાઈ (ઉ.૩૫), દેવ જીતેન્દ્રભાઈ (ઉ.૧૧), શબ્બીરભાઈ (ઉ.૩૪), જીતેન્દ્રભાઈ (ઉ.૫૨) સંદિપભાઈ (ઉ.૩૮), મનુરાય (ઉ.૨૨), કમલેશભાઈ નંદાભાઈ (ઉ.૨૦), વેલજીભાઈ નાનજીભાઈ (ઉ.૬૪), વિવેક હસમુખભાઈ (ઉ.૨૮), મિલનભાઈ બાબુભાઈ (ઉ.૪૦) સહિત ૩૫ થી વધુ લોકોના ગળા દોરીથી કપાયા હોવાનું સામે આવ્યું હતું. આ તમામે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી હતી.

ગઈ કાલે સમગ્ર રાજ્યમાં ઠેર ઠેર કાઈપો છે અને લપેટ... લપેટની બૂમો ગુંજી હતી છે. આ વચ્ચે યુવાધન પતંગ ચગાવવાની સાથે ધાબા પર સાઉન્ડ સિસ્ટમ મૂકીને ફૂલ વોલ્યુમ પર બોલિવૂડ સોન્ગ અને ગરબ રમતા નજરે પડ્યા પડતાં. તો બીજી તરફ અનેક લોકો માટે ઉત્તારાયણની મજા સજા બની હતી. ગઈ કાલે રાજકોટમાં ધાબા પરથી પડી જવાનાં કે પતંગની દોરી ગળામાં વિંટાવાથી પડી જવાનાં અનેક બનાનો સામે આવ્યા હતા. આ તમામને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. અને સામાન્ય ઇજાગ્રસ્તને રજા આપવામાં આવી હતી. ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવારમાં આવેલ દિલીપભાઈ કુકરેજા (ઉ.૬૫), તેજુ (ઉ.૧૯), જીતેન્દ્રભાઈ (ઉ.૬૨), યુવરાજ શૈલેષભાઈ (ઉ.૧૨), રાજેન્દ્રગીરી (ઉ.૫૦), અમીનાબેન (ઉ.૫૮), રાધિકા નિલેશભાઈ (ઉ.૧૮), ગોવિંદભાઈ (ઉ.૬૫), આનંદ કુલદીપભાઈ (ઉ.૧૯), સોરમ દિપકભાઈ (ઉ.૧૯), સોનલબેન રાજેશભાઈ (ઉ.૧૫), આશિષ (ઉ.૨૩), અરવિંદભાઈ (ઉ.૩૦), પ્રિયાંશી (ઉ.૧૪), બીપીન (ઉ.૧૯) સહિત ૧૫ થી વધુ લોકો સારવાર મેળવી હતી.

### કચ્છના ગાંધીધામમાં ધાબા પર ઉભેલા પિતાના હાથમાંથી પડી જતા ૧૦ માસની દિપાંશી પરમારનું મોત, પરિવારમાં ભારે કલ્પાંત છવાયો

બીજા બનાવની વિગત અનુસાર જંગલેશ્વર શેરી નં-૨૯ માં રહેતાં અયાનખાન સહેજાદભાઈ પઠાણ (ઉ.વ.૧૮) નામનો યુવક ગઈ કાલે મીરા ઉદ્યોગ નગર શેરી નં-૨ માં આવેલ પ્રોટેક્ટ પેકેજીંગ નામના કારખાનાના બીજા માળે પતંગ ચગાવતો હતો ત્યારે બીજા માળેથી પટકાતાં તાકિદે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં આજે દમ તોડી દેતાં ગમગીની છવાઇ ગઇ હતી. મૃત્યુ પામનારા અયાનખાનના પિતા મીરા ઉદ્યોગ નગર શેરી નં-૨ માં આવેલ પ્રોટેક્ટ પેકેજીંગ નામના કારખાનાના કામ

(અનુસંધાન છઠ્ઠા પાને)


**એકેલીક ફોટો**

બાળકો, કપલ, ફેમીલી, મોટી સાઈઝમાં કરાવી આપના ડ્રોઈંગ રૂમને સજાવો

**રાજુ ડીઝીટલ સ્ટુડીયો**

ભુતખાના ચોક, રાજકોટ. M.: 94297 85836



સત્ હરિરામ　　જય ભગવાન　　સત્ મણીમાં

"ગુરૂબ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂદેવો મહેશ્વરા
ગુરૂ સાક્ષાત પરિબ્રહ્મા તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ॥"

**જગત જનની જગદંબા સત્ માં મણીમાં ના દિવ્ય દેહ મુક્તિ**

# પાલખીયાત્રા

સર્વદાતા સદ્ગુરૂ સંત શ્રી હરિરામ બાપા ના ધર્મપત્ની અને
જગત જનની જગદંબા સત્ માં મણીમાં ના દિવ્ય દેહ
ભૌતિક સંસાર માંથી મકરસંક્રાતિ ને પોષ વદ - એકમ ને
સવંત ૨૦૮૧, તા.૧૪-૦૧-૨૦૨૫ ને મંગળવારના રોજ
ગુરૂ ચરણ પામેલ છે.

**:: પૂજ્ય મણીમાં ની પાલખી યાત્રા ::**
પોષ વદ ૩, સવંત ૨૦૮૧
તા.૧૬-૦૧-૨૦૨૫, ગુરૂવાર, સમય : બપોરે ૧:૦૦ વાગ્યે

**:: પૂજ્ય મણીમાં ની સમાધી ::**
સમય : ૩:૦૦ વાગ્યે
સ્થળ : પુરણધામ, ધૂનેશ્વર
મુ. : ધૂનડા, તા. જામ જોધુપર, જી. જામનગર

જગત જનની જગદંબા સત્ માં મણીમાં ના ચરણોમાં કોટી કોટી વંદન.

**જોષી પરીવાર ના જય ભગવાન**



**જગત જનની જગદંબા સત્ માં**
# મણીમાં
ગુરૂ ચરણ તા.૧૪-૦૧-૨૦૨૫, મંગળવાર

# છૂટાછેડા માટે રૂપિયાની માંગણી કરી ઈજનેરને ગુપ્તાંગના ભાગે મારમાર્યો, લમણે બંદૂક રાખી ધમકી

## સ્મૃતિ સોસાયટીમાં રહેતાં ઈજનેરને રામધણ આશ્રમ પાસે રહેતાં સાસરિયાઓએ ઘરે બોલાવી હુમલો કર્યોઃ પોલીસે યુવાનની પત્ની સહિત પાંચ શખ્સો સામે આર્મ્સ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૧૫

સ્મૃતિ સોસાયટીમાં રહેતાં ઈજનેરને રામધણ આશ્રમ પાસે રહેતાં સાસરિયાઓએ ઘરે બોલાવી છૂટાછેડા માટે રૂપીયાની માંગણી કરી ઈજનેરને ગુપ્તાંગના ભાગે મારમારી લમણે બંદૂક રાખી ધમકી આપતાં તાલુકા પોલીસ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે ગાંધી પેડક રોડ પર સ્મૃતિ સોસાયટીમાં રહેતાં ઉત્તમભાઈ રમેશભાઈ ભાખર (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દામજી ઠુમર, પંકજ દામજી ઠુમર, મોહિત દામજી ઠુમર, ધારાબેન ઉત્તમ ઠુમર અને વિનુ સખીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેઓ માતા ભાનુબેન સાથે રહે છે અને વાવડી ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ ફાલ્કન પંપમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયર તરીકે નોકરી કરે છે. તેના લગ્ન તા.૧૦/૧૨/૨૦૨૩ ના ધારાબેન ઠુમર સાથે થયેલ હતા. બાદમાં બન્નેને મનમેળ ન થતા તે છેલ્લા છ મહીનાથી તેના માવતરે ચાલ્યા ગયેલ છે.

ગત તા. ૧૦ ના સવારે અગિયારેક વાગ્યાની આસપાસ તે ફાલ્કન પંપ કંપની પર કામ કરતો હતો ત્યારે તેમના સસરા દામજીભાઈનો ફોન આવેલ કે, છુટાછેડા બાબતે વાતચીત કરવી છે, જેથી તમે અહીં ઘરે આવો છો કે અમે કંપની પર આવીએ જેથી તે ગભરાય ગયેલ અને તેઓને મળવા વાવડીથી સસરાના ઘરે જે રામધણ આશ્રમ પાસે આવેલ છે ત્યાં ગયેલ અને ઘરમાં પ્રવેશ કરેલ ત્યારે સસરા દામજીભાઈ, સાળા પંકજ, મોહીત તથા સસરાના મિત્ર વિનુભાઈ સખીયા પણ હાજર હતા.

તેઓ ઘરમાં પ્રવેશતાની સાથે જ સાળા પંકજ અને મોહીત બન્ને ગાળો આપવા લાગેલ અને છુટાછેડા કરવા બાબતે મારી પૈસાની માંગણી કરેલ પરંતુ તેમની પાસે સગવડ ન હોય જેથી મુદત માંગતા બન્ને અચાનક ઉશ્કેરાઈ ગયેલ અને સાળા પંકજે ધક્કો મારી પાડી દીધેલ અને પગ પકડી રાખી સાળા મોહીતે ગુપ્તાંગ પર અને પગના ભાગે પાટા મારેલ હતા.

તેમજ પત્ની ધારાએ કપાળના ભાગે ફુલદાની મારેલ જેથી શરીરે દુઃખાવો થતા ગભરાઈ જઈ ઘરની બહાર નીકળવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે સસરાએ પકડી રાખેલ અને ગાળો આપી હતી.

તેમજ સસરાના મિત્ર વિનુ સખીયાએ કે તેની પાસે રહેલ પરવાનાવાળી બંદુક કાઢી અને કપાળ પર રાખી કહેલ કે, જો છુટાછેડા કરવાના પૈસા ન હોય તો તારા નામે રહેલ મિલકતમાંથી એકાદ મિલકત ધારાના નામે કરી દેજે નહીંતર આટલી જ વાર લાગશે તેમ ધમકી આપેલ હતી. બાદમાં તે ત્યાંથી નીકળી વાવડી કંપનીએ જતો રહી પરિવારને જાણ કરી હતી. બાદમાં તેને શરીરે પહોંચેલ ઈજાથી દુખાવો થતાં ૧૦૮ મારફત સારવાર ખસેડેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે આર્મ્સ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ચુંટણીપંચ દ્વારા નિયમોમાં કરાયેલા સુધારા મુદે સુપ્રીમની નોટીસ

ચુંટણીપંચ દ્વારા ૧૯૬૧ના ચુંટણીધારામાં કરાયેલા સુધારાને પડકારતી કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજયસભાના સભ્ય જયરામ રમેશની અરજી પરથી સુપ્રીમકોર્ટે આજે પંચને નોટીસ ફટકારી છે અને તા.૧૭ માર્ચ બાદ સુનાવણી યોજાશે. ચુંટણીપંચે કેટલાક ચુંટણી સંબંધીત દસ્તાવેજો સામાન્ય મતદારને મળી ન શકે તેવી જોગવાઈ અમલમાં મુકી છે અને આ પ્રકારના દસ્તાવેજો મેળવવા માટે ફી પણ ઉંચી નકકી કરવામાં આવી છે. જે મુદે ચુંટણીની પારદર્શકતા જળવાતી નથી તેવો વાંધો જયરામ રમેશ દ્વારા ઉઠાવાયો છે.

# નુરાનીપરા પાસે બાઈક જોઈને ચલાવવાનું કહેતાં વેપારી પર અજાણ્યાં શખ્સોનો હુમલો

## નાથજી પાર્કમાં રહેતો યુવાન શાપર આવેલ ડેરીએ જતો હતો ત્યારે અજાણ્યા શખ્સો તૂટી પડ્યાઃ પોલીસે ગુનો નોંધી શોધખોળ આદરી

રાજકોટ. તા.૧૫

નુરાનીપરા પાસે બાઈક જોઈને ચલાવવાનું કહેતાં વેપારી પર અજાણ્યાં શખ્સોએ ધોકાથી હુમલો કરી દેતાં આજીડેમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે મવડીમાં નાથજી પાર્ક શેરી નં.૪ બ્લોક નં. ૮ માં રહેતાં ધરીકેશભાઈ અનીલભાઈ ખુંટ (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ શાપર વેરાવળમા રોડ ઉપર ખોડીયાર ડેરી ચલાવી વેપાર કરે છે. ગઈ તા. ૧૩/૦૧/૨૦૨૫ ના સવારના આશરે આઠેક વાગ્યે તેઓ આર્ટિગા કાર લઈ ઘરેથી ડેરીએ જવા માટે નીકળેલ હતો. દરમ્યાન રાજકોટ ગોંડલ હાઈવે રોડ ઉપર કોઠારીયા સોલવન્ટ નુરાની પરા પાસે પહોંચેલ ત્યારે એક સફેદ કલરનો એકટીવા નં. જીજે-૦૩-એનઈ-૧૬૫૦ વાળો જેને કાનમાં ઈયર ફોન લગાડેલ હતા તે એક્ટિવા લઈ આડો ઉતરેલ હતો.

જેથી તેઓએ કાચ ખોલીને તેને જોઈને ચલાવવાનુ કહેતા તેણે કહેલ કે, તું જોઈને ચલાવ તારો વાંક છે જેથી તેઓએ મોબાઈલ કાઢી તેનો ફોટો પાડતા તે એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને તેણે મોબાઈલ ઉપર હાથ મારીને નીચે પાડી દીધેલ અને ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. તેમજ તેણે બુમ પાડતા બીજા ત્રણેક જણા ધોકા સાથે ઘસી આવેલા અને ફડાકા તથા ઢીકાપાટાનો માર મારવા લાગેલા હતાં.

તેમજ આરોપીઓએ લાકડાના ધોકાથી હુમલો કર્યો હતો. બાદમાં અન્ય લોકો દોડી આવતાં આરોપીઓ નાસી છૂટચા હતાં. બાદમાં ફરિયાદીને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડેલ હતાં. તેમજ બાદમાં તેમને જોયેલ તો ગળામા પહેરેલ મારો સોનાનો સવા બે તોલાનો રૂ.૧.૫૦ લાખનો ચેઈન ઝપાઝપી દરમ્યાન પડી ગયેલ હતો. બનાવરઅંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ૨૦૨૪ની ચૂંટણીમાં દુનિયામાં સરકારોની હારને લઈને.. ભારતમાં ચૂંટણીને લઈને ખોટા નિવેદનથી ઝકરબર્ગને ઝટકો, સરકારે સમન ફટકાર્યુ

નવી દિલ્હી, તા. ૧૫

ભારત સહિત દુનિયાભરની ચૂંટણીઓને લઈને કરેલી ટિપ્પણી મેટા (ફેસબુક ફેમ)ના સીઈઓ માર્ક ઝુકરબર્ગને મોંઘી પડી છે. ખોટા નિવેદનના વિરૂધ્ધમાં ભારતની સંસદીય પેનલ મેટા સામે સમન ઈસ્યુ કરશે.




કોમ્યુનિકેશન અને ઈન્ફર્મેશન ટેકનોલોજીની સ્ટેન્ડીંગ કમીટીના અધ્યક્ષ નિશીકાંત દુબેએ મંગળવારે જણાવ્યું હતું કે મેટાએ ખોટી જાણકારી ફેલાવવા માટે માફી માંગવી જોઈએ. કમીટી આ ખોટી જાણકારીને લઈને મેટાને બોલાવશે. આના એક દિવસ પહેલા કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે નારાજગી સાથે જણાવ્યું હતું કે ઝકરબર્ગે ખોટા દાવો કર્યો છે કે ગત વર્ષ દુનિયામાં ઉથલપાથલથી ભારત સહિત દુનિયાની સરકારો ચૂંટણીમાં હારી ગઈ હતી તેમણે તથ્યો અને વિશ્વસનીયતાને કાયમ રાખવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે ઝકરબર્ગે જો રોગન પોડકાસ્ટમાં કહ્યું હતું કે ૨૦૨૪માં ભારત સહિત પુરી દુનિયામાં મોટુ ચૂંટણી વર્ષ હતું. આ દરમિયાન મોજુદ સરકારો હારી ગઈ હતી. તેની પાછળ મોંઘવારી આર્થિક નીતિ કે કોરોનાનો સામનો કરવાની પધ્ધતિ જવાબદાર હોઈ શકે છે. વૈષ્ણવે કહ્યું કે મોદીના ત્રીજા કાર્યકાળની જીત ગુડ ગવર્નેન્સ અને જનતાના વિશ્વાસનો પુરાવો છે.

# શું આવતીકાલે વિશ્વનું ઈન્ટરનેટ ખરેખર બંધ થઈ જશે ? કાર્ટૂન 'ધ સિમ્પસન્સ' ની ભવિષ્યવાણી

## સોશ્યલ મીડિયા પર 'ધ સિમ્પસન્સ' નો વૈશ્વિક ઈન્ટરનેટ બંધ થવાની આગાહી કરતો વિડિઓ વાયરલ

નવી દિલ્હી :

આ દિવસોમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે, જેમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે એનિમેટેડ શો 'ધ સિમ્પસન' એ ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ એટલે કે આવતીકાલે વૈશ્વિક ઈન્ટરનેટ બંધ થવાની આગાહી કરી હતી. આ વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે એક વિશાળ શાર્ક સમુદ્રની નીચે પડેલાં ઈન્ટરનેટ કેબલને કાપી નાખે છે, જેનાં કારણે સમગ્ર વિશ્વમાં ઈન્ટરનેટ સેવાઓ ઠપ થઈ જશે.




વીડિયોમાં કહેવામાં આવી રહ્યું છે કે આ ઘટના ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ પદના શપથ ગ્રહણ સાથે સંબંધિત છે. જોકે, આ દાવો ખોટો છે કારણ કે ટ્રમ્પનું ઉદઘાટન ૨૦ જાન્યુઆરીનાં રોજ થવાનું છે.

નિષ્ણાંતો અને તથ્ય તપાસી રહેલી સંસ્થાઓનું કહેવું છે કે આ વીડિયો સંપૂર્ણ રીતે એડિટ કરવામાં આવ્યો છે. 'ધ સિમ્પસન્સ' એ કયારેય આવી કોઈ આગાહી કરી નથી. વાયરલ વીડિયોમાં દેખાડવામાં આવેલાં દ્રશ્યો શોનાં કોઈપણ સત્તાવાર એપિસોડ સાથે મેળ ખાતા નથી.

### 'ધ સિમ્પસન' અને આગાહીઓ

'ધ સિમ્પસન્સ' શોમાં ઘણી વખત એવી ઘટનાઓ દર્શાવવામાં આવી છે જે પાછળથી વાસ્તવિકતામાં ફેરવાઈ, જેમ કે સ્માર્ટ ઘડિયાળો અથવા ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૧૬ માં રાષ્ટ્રપતિ બન્યાં. પરંતુ આ કિસ્સામાં ઈન્ટરનેટ બંધ થવાની આગાહીનો દાવો સંપૂર્ણપણે ખોટો છે.

# અમારી પાસે પૈસા માંગો છો તેવી ગામમાં વાતો કેમ કરો છો? કહી બે ભાઈ પર હુમલો : કારમાં તોડફોડ

## ન્યારા ગામનો બનાવ : પડધરી પોલીસે ત્રણ સામે ગુનો નોંધ્યો

રાજકોટ, તા.૧૫

રાજકોટની ભાગોળે ન્યારા ગામે અમારી પાસે પૈસા માંગો છો તેવી ગામમાં વાતો કેમ કરો છો? તેમ કહી બે ભાઈ પર હુમલો કરી કારમાં તોડફોડ કરાઈ હતી. જે અંગે પડધરી પોલીસે ત્રણ સામે ગુનો નોંધ્યો છે.

અરવીંદભાઈ કેશુભાઈ વઘેરા (ઉ.વ ૩૦, રહે.ન્યારાગામ તા.પડધરી)એ જણાવ્યું કે હું મજુરી તથા સાઈડમાં જમીન લે વેચ નો ધંધો કરુ છુ. મારા સગા નાનાભાઈ લાલજીભાઈને અમારા ગામમાં પાન તથા કરીયાણા તથા સાઈકલ પંચરની દુકાન છે. આ દુકાને અમારા ગામના રમેશ દુદા મકવાણા અવાર નવાર ઉધાર વસ્તુ લઈ જતા. તેના રૂ.૫૦,૦૦૦ ઉધારીના છેલ્લા ઘણા સમયથી દેતા નહોતા. તે બાબતે અમારે એક વર્ષ પહેલા પણ માથાકુટ થયેલ. પરંતુ અમારા આગેવનો દ્વારા સમાધાન થઈ જતા પોલીસ ફરીયદ કરેલ નહતી. પરંતુ આ રમેશ મારી દુકાને આવી નશામાં જેમ મન ફાવે તેમ બોલતો હોય છે.

ગઈકાલે હું તથા મારો ભાઈ લાલજી બન્ને અમારી બજરંગ પ્રોવીઝન સ્ટોર દુકાન ખાતે બપોરના અઢીવાગ્યાની આસપાસ ઉભા હતા. ત્યારે જગદીશ દુદા મકવણા તથા તેનો ભત્રિજો મીહીર કાંતી મકવાણા તથા જીતુ સોમા મકવણા આવેલ. આ લોકો પાસે હાથમાં પાઈપ અને લાકડીઓ હતી. ત્રણેય આવી અપશબ્દો બોલ્યા અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ. કહેવા લાગેલ કે, તમો અમારી પાસે પૈસા માંગો છો તેવી ગામમાં વાતો કેમ કરો છો? તેવુ કહી મારાં ઉપર અને મારાં ભાઈ ઉપર હુમલો કર્યો હતો. માર માર્યો હતો. મારી દુકાનની સામે પડેલ અમારી જીજે ૦૩ એનકે ૦૧૧૬ નંબરની કારમાં ત્રણેય લાકડીયુ તથા પાઈપ વડે નુકશાન કરેલ. ઝપાઝપીમાં મારો ત્રણ તોલાનો ચેઈન હતો તે પડી ગયેલ. મારા માથા માં ઈજા હોય અને ૧૦૮માં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવેલ. બાદમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# આંખોની તપાસથી સ્ટ્રોકના જોખમની ખબર પડી શકે

## યૂકે ઈન્ટરનેશનલ જર્નલ હાર્ટમાં પ્રકાશિત, અભ્યાસમાં આ દાવો કરવામાં આવ્યો

નવી દિલ્હી,તા.૧૫

એક નવાં અભ્યાસ અનુસાર આંખની રેટિનાની નસો અને ધમનીઓનો આકાર અને કદ જોઈને સ્ટ્રોકના જોખમની લગભગ સચોટ આગાહી કરી શકાય છે.



ઈન્ટરનેશનલ જર્નલ હાર્ટમાં પ્રકાશિત, અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે રેટિનાના વેસ્ક્યુલર નેટવર્ક, આંખની પાછળની દિવાલ જેનાં પર કોષોનું સ્તર રહેલું હોય છે જે પ્રકાશને અનુભવે છે અને મગજને સિગ્નલ મોકલે છે જેનાથી જોઈ શકાય છે, તે મગજની જેમ જ હોય છે.

અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે મગજની રક્ત વાહિનીઓને સંભવિત નુકસાનની આગાહી કરવા માટે રેટિનાની આ નસો અને ધમનીઓના સ્વાસ્થ્યનું મૂલ્યાંકન કરવામાં આવે છે જેમાં એક સરળ રેટિના સ્કેનનો ઉપયોગ કરવામાં આવે છે. આમાં આંખોની લંબાઈ, વ્યાસ, ગુણોત્તર ઘનતા, વળાંક, ધમનીઓ અને શિરાઓની તપાસ કરવામાં આવે છે.

હાર્ટ સ્ટડીમાં, સંશોધકોએ અભ્યાસનાં ભાગ રૂપે એકત્ર કરાયેલ ૫૫ વર્ષથી વધુ વયના ૪૫૧૬૧ લોકોનાં હેલ્થ ડેટા પર ધ્યાન આપ્યું હતું. તેમાંથી ૭૪૯ લોકોને ૧૨.૫ વર્ષનાં સમયગાળામાં સ્ટ્રોક થયો હતો.

આ લોકો નોંધપાત્ર રીતે વૃદ્ધ, પુરૂષો હતાં અને ધૂમ્રપાન કરતાં હતાં અને ડાયાબિટીસ ધરાવતાં હતાં.તેઓનું વજન પણ વધુ હતું, તેમનું બ્લડ પ્રેશર વધારે હતું અને 'સારા' કોલેસ્ટ્રોલનું નીચું સ્તર હતું, આ બધાં સ્ટ્રોક માટેના જોખમી પરિબળો તરીકે જાણીતાં છે. સંશોધકો કહે છે કે આ એક અવલોકનાત્મક અભ્યાસ છે અને તેથી કારણ અને અસર વિશે કોઈ નક્કર તારણો કાઢી શકાતાં નથી.

# સ્થૂળતા તપાસવા માટે BMI એ સચોટ નથી : લેન્સેટ રિપોર્ટ

## ડોક્ટરોએ શારીરિક માપન : કમરનો ઘેરાવો : શરીરની ચરબી માપી સ્થૂળતાની પુષ્ટિ કરવી જોઈએ

નવી દિલ્હી : BMI એ એક તબીબી તપાસ સાધન છે જે શરીરની ચરબીની માત્રાનો અંદાજ કાઢવા માટે વ્યક્તિની ઊંચાઈ અને તેનાં વજનનાં ગુણોત્તરને માપે છે.

સ્થૂળતાનું મૂલ્યાંકન કરવા માટે બોડી માસ ઈન્ડેક્સની ગણતરી પર આધાર રાખવામાં આવે છે. પરંતુ હવે પ્રતિષ્ઠિત મેડિકલ જર્નલ ધ લેન્સેટ ડાયાબિટીસ એન્ડ એન્ડોક્રિનોલોજી દ્વારા રચવામાં આવેલાં કમિશને કહ્યું છે કે BMI યોગ્ય પરિણામ આપતું નથી.

સંશોધન પેપર સૂચવે છે કે ડોકટરોએ અન્ય શારીરિક માપન, ઉદાહરણ તરીકે કમરનો ઘેરાવો અથવા શરીરની ચરબીને માપીને વ્યક્તિને સ્થૂળતા છે કે કેમ તેની પુષ્ટિ કરવી જોઈએ.

સંશોધન મુજબ, BMI એ એક તબીબી તપાસ સાધન છે જે વ્યક્તિનાં શરીરમાં ચરબીની માત્રાનો અંદાજ કાઢવા માટે વ્યક્તિની ઊંચાઈ અને તેનાં વજનનાં ગુણોત્તરને માપે છે. વર્તમાન વ્યાખ્યા કહે છે કે ૩૦ કિલોગ્રામ પ્રતિ ચોરસ મીટર અને તેનાથી વધુ BMI ધરાવતી વ્યક્તિ મેદસ્વી ગણી શકાય.

લેન્સેટ કમિશનના અહેવાલ મુજબ, શરીરની વધુ પડતી ચરબી ધરાવતાં લોકોનો ઈખઈ હંમેશાં ૩૦થી ઉપર હોતો નથી, એટલે કે તેમનાં સ્વાસ્થ્યના જોખમો વધી જાય છે. એ જ રીતે, તે જણાવે છે કે વધુ સ્નાયુઓ ધરાવતાં લોકો, જેમ કે એથ્લેટ્સને સામાન્ય ચરબી હોવા છતાં તેનો BMI વધારે હોય છે અને તેમને મેદસ્વી અથવા રોગથી પીડિત લેખવા યોગ્ય નથી.

સંશોધન સૂચવે છે કે સ્થૂળતાનું માપ કરવા માટે ફક્ત BMI પર આધાર રાખવો એ સમસ્યારૂપ છે, કારણ કે કેટલાક લોકોમાં તેની કમરની આસપાસ અથવા તેમનાં અંગો, જેમ કે યકૃત, હૃદય અથવા સ્નાયુઓની આસપાસ વધારાની ચરબી એકઠાં થાય છે જે સામાન્ય ત્વચા નીચેની ચરબીથી વધુ નુકશાનકારક હોય છે.

સંશોધન પત્રમાં, નિષ્ણાત સમિતિમાં સામેલ એક સંશોધકને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ભારતમાં પેટની સ્થૂળતા ખૂબ સામાન્ય છે. BMI માપદંડો પર આધારિત હાલનાં માપદંડો ઘણીવાર તેમને મેદસ્વી તરીકે વર્ગીકૃત કરી શકે છે પણ નવું વર્ગીકરણ આ સમસ્યાને દૂર કરવામાં મદદ કરશે.

સંશોધન પેપરમાં, લેન્સેટ કમિશન કહે છે કે સ્થૂળતાથી પીડિત તમામ લોકોને તબીબી અથવા સર્જિકલ સારવારની જરૂર નથી. તેમણે પ્રથમ સ્થૂળતાને બે જૂથોમાં વહેંચવાની ભલામણ કરી છે, પ્રથમ ક્લિનિકલ સ્થૂળતા અને બીજું પ્રી-ક્લિનિકલ સ્થૂળતા, જેમાં અંગની કામગીરીમાં ફેરફાર અથવા વ્યક્તિની રોજિંદી પ્રવૃત્તિઓમાં ફેરફાર કરવાથી વજન ઘટાડી શકાય છે.સંશોધન પેપરમાં, કમિશને સૂચવ્યું હતું કે પ્રી-ક્લિનિકલ સ્થૂળતા ધરાવતાં લોકોને સામાન્ય રીતે દવાઓ અથવા શસ્ત્રક્રિયાથી સારવારની જરૂર હોતી નથી અને સમયાંતરે માત્ર સ્વાસ્થ્ય દેખરેખ અને આરોગ્ય પરામર્શની જરૂર પડી શકે છે. સ્થૂળતા, જો સારવાર ન કરવામાં આવે તો તે ગંભીર સમસ્યાઓ તરફ દોરી શકે છે, જેમાં હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ સામેલ છે.

# ચેક રિટર્ન કેસોમાં દેસાઈ બ્રધર્સના ભાગીદારને સજા ફટકારતી અદાલત

## સુદાન સ્ટીલ કોર્પોરેશને ગરેડીયા કુવા રોડ પર આવેલી વેપારીપેઢી સામે ૯ ચેક રિટર્ન થયા હોવાની ફરિયાદ નોંધાવી હતીઃ પોલીસે આરોપી નિપેશ દેસાઈને જેલ હવાલે કર્યો

રાજકોટ,તા.૧૫

શહેરના ગરેડીયા કુવા રોડ પર આવેલ દેસાઈ બ્રધર્સ પેઢીના વેપારી નિપેશ નગીનભાઈ દેસાઈને કોર્ટે અલગ-અલગ ૯ ચેક રિટર્ન થવા બદલ જેલની સજાનો હુકમ કર્યો હતો.પોલીસે આરોપી વેપારીને જેલ હવાલે કરેલ હતો.આ કેસની વિગત મુજબ, રાજકોટમાં આવેલી સુદાન સ્ટીલ કોર્પોરેશનના ભાગીદાર કેતન લલિતચંદ્ર પારેખે રાજકોટના ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ નોંધાવતા જણાવેલ કે, તેમની પેઢી અલગ-અલગ કંપનીની લોખંડ-સ્ટીલની એંગલ પટ્ટી, ચેનલ, ગર્ડર, શીટો, પ્લેટો, વગેરેનો વેપાર કરે છે. આરોપીની રાજકોટના ગરેડીયા કુવા રોડ પર આવેલી દેસાઈ બ્રધર્સ નામની ભાગીદારી પેઢીએ ઉધારમાં માલની ખરીદી કરી હતી.જેના બીલોનું ચુકવણું કરવા આરોપીએ ચેકો આપ્યા હતાં. આ પૈકી ૯ ચેક બિન ચુકતે રિટર્ન થયા હતાં.નોટિસ આપવા છતા રકમ ભરપાઈ કરી નહોતી જેથી પેઢીના ભાગીદાર નિપેશ દેસાઈ સામે ફરિયાદ નોંધાવી હતી.

આ કેસ કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલે કરેલી દલીલો, ફરિયાદી પેઢીનું કાયદેસરનું લેણુ નિકળતું હોય તે માટે સાબીતી રૂપ પુરાવા રજુ કર્યા હતા.જે ધ્યાને લઈ અદાલતે નિપેશ દેસાઈને ૯ ચેક રિટર્ન થયાના કેસોમાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક કેસમાં ૧-૧ વર્ષની સજાનો હુકમ કર્યો હતો.તેમજ ચેક મુજબની રકમ ૧ માસમાં ન ચુકવે તો વધુ છ માસની સજાનો આદેશ કર્યો છે. આ કેસમાં ફરિયાદી પેઢી વતી એડવોકેટ ચંદ્રેશ સી.પટેલ, જયસુખ પી બારોટ, અમિત ડી.હરણેશા, સહાયક કિશોર એમ કોટક રોકાયેલ હતાં.

# ચુંટણીપંચ સામે ગંભીર પ્રશ્નો ઉઠાવતા રાહુલ ગાંધીઃ તમો પારદર્શી નથીઃ સીધો આરોપ

## શા માટે લોકસભા-વિધાનસભા ચુંટણી વચ્ચે ૧ કરોડ મતદાતા મહારાષ્ટ્રમાં વધી ગયા! જવાબ નથી

નવી દિલ્હીઃ વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ હવે દેશની ચુંટણી પ્રવાસી સામેજ પ્રશ્ન ઉઠાવ્યો. ચુંટણી પંચે પારદર્શક રહેવુ જોઈએ તેવી આકરી ટકોર કરી છે. પક્ષના નવા કાર્યાલયના પ્રારંભે રાહુલ ગાંધીએ જણાવ્યું કે દેશની ચુંટણી પ્રક્રિયા સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.



મહારાષ્ટ્ર-રક્ષણમંત્રી ચુંટણીમાં મતદાન કરવાયા હતા. નામ સરનામા સાથે મતદાર યાદી ઉપલબ્ધ કરાવવાનો ઈન્કાર કરાયો છે અને ચુંટણી પંચે પારદર્શક રહેવુ જોઈએ. તેઓએ કહ્યું કે અમો ફકત આરએસએસ કે ભાજપ સામે જ નહી પણ દેશની દરેક સંસ્થાઓ જેના પર ભાજપનો કબ્જો છે. તેની સામે લડી રહ્યા છીએ. અમો વ્યવસ્થા સામે પણ લડી રહ્યા છીએ.

તેમણે દાવો કર્યો કે મહારાષ્ટ્ર ચુંટણીમાં પણ કંઈક ખોટુ થયુ છે. લોકસભા અને ધારાસભા ચૂંટણી વચ્ચે ૧ કરોડ મતદારો વધી ગયા તે પણ આશ્ચર્ય છે. ચુંટણી પંચ મતદાર યાદીને પારદર્શક બનાવવા માટે શા માટે ઈન્કાર કરે છે. અમોને આ માટે મતદાર યાદી ન આપીને તેઓ ક્યાં ઉદ્દેશ પુરો પાડે છે. પારદર્શી થવું એ ચુંટણીપંચનું કર્તવ્ય છે.



### રમકડા જેવું દેખાતું નેનો ડ્રોન ચાંપતી નજર રાખશે કાશ્મીરના ચપ્પા-ચપ્પા પર

શ્રીનગરઃ કાશ્મીરના ચપ્પા-ચપ્પા પર બાજનજર રાખવા માટે એકદમ ટચૂકડી પણ ખૂબ પાવરફુલ વસ્તુ તાજેતરમાં ભારતીય આર્મીને મળી છે. રમકડા જેવી દેખાતી આ વસ્તુ નેનો ડ્રોન છે જેનું નામ છે બ્લેક હાર્નેટ. એમાં બે કેમેરા છે. આ ડ્રોન છુપાયેલા આતંકવાદીઓને શોધવામાં મદદ કરે છે અને એ પણ જરાય અવાજ કર્યા વિના. એ જ કારણસર આ રમકડું મકાનની અંદર ઘૂસીને પણ માહિતી લઈ આવી શકે છે.

# બેટ દ્વારકામાં ઓપરેશન ડિમોલીશન આજે પાંચમા દિવસે અવિરત : કુલ ૫૦ કરોડના દબાણો ધ્વસ્ત કરાયા





(કુંજન રાડિયા)

જામ ખંભાળિયા, તા. ૧૫

દ્વારકા વિસ્તારમાં ગેરકાયદેસર દબાણકર્તા ભૂમાફિયાઓને ભરી પીવા તંત્રએ કમર કસી છે. ત્યારે ગત શનિવારથી હાથ ધરવામાં આવેલા ઓપરેશન ડિમોલેશન પાર્ટ-૨ માં પ્રાંત અધિકારી તેમજ પોલીસ અધિક્ષકની ડિમોલિશનની સંયુક્ત કાર્યવાહીમાં આજે બુધવારે પાંચમા દિવસે પણ દબાણ હટાવ ઝુંબેશને કામગીરી ચાલુ રહી હતી. જેમાં ગઈકાલે મંગળવારે ચોથા દિવસે ઓખામાં આવેલી દામજી જેટી પાસે જેસીબી મશીનો વાળવામાં આવ્યા હતા.

આ જેટી વિસ્તારમાં સરકારી જમીન પર આશરે ૪૦ વર્ષથી રહેલા અનધિકૃત દબાણને હટાવવામાં આવ્યા હતા. આ જેટી પાસેના વિસ્તારમાં ૫૬૫૦ સ્કવેર મીટર દબાણોને દૂર કરવામાં આવ્યા હતા. જેની કિંમત આશરે ૬.૫૦ કરોડ જેટલી ગણવામાં આવી રહી છે. કાર્યવાહી પૂર્વે તંત્ર દ્વારા જે-તે આસામીઓને ધોરણસર નોટિસો આપાયા બાદ મંગળવારે દબાણ હટાવ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ અંગે સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દામજી જેટી ઓખામાં આશરે ૬ કરોડની કિંમતની ૮૦૦૦ ચોરસ મીટર જમીન પરના સાત દબાણો તેમજ પંચવટી વિસ્તારમાં ત્રણ અન્ય, બાલાપર ગામમાં ૨૦ મકાન તેમજ હનુમાન દાંડી રોડ પર જુદા જુદા વિસ્તારોમાં મકાન પર અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહીમાં એક દિવસમાં ૩૯ રહેણાંક, ૭ કોમર્શિયલ અને ૩ અન્ય માળી કુલ ૪૯ બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. ગઈકાલે એક દિવસમાં કુલ રૂપિયા ૧૨.૫૫ કરોડની કિંમતની ૨૨,૬૩૮ ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

આ પૂર્વે સોમવારના ઓપરેશન ડિમોલિશનમાં ૫૬ રહેણાંક અને ત્રણ અન્ય સહિત કુલ ૫૯ અનઅધિકૃત બાંધકામ દૂર કરાયા હતા. ૨૬,૮૫૩ ચોરસ મીટર બાંધકામની જગ્યાની કિંમત ૧૪.૯૫ કરોડ જાહેર કરવામાં આવી છે. આમ, સોમવાર તેમજ મંગળવારના બે દિવસના સમયગાળામાં ૯૫ રહેણાંક સહિત કુલ ૧૦૮ બાંધકામ દૂર કરાયા હતા. જેની અંદાજિત કિંમત રૂપિયા ૨૭ ૫૦ કરોડ ગણવામાં આવી રહી છે.

બેટના બાલાપર વિસ્તારમાં સોમવારે પ્રાંત અધિકારી અમોલ આવટે તેમજ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ દબાણ હટાવ ઝુંબેશ અંગેની વિગતો આપતા પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું કે ઓખા વિસ્તારમાં સરકારી જમીન પર વર્ષોથી રહેલી એક દરગાહ સંદર્ભે તંત્ર દ્વારા જુલાઈ ૨૦૨૩ માં પ્રથમ નોટિસ બાદ જુલાઈ ૨૦૨૪ માં રિમાઈન્ડર નોટિસ અને શનિવાર તારીખ ૧૧ જાન્યુઆરીના રોજ ફાઈનલ નોટિસ આપવામાં આવી હતી. જેનો કોઈ પ્રત્યુતર ન મળતા આ અંગેના દસ્તાવેજોની ચકાસણી કરાયા બાદ સોમવારે આશરે ૧,૫૦૦ સ્કવેર મીટરમાં રહેલી આ દરગાહ સરકારી જગ્યા પર હોવાનું ખુલવા પામ્યું હતું અને આ જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. જેની બજાર કિંમત રૂપિયા સવા બે કરોડ ગણવામાં આવી રહી છે.

સોમવારે હાથ ધરવામાં આવેલા ડિમોલીશનમાં બે ધાર્મિક દબાણની સરકારી જમીન પર સરકારી બુલડોઝર ફર્યું હતું. જેમાં અંદાજિત રૂપિયા સવા ત્રણ કરોડની જગ્યાને ખુલ્લી કરવામાં આવી હતી. આ પૂર્વે નિયમ મુજબ ત્રણ નોટિસ તેમજ લાગતા-વળગતાઓ સાથે વાતચીત અને ડોક્યુમેન્ટેશન સંલગ્ન ચર્ચા વિચારણામાં જગ્યાની માલિકી સાબિત ન થઈ શકતા આ ઓપરેશન કરવામાં આવ્યું હોવાનું પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું. પ્રથમ ચાર દિવસમાં મેગા ઓપરેશન ડિમોલિશનમાં કુલ રૂપિયા ૪૭.૧૫ કરોડની રહેણાંક, કોમર્શિયલ અને ધાર્મિક સહિત અંદાજિત ૮૬ હજાર ચોરસ મીટરથી વધુ સરકારી જમીન પરનું અતિક્રમણ દૂર કરવામાં આવ્યું છે. આ કામગીરી હાલ બેટ દ્વારકા અને ઓખા વિસ્તારમાં ચાલી રહી છે. ત્યારે આગામી દિવસોમાં દ્વારકાના ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફરે તેવી પૂરી શકયતા જોવા મળી રહી છે.

# પીએમ મોદીએ યુદ્ધ જહાજ આઈએનએસ આંગ્રે પર મહાયુતિના ધારાસભ્યો સાથે બેઠક કરી



## ચૂંટણી પરિણામો પછીની પ્રથમ બેઠકમાં ત્રણેય પક્ષો ભાજપ, શિવસેના અને એનસીપીના ધારાસભ્યો હાજર રહ્યાં

મુંબઈ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મુંબઈની મુલાકાત દરમિયાન સત્તાધારી મહાયુતિના ધારાસભ્યોને મળ્યાં હતાં અને તેમને સુશાસનનો મંત્ર આપ્યો હતો. પીએમ મોદીએ નેવલ ડોકયાર્ડ ખાતે બે યુદ્ધ જહાજો અને એક સબમરીન રાષ્ટ્રને સમર્પિત કર્યા પછી, નેવલ ડોકયાર્ડમાં જ શાસક મહાયુતિના ધારાસભ્યોને મળ્યાં, જેમાં ત્રણ ઘટક પક્ષો ભાજપ, શિવસેના અને એનસીપીના ધારાસભ્યોએ હાજરી આપી હતી. આ પહેલીવાર છે જ્યારે વડાપ્રધાન યુદ્ધ જહાજ આઈએનએસ આંગ્રેમાં ધારાસભ્યોને મળ્યાં હતાં.

આ પહેલાં પીએમ મોદીની મુલાકાતને લઈને મહારાષ્ટ્રનાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું હતું કે વડાપ્રધાન મોદી મુંબઈ આવી રહ્યાં છે. તેઓ મહાયુતિના ધારાસભ્યોને માર્ગદર્શન આપશે. રાજ્યની જનતાએ અમને પ્રચંડ બહુમતી આપી છે. તેથી અમારી જવાબદારી પણ વધી ગઈ છે. વડાપ્રધાને અમારી સરકારને સતત સમર્થન આપ્યું છે. વડાપ્રધાનની મુલાકાતને લઈને સત્તાધારી પક્ષનાં તમામ ધારાસભ્યોને આજે સવારે ૯ વાગ્યે વિધાન ભવનમાં હાજર રહેવાનો સંદેશ મોકલવામાં આવ્યો હતો, જ્યાંથી તેમને બસ દ્વારા નેવલ ડોક્યાર્ડ લઈ જવામાં આવવાનાં હતાં. જો કે, આ માહિતી મહાયુતિ દ્વારા સત્તાવાર રીતે આપવામાં આવી નથી, પરંતુ આ અંગે વિધાનસભા અને વિધાન પરિષદના સભ્યોને મૌખિક સૂચના આપવામાં આવી હતી.

# સિક્કામાં મામો બન્યો કળીયુગી કંસઃ કૌટુંબિક સગીર ભાણેજને અડપલા કરી માથા પછાડી મોતને ઘાટ ઉતારી

## કલાકોમાં પોલીસે સગપણ લજવનાર આરોપીને ઝડપી લીધો : છુટાછેડા થતા મહિલા ત્રણ પુત્રીઓ સાથે કુટુંબી મોટા બાપુના પુત્ર એવા આરોપીને ત્યાં રહેતી હતીઃ અડપલા અંગે બાળકીની માતાએ આરોપીને ટપારતા ખાર રાખી આચાર્યુ અધમ કૃત્ય

જામનગર તા.૧૫

તાજેતરમાં જામનગર જિલ્લાના નાની ખાવડીની સીમમાં યુવાનની થયેલી હત્યા તાજી છે. ત્યાં વધુ એક હત્યાથી હાહાકાર મચી ગયો છે. જામનગર તાલુકાના સિક્કા ગામમાં એક કુટુંબી મામાએ ૮ વર્ષની માસૂમ બાળકી સાથે શારીરિક અડપલાં કર્યા બાદ તેણીનું માથું જમીનમાં અને દીવાલમાં પટકાવી બેરહેમીથી મોતને ઘાટ ઉતારી દેતા હાહાકાર મચી ગયો છે. ત્યારબાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચતા પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કરી આરોપીને ઉઠાવી લીધો છે.

આ ચોંકાવનારા કેસની વિગત એવી છે કે મૂળ મીઠાપુરની વતની એક મહિલાના બે માસ અગાઉ છૂટાછેડા થયાં હતાં. બાદમાં મહિલા પોતાની ત્રણ પુત્રીઓ સાથે સિક્કામાં તેના કુટુંબી મોટા બાપુના પુત્રને ત્યાં રહેવા આવી ગઈ હતી. આ દરમિયાન કુટુંબી મામો ૮ વર્ષની બાળકીને પહેલેથી જ હેરાન કરી મારકૂટ કરતો હતો.ત્યારબાદ તેણી સાથે શારીરિક અડપલાં પણ કરતો હતો. જે અંગે બાળકીએ માતાને જાણ કરતા માતાએ મામાને ટપાર્યો હતો, પરંતુ તેણે ઉશ્કેરાઇ જઇ માસુમ બાળકીને અને માતા બંનેને પતાવી દેવાની ધમકી આપી હતી. સિક્કામાં ભરતી ગુજરી બજારમાં માતા ખરીદી અર્થે ગઇ હતી, દરમિયાન પાછળથી તેની આઠ વર્ષની પુત્રીને મામાએ શારીરિક અડપલા કર્યા બાદ માર મારીને દીવાલ સાથે અને જમીનમાં માથું પછાડીને ઘાયલ કરી હતી.

બાળકી સાથે અડપલા અને મોર્કેટ કરતા બાળકી બેશુદ્ધ અવસ્થામાં આવી હતી. જે મામલે તેણીની માતા ઘરે આવ્યા બાદ તેને સમગ્ર વિગતની જાણ થતા તાત્કાલિક બાળકીને સારવાર માટે સિક્કા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હત. જ્યાં ફરજ પરના તમે બાળકીનું મોત અને પછી હોવાનું જાહેર કરતાં પરિવારજનોમાં અરેરાટી મચી ગઈ હતી. સમગ્ર સિક્કા પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જ્યાં ૮ વર્ષની માસમ બાળકીની હત્યા નીપજાવવા અંગે અને તેણીની સાથે શારીરીક અડપલા કરવા અંગે બાળકીની માતાની ફરિયાદના આધારે કુટુંબી મામા સામે સિક્કા પોલીસે પોક્સો તેમજ હત્યા સહિતની જુદી જુદી કલમો હેઠળ ગુના નોંધી તેની અટકાયત કરી છે.

# શંખેશ્વરમાં બેફામ દોડતી સ્કોર્પીયો ટેમ્પો સાથે અથડાયા બાદ યાત્રિકોને ઉડાવ્યાઃ બેના મૃત્યુ

## રસ્તેથી જતા લોકોને ઈજાઃ નાસભાગઃ મૃતકોની ઓળખ અંગે પોલીસ દ્વારા તપાસ





**(ફારૂક ચૌહાણ)** વઢવાણ, તા. ૧૫

દિન પ્રતિદિન અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે અને લોકોની સલામતી સામે મોટામાં મોટો સવાલ હાલમાં ઉત્પન્ન થઈ રહ્યો છે ત્યારે શંખેશ્વર પાસે એક ઓવર સ્પીડ સ્કોર્પીયો કારના ચાલકે ટેમ્પો ટ્રાવેલર સાથે અથડાતા આ ઘટનામાં બેના મોત થયાનું સામે આવ્યું છે અને મંદિરમાં દર્શન આવેલા લોકોમાં પણ નાશ ભાગ મચી જવા પામી હોવાનું પણ સામે આવ્યું છે.

જાણવા મળતી વિગતો અનુસાર શંખેશ્વરમાં એક ઓવર સ્પીડ સ્કોર્પીયો કાર ટેમ્પો ટ્રાવેલર સાથે અથડાતા આ ઘટના બની હતી કારની ઓવર સ્પીડના લીધે તેણે રસ્તામાં લોકોને હડફેટે લીધા હતા જેમાં બે લોકોના ઘટના સ્થળે જ મોજા થયા હતા તો અન્ય બે લોકો ઇજાગત થયા હતા શંખેશ્વરના જહાજ મંદિર પાસે આ ઘટના બની હતી જ્યાં પૂરપાટ ઝડપે આવતી સ્કોર્પીયો કાર પડેલી ટેમ્પો ટ્રાવેલ્સ સાથે અથડાતા હવામાં ફંગોળાઈ ગઈ હતી બાદ તે ટેમ્પો ટ્રાવેલ્સના બોનેટ પર પણ ચડી ગઈ હતી. મંદિરે આવેલા લોકોમાં આ ઘટનાના લીધે નાશ ભાગ મચી હતી.

આ કાર હવામાં ફંગોળા તા તેણે મંદિરમાં આવેલા લોકોને હડફેટે લીધા હતા આ ઘટનામાં બે લોકો મોત થતા તેમને તાત્કાલીક સારવાર અર્થે નજીકની રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બંને મૃત લોકોની ઓળખ માટે તપાસ હાલમાં પોલીસ ચલાવી રહી છે.

# 'અમારા લોકો અને સંતાનો કાર્યવાહી ભુલશે નહીં' બેટ દ્વારકાના ડિમોલીશન વચ્ચે ભડકાઉ પોસ્ટ..

### ગૃહમંત્રી અને ઓૌવેસીને ટેગ કર્યા : સાયબર સેલ દ્વારા તપાસ શરૂ

જામખંભાળીયા, તા. ૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના બેટ દ્વારકામાં પોલીસ તથા રેવન્યુ તંત્ર દ્વારા મેગા ઓપરેશન ડિમોલિશન કરીને ચાર દિવસમાં રૂપિયા ૩૫ કરોડથી વધુની જમીન ખુલ્લી કરવામાં આવી છે. ત્યારે અહીં ચાલતી દબાણ હટાવ ઝુંબેશમાં શાંત વાતાવરણ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચેની ચાલી રહેલી ધોરણસરની કાર્યવાહીમાં વાતાવરણને ડહોળવા માટે એક્સ પણ ટવીટ કરીને ''અમારા લોકો તથા અમારા સંતાનો આ કાર્યવાહીને ભૂલશે નહીં'' તેમ કહીને ગર્ભિત ધમકી અપાતા તથા આ પોસ્ટમાં રાજ્યના ગૃહમંત્રી તથા ઓવૈસીને ટેગ કરાયા હોવાનું જાણવા મળ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આ બાબતે રાજ્યના સાયબર સેલ વિભાગ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર સેલ અને સર્વેલન્સ ટીમ વિગેરેની મદદથી ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે.

આ બાબતે અહીંના ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિ, સાગર રાઠોડ, એલસીબી અને એસઓજી સહિતની પોલીસ ટીમો તપાસમાં જોડાઈ છે. બનાવટી મનાતા ''ગેસ્ટ ફ્રોમ માર્સ'' નામની આઈડી પરથી આ પોસ્ટ કરાઈ હોય તથા લોકોને ઉશ્કેરવાનો પ્રયત્ન હોવાનું માનવામાં આવી રહ્યું છે. ત્યારે અગાઉથી નોટિસો આપી અને આખરી નોટિસ અને સૂચનાઓ બાદ થતી આ ધોરણસર કાર્યવાહીમાં વિક્ષેપ પાડવાનો પ્રયત્ન હોવાથી પોલીસ દ્વારા આ અંગે ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે.

લોકોને બાલાપરમાં ખોરાક અને આશ્રય ન મળતો હોવાનું તથા પ્રાણીઓ મુશ્કેલીમાં હોય, વિદ્યાર્થીઓ શાળાએ જઈ શકતા નથી, તેમજ નોટિસ આપવામાં આવેલા કેટલાક સર્વે નંબર કાયદેસર હોવા સહિતની બાબત આ એકાઉન્ટમાંથી પોસ્ટ કરાઈ છે.

# માળીયા મીયાણાના ચીખલી ગામે પણ ૫૦ ગાયોની કતલઃ વધુ એક પ્રકરણ ખૂલ્યું





## ખાખરેચી બાદ ધ્રાંગધ્રા પંથકના માલધારીની ફરિયાદઃ ઢોર રણમાં ચાલ્યા ગયાનું કહી પિતા-પુત્રએ પાપ કર્યુંઃ મોરબી જિલ્લામાં ખળભળાટ મચાવતી ગૌહત્યાઓ

**(જીજ્ઞેશ ભટ્ટ)**
**મોરબી, તા.૧૫**

માળીયા મિયાણા તાલુકાના ચીખલી ગામ પાસે આવેલ રણ વિસ્તારમાં ચોમાસા દરમિયાન ગાયોને ચરાવવા માટે અને રખોપુ કરવા માટે માલધારીઓ પોતાની ગાયો ત્યાં રહેતા પિતા પુત્રને વિશ્વાસે સોંપતા હતા જોકે રખોપુ કરવા આપેલી ગાયોને આ પિતા પુત્ર દ્વારા કતલ કરવા માટે વેચી નાખવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું તેવામાં ધ્રાંગધ્રા તાલુકાના પીપળા ગામના રહેવાથી માલધારી દ્વારા માળિયા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે તેઓની ૫૨ પૈકીની ૫૦ ગાયો આ પિતા પુત્રએ પરત ન આપીને તેઓની સાથે વિશ્વાસઘાત કરેલ છે અને આ ૫૦ ગાયોની કતલ કરવામાં આવી હોવાની માલધારીએ નોંધાવેલ ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી છે

જાણવા મળતી માહિતી પ્રમાણે ધાંગધ્રા તાલુકાના પીપળા ગામે રહેતા અને પશુપાલનનો ધંધો કરતા ગોપાલભાઈ સીધાભાઈ ગોલતર (૪૨)એ માળિયાની તાલુકા પોલીસ સ્ટેશન ખાતે મુસ્તાક આમીન લધાણી અને તેના પિતા અમીન કરીમ લધાણી રહે. બંને ચીખલી ગામ વાળા સામે ફરિયાદ નોંધાવી છે તેઓએ તથા સાહેદે પોતાની કુલ મળીને ૫૨ ગાયો આ પિતા પુત્રને ચીખલી ગામના રણ વિસ્તારમાં ચરાવવા માટે અને રખોપુ કરવા માટે થઈને આપી હતી જે કુલ મળીને અઢી લાખ રૂપિયાની કિંમતની ગાયો ફરિયાદી તથા સાહેદ જ્યારે પરત લેવા માટે ગયા ત્યારે સરખો જવાબ આપ્યો ન હતો અને તમામ ગાયો ચીખલીના રણ વિસ્તારમાં ચરવા માટે જતી રહી છે તેઓ જવાબ આપ્યો હતો. જોકે ત્યાર પછી બીજી વખત પણ ગાયો લેવા માલધારી ગયા ત્યારે ગાયો પરત ન આપીને તેઓની સાથે વિશ્વાસઘાત કરેલ છે અને આ ગુમ થયેલી ગાયોની કતલ થઈ હોય હાલમાં ભોગ બનેલ માલધારી દ્વારા નોંધાવવામાં આવેલ ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધીને આ ગુનામાં આરોપીઓને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

**ખાખરેચી**

માળીયા તાલુકાના ખાખરેચી ગામના બે માલધારીઓ દ્વારા તેમની ૫૦ જેટલી ગાયો આ બંને શખ્સોને ચરાવવા માટે થઈને આપી હતી અને તે પૈકીની ૧૪ ગાયો ગુમ થયેલ હતો જેમાંથી એક ગાય પછી મળી ગયેલ છે જો કે, ૧૩ ગાયોની કતલ થઈ હોવાથી માળિયા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ હતી જે ગુનામાં પોલીસે આ બંને આરોપી ઉપરાંત અન્ય પાંચ આરોપીઓને પકડ્યા હતા અને તેના રિમાન્ડ પણ મેળવવામાં આવ્યા હતા અને રીમાન્ડ પુરા થતા તેને મોરબી સબજેલ હવાલે કરવામાં આવ્યા હતા.

**હળવદ**

હળવદના નવા અમરાપર ગામે રહેતા અને પશુપાલનનો ધંધો કરતા મેહુલભાઈ અરજણભાઈ ગોલતર (૨૧)એ હળવદ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે મુસ્તાક આમીન લધાણી અને આમીન કરીમ લધાણી રહે. બંને ચીખલી વાળા સામે ફરિયાદ નોંધાવેલ હતી કે, સાતેક મહિના પહેલા ફરિયાદીએ પોતાની માલિકીની ૨૫ ગાય તેમજ હળવદના મિયાણી ગામે રહેતા જીવણભાઈ ખેતાભાઇ નામના માલધારીએ પોતાની માલિકીની ૨૦ ગાય આમ ૪૫ ગાયોને મુસ્તાક તથા તેના પિતા આમીનને રખોપુ કરવા અને ચરાવવા તેઓ ઉપર વિશ્વાસ મૂકીને આપી હતી અને તેના બદલામા દરેક ગાય દીઠ તેને મહિને ૩૦૦ રૂપિયા લેખે વળતર પણ આપવામાં આવતું હતું જોકે આ ૪૫ ગાયો મુસ્તાક અને તેના પિતા દ્વારા માલધારીઓને પરત આપી ન હતી અને ૪.૫૦ લાખ રૂપિયાની કિંમતની ગાયોને આરોપીઓએ કતલ કરવા માટે થઈને આપી દીધી હોવાનું સામે આવ્યું હતું.



## એક બાજુ પાર્કિંગની જગ્યા ઘટે છે ત્યારે...

# સચિવાલયમાં પાર્કિંગમાં જુના કંડમ વાહનોનો જમાવડો થયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સચિવાલયમાં ૪ મુખ્ય પાર્કિંગ આવેલા છે. આ પાર્કિંગમાંથી એક પાર્કિંગ ખાસ ધારાસભ્યો માટે છે અને અન્ય પાર્કિંગમાં સચિવાલય સ્ટાફ, અધિકારીઓ, મંત્રીઓ તેમજ મુલાકાતીઓ પોતાના વાહનો પાર્ક કરે છે. આ વાહન પાર્કિંગમાં જે સરકારી વાહનનો હવે ઉપયોગ નથી કરાતો તેને પણ પાર્ક કરી દેવાયા છે.

એક સમયે સચિવાલયના કમ્પાઉન્ડમાં જે વાહનો થકી અવર-જવર રહેતી તે હાલ ધૂળ ખાવા છોડી દેવાયા છે. જેમાં ટોયોટા, સુઝુકી અને મહિન્દ્રા કંપનીની એક સમયની આલીશાન ગાડીઓ છે. એક સમયે સચિવોની શાન ગણાતી કાર હવે ભૂતિયા રંગમાં ઝાંખી થઈ ગઈ છે. જેમાં હવે માત્ર કાટ અને ધૂળ જ દેખાય છે. પરંતુ આવા વાહનો જ્યારે લાંબા સમય સુધી પડી રહે છે, ત્યારે તેને વાહનમાં ધૂળ, કાટ, જામ અને કલર ઉખાડવા જેવી સમસ્યા થાય છે, જેથી વાહનની કિમંત પણ ઘટે છે. બીજી બાજુ વાહન જ્યાં પાર્ક કરી દેવામાં આવે છે તે પાર્કિંગની જગ્યા પણ રોકે છે અને અડચણ ઊભી કરે છે.

# ગૌતમ અદાણીએ ૨૪ કલાકમાં બાજી બદલી ટોપ ૨૦ અમીરોની યાદીમાં થયા સામેલ

## મંગળવારે નેટવર્થમાં ૭.૪૭ અબ જ ડોલરનો ઉછાળો આવ્યો

નવીદિલ્હી,તા.૧૫

મંગળવારે અદાણી ગ્રુપના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. આ વધારાને કારણે ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થમાં ૭.૪૭ અબજ ડોલર એટલે કે લગભગ રૂ. ૬,૪૬,૨૯,૩૧,૯૫,૦૦૦નો વધારો થયો છે. આ સાથે, તે ફરી એકવાર ૭૩.૩ અબજ ડોલરની સંપત્તિ સાથે વિશ્વના ટોચના ૨૦ સૌથી ધનિક લોકોની યાદીમાં સામેલ થઈ ગયા છે. સોમવારે તે આ યાદીમાંથી બહાર થઈ ગયા હતા પરંતુ એક જ દિવસમાં તેણે બધું ફેરવી નાખ્યું. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, મંગળવારે અદાણી વિશ્વમાં સૌથી વધુ કમાણી કરનાર અબજોપતિ હતા. જોકે, આ વર્ષે તેની નેટવર્થમાં ૫.૨૪ બિલિયનનો ઘટાડો થયો છે.

મંગળવારે અદાણી ગ્રુપના શેરમાં ૨૦%નો વધારો થયો હતો, જેમાં સૌથી વધુ વધારો અદાણી પાવરમાં થયો હતો. આ કંપનીના શેરમાં ૧૯.૭૭ ટકાનો ઉછાળો આવ્યો હતો. અદાણી ગ્રીન એનર્જી ૧૩.૨૨ ટકા, અદાણી એનર્જી સોલ્યુશન ૧૨.૦૬ ટકા, અદાણી એન્ટરપ્રાઇઝ ૭.૧૨ ટકા, અદાણી ટોટલ ગેસ ૬.૫૨ ટકા અને એનડીટીવી ૬.૪૯ ટકા વધ્યા છે. અદાણી પોર્ટ્સ, અઈઈ અને અંબુજા સિમેન્ટમાં પણ ૪ ટકાથી વધુનો વધારો થયો છે. સોમવારે, BSE સેન્સેક્સ ૧૦૦૦ થી વધુ પોઈન્ટ્સ ઘટ્યો હતો જ્યારે મંગળવારે તે ૧૬૯ પોઈન્ટ્સ વધ્યો હતો.

# મુંબઈનાં થાણેમાં રિક્ષાએ અનેક વાહનોને ટક્કર મારી, ૩ નાં મોત : ૧૫ ઘાયલ



થાણે : મહારાષ્ટ્રનાં થાણે જિલ્લામાં આજે સવારે હાઈવે પર એક ઓટો રિક્ષા બસ અને કેટલાક અન્ય વાહનો સાથે અથડાતાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં અને ૧૫ લોકો ઘાયલ થયાં હતાં.

પોલીસે જણાવ્યું કે મુંબઈ-આગ્રા હાઈવે પર શાહપુર તાલુકાના ગોથેઘર ગામમાં ખડાવલી પુલ નજીક સવારે ૪:૧૫ વાગ્યે આ અકસ્માત થયો હતો. ઓટો રીક્ષા ચાલકે કાબુ ગુમાવી દીધો હતો.પરિણામે, વાહન રોડ ડિવાઈડર સાથે અથડાયું, લેનમાંથી બહાર નીકળી ગયું અને વિરુદ્ધ દિશામાંથી આવતી એક ખાનગી લક્ઝરી બસ, બે કાર અને એક ટેમ્પો સાથે અથડાયું હતું.

તેમણે કહ્યું કે બસમાં મુસાફરી કરી રહેલાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં અને ઓટો-રિક્ષા ચાલક સહિત અન્ય ૧૫ લોકો ઘાયલ થયાં હતાં. માહિતી મળ્યાં બાદ સ્થાનિક પોલીસ અને ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

ઘાયલોને શાહપુરની ઉપ-હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે અને તેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાનું કહેવાય છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યાં છે.

# કહેતા દુઃખ થાય છે પણ અમારી હાલત કોંગ્રેસ જેવી થઈ છે : શિવસેના યુબીટીના નેતાનો વ્યંગ

## જાધવે પાર્ટીની કામ કરવાની રીત પર સવાલો ઉઠાવ્યા : રાઉત-જાધવના સવાલોથી નારાજ



મુંબઇ, તા. ૧૫

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ શિવસેના યુબીટીની સામે નવો પડકાર ઊભો થઈ રહ્યો છે. નેતા ખુલ્લા મંચથી પાર્ટીના કાર્યોની ટીકા કરી રહ્યાં છે. તાજેતરમાં જ એક વરિષ્ઠ નેતા અને ધારાસભ્યએ શિવસેના યુબીટીની તુલના 'કોંગ્રેસની હાલત'થી કરી દીધી.

ધારાસભ્ય ભાસ્કર જાધવે પાર્ટીના કામ કરવાની રીત પર સવાલ ઉઠાવ્યા. સોમવારે તેમણે રત્નાગિરી જિલ્લામાં ચિપલૂન અને આસપાસના વિસ્તારના પદાધિકારીઓની સાથે બેઠક કરી હતી. તેમણે કહ્યું, 'એ કહેતાં દુઃખ થાય છે, પરંતુ અમારી પાર્ટીની હાલત કોંગ્રેસ જેવી થઈ ગઈ છે. અમારી પાસે કામ ન કરનાર પદાધિકારીઓ અને નેતાઓને હટાવવાની હિંમત નથી. વરિષ્ઠ નેતાઓ અને પદાધિકારીઓના સૂચન સાંભળનાર કોઈ નથી.'

તેમણે એ પણ સૂચન આપ્યું છે કે 'પાર્ટીના પદાધિકારીઓનો નિશ્ચિત કાર્યકાળ હોવો જોઈએ. ખાસ વાત છે કે તે દરમિયાન બેઠકમાં પૂર્વ સાંસદ વિનાયક રાઉત અને ઉદ્ધવ ઠાકરેના નજીકના સંજય કદમ પણ હાજર હતાં. જાધવે કહ્યું, 'આપણે ખોટાં નિર્ણયો પર વિચાર કરવો પડશે અને આગળની પ્રક્રિયા શ્રેષ્ઠ કરવી પડશે.

ભાજપ આજે હિન્દુત્વ શીખવાડી રહી છે પરંતુ બાલાસાહેબ ઠાકરે હતાં જે શક્તિશાળી કોંગ્રેસ વિરૂધ્ધ ઊભા હતાં. પાર્ટીના કાર્યકર્તા સંગઠન માટે મહેનત કરવા ઈચ્છે છે પરંતુ દુર્ભાગ્યથી નેતા તે લોકોનો પક્ષ લે છે જે રૂપિયા આપે છે. પાર્ટી કાર્યકર્તા ત્યારે જ મહેનત કરી શકશે, જ્યારે નેતા ઈમાનદાર થશે. શિવસેના આગ છે અને ક્યારેક આપણે સળગતાં કોલસા પર ચાલવું પડે છે.'

આની પર પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય રાઉતે કહ્યું કે 'જાધવે જે પણ કહ્યું, તેની પર વિચાર કરવામાં આવશે. આવા સમય પર વરિષ્ઠ નેતાઓએ જોવું જોઈએ કે તે શું બોલી રહ્યાં છે.' તે જાધવ તરફથી પાર્ટીના કામ કરવાની રીત પર સવાલ ઉઠાવવાથી નારાજ દેખાયા.



## બાલાજી હનુમાનજીને પતંગોનો દિવ્યશણગાર

બાલાજી હનુમાનજી મંદિર ખાતે મકરસંક્રાંતિના અને મંગળવારના પવિત્ર દિવસે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજને રંગબેરંગી પતંગોનો દિવ્ય , અલૌકિક અને અદભુત શણગાર કરાયો છે.જેના દર્શન કરી ભકતોએ ધન્યતાની અનુભૂતિ કરી છે.

# મેંદરડા પંથકના કર્મકાંડી યુવાનનું બાઈક સ્લીપ થતાં મોત

## જુનાગઢ-મેંદરડા રોડ પર બનેલો બનાવઃ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દમ તોડયોઃ પરિવાર શોકમય

રાજકોટ તા.૧૫

મેંદરડાના ઝીંઝુડા ગામમાં રહેતો ૩૦ વર્ષિય યુવાન કર્મકાંડ અર્થે જતો હોય ત્યારે જુનાગઢ - મેંદરડા રોડ પર યુવાનનું બાઈક સ્લીપ થતાં સારવારમાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર મેંદરડા તાલુકાના ઝીંઝુડા ગામે રહેતા પ્રતિકભાઈ જીતેન્દ્રભાઈ પુરોહિત (ઉ.વ.૩૦) નામના યુવાન ગઈ કાલ સવારના બાઈક લઈ જતા હોય ત્યારે જુનાગઢ થી મેંદરડાની વચ્ચે મામા સાહેબની મંદિર પાસે બાઈક સ્લીપ થઈ જતાં યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા તાકિદે તેઓને જુનાગઢ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યાં હતાં. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કરતા ગમગીની છવાઈ ગઈ હતી. મૃત્યુ પામનાર યુવાન કર્મકાંડનું કામ કરતાં હતાં. કર્મકાંડ અર્થે બહાર ગામ જતા હોય ત્યારે બનાવ બન્યો હતો. બે ભાઈમાં નાનાં હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે મેંદરડા પોલીસને જાણ કરી હતી.

# ગોંડલના આંબરડીમાં પરિણિતાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## બે સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવતા કલ્પાંતઃ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દમ તોડયો

રાજકોટ તા.૧૫

ગોંડલના આંબરડીમાં પરિણિતાએ ઝેરી દવા પી જીવન ટુંકાવી લીધું હતું. બે પુત્માએ તાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ગોંડલના આંબરડી ગામની સીમ વિસ્તારમાં રહેતાં સુનિતાબેન પનાલાલ ઓસમ (ઉ.વ.૩૦) નામની પરિણિતાએ ગત ૧૩/૧ ના રોજ રાત્રિના આઠેક વાગ્યાની આસપાસ વાડીએ ઝેરી દવા પી લીધી હતી. બાદ પરિવારજને તાકિદે ગોંડલ સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃતકનો પરિવાર ગામમાં આવેલ જયંતીભાઈની વાડીએ રહી ખેતમજુરી કરે છે. તેને સંતાનમાં બે પુત્ર છે. તેણીને તેના પતિ સાથે ઝઘડો થતાં આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું. આપઘાતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બીડી સળગાવવા જતાં દાઝી ગયેલ વૃદ્ધનું મોત

રાજકોટ તા.૧૪

ગોંડલના મંગલપાર્કમાં રહેતાં વૃદ્ધ બીડી સળગાવવા જતાં દાઝી જતાં સારવારમાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતક્ના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની વિગત અનુસાર ગોંડલના મંગલપાર્કમાં રહેતાં ચનાભાઈ શિવાભાઈ ડાભી (ઉ.વ.૮૦) નામના વૃદ્ધને બીડી પીવાની ટેવ હોય જેથી વહેલી સવારે બીડી સળગાવતા હતા. દરમિયાન બીડીની ઝાળ અડી જતા દાઝી જતાં તાકિદે તેઓને ગોંડલ સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ હતી.





# ગોંડલ સંપ્રદાયના પૂ. ધીરજમુનિ મ. આદિની નિશ્રામાં વિરાણી બહેરા-મુંગા શાળા સંકુલનો ઉદઘાટન સમારોહ યોજાયો

રાજકોટ તા.૧૫

રાજકોટ ખાતે શ્રી છગનલાલ શામજી વિરાણી બહેરા-મુંગા શાળા સંકુલનો ઉદઘાટન સમારોહ અનુગ્રહ પ્રદાતા પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ડુંગર દરબારમાં દેશ-વિદેશના મહેમાનો તથા મહાસતીજીઓની ઉપસ્થિતિમાં અનેરા ઉમંગથી ઉજવાયેલ.

સમારોહ મધ્યે દાનની અપીલ કરતાં રોલેક્સ રીંગ્સ લિ. જયંતભાઈ કામદાર, વીરચંદ મીઠાલાલ મહેતા, અજયભાઈ શેઠ, મહેશ વાધર, સી.એસ.વિરાણી વગેરે દાતાઓ એ રૂા.૩.૨૫ કરોડના દાનની સરવાણીથી હર્ષનાદ ગુંજી ઉઠયો હતો. જીવદયા કળશનો રૂા.૨૮ લાખમાં ચડાવો થયેલ.

ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, રમેશભાઈ ટીલારા, મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા તેમજ અનેક ક્ષેત્રના અગ્રણીઓની હાજરીથી સમીયાણો શોભાયમાન બન્યો હતો.

દિવ્યાંગ મૂક-બધીર બાળકોએ નૃત્ય, પીરામીડ અને પોતાની રજુઆતથી શ્રોતાઓને પ્રસન્ન કર્યા હતા.

અમેરિકામાં પોડકાસ્ટ કરનાર નીતિન બજાજ, અમુભાઈ ભારદીયા, શશીકાંત બદાણી, અજય શેઠ વગેરેએ દિવ્યાંગોની મહત્તા અને રજનીભાઈ બાવીસીએ સ્વાગત પ્રવચન કરેલ. શૈલેષ વિરાણી, પ્રશાંત વોરા વગેરે તથા સ્ટાફે ખૂબજ સુંદર કાર્યવાહી કરેલ.

પૂ. ગુરુદેવે જણાવેલ કે- તંદુરસ્તીમાં દાન સોના જેવું, માંદગીમાં ચાંદી જેવું, મૃત્યુ પછી સીસા જેવું છે, માટે હાથે તે સાથે કરવું વધુમાં કહેલ કે- દિવ્યાંગોની દીનતા પર તરસ ખાવાની જરૂર નથી પણ તેઓની દિવ્યતાને જોવાની છે. પેટ બગડે તેવું ખાશો નહિ, મન બગડે તેવું વિચારશો નહિ. જીવન બગડે તેવું આચરશો નહિ. મૃત્યુ બગડે તેવું પાપ કરશો નહિ.